ફેબ્રુઆરી, ૨૦૨૦/પૃષ્ઠ ૫૨/કિંમત ₹ ૧૦

# લોકરાજ્ય




# मराठी

બોલું મરાઠી, સાંભળું મરાઠી, જાણું મરાઠી, માનું મરાઠી

# મરાઠી ભાષા

## ગૌરવ દિન



**શ્રી વિ.વા. શિરવાડકર ઉર્ફે કુસુમાગ્રજે મહારાષ્ટ્રને સાહિત્ય, સંસ્કૃતિ ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. વિ.સ. ખાંડેકર પછી મરાઠી સાહિત્યને 'જ્ઞાનપીઠ' પુરસ્કાર મેળવી આપનારા એ બીજા મૂર્ધન્ય સાહિત્યકાર. એમની સ્મૃતિના અભિવાદન તરીકે ૨૭ ફેબ્રુઆરી એમના જન્મદિને 'મરાઠી ભાષાના ગૌરવ દિન' તરીકે સરકાર દ્વારા ઊજવવામાં આવે છે.**


## વિશ્વાસ જોઈએ માતૃભાષાની ક્ષમતા પર

**ભાષા** બંદીખાનામાં ઊછરતી નથી. આજે પણ જે મરાઠી પ્રચલિત છે એ પણ અનેક ભાષાના શબ્દોનું અને વ્યવહારિક સંજ્ઞાનું નજરાણું લઈને જ સંપન્ન થઈ છે. કોઈ પણ જાગૃત સમાજની ભાષા નીચલા સ્તરની હોતી નથી, પરંતુ સમયાંતરે નિર્માણ થનારાં નવાં જ્ઞાનોનું, વિચારોનું, અનુભવોના ઝરણાને આત્મસાત કરીને નદીની જેમ વહે છે. અન્ય ઉચ્ચ ભાષાઓ સાથે સંપર્ક રાખીને એ પ્રગતિ કરી શકે છે. શુદ્ધતાના કર્મકાંડમાં જકડાયેલી અને એથી જ પ્રગતિને ન સ્વીકારનારી ભાષાઓ કેવી રીતે મૃતપ્રાય બની છે એનો ઈતિહાસ ગવાહ છે. આ ભાન મરાઠીએ એના પંદર શતકના પ્રવાસમાં જાળવી રાખ્યું છે અને એટલે જ નવા યુગના પડકારો ઝીલવા માટે એ સમર્થ છે અને અમે એનાં માત્ર નબળાં બાળકો છીએ એટલે અમારી શત્રુતા કોઈ પણ ભાષા સાથે નથી અને અમારી માસિયાઈ ભાષા અંગ્રેજી તો નથી જ. આ માસિયાઈ ભાષાએ હવે અમારી માના ઘરનો કબજો ફરીથી અમારી માને આપે એટલી જ અમારી માગણી છે એટલે જ આપણી સમક્ષ પ્રશ્ન છે એ અંગ્રેજીના બહિષ્કારનો નહીં, પણ મરાઠીના સંરક્ષણ અને સંવર્ધનનો.

ભાષા એટલે શબ્દોનું સંકલન નહીં. સમાજના વૈચારિક અને જ્ઞાનાત્મક વાતોને સંચિત કાળથી આગળ લઈ જનારી અને પરિણામે સમાજના બદલાતા જીવનને અખંડિતતા, આકાર અને આશય આપનારી ભાષા એક મહાશક્તિ હોય છે. એક માળામાં પરોવાયેલા મણકા પ્રમાણે સમાજ જીવનની બધી ધારણા અને વિકાસની પ્રેરણા આ માળામાં પરોવાયેલી હોય છે. એટલે જ મરાઠી પરનું સંકટ એ એના શબ્દકોશ પર કે સાહિત્ય પર સંકટ નથી. એ મહારાષ્ટ્રની અસ્મિતા પર, મરાઠીપણા પર અને અહીંના લોકોના ભવિષ્ય પરનું પણ સંકટ છે. સમાજની પ્રગતિ અને ક્રાંતિનું રોપણ સ્વભાષાના કિનારે જ થઈ શકે છે એવું ક્રાંતિકારીઓના પ્રણેતાઓએ કહ્યું છે. સંસ્કૃત ભાષા દેવભાષા પામી! પ્રાકૃત ભાષા ચોરીથી થઈ? એવો સંતાપભર્યો પ્રશ્ન સંત એકનાથે પૂછ્યો હતો. આજે એ જ પ્રશ્ન અંગ્રેજી વિશે પૂછી શકાય. સંસ્કૃતની ગેરવાજબી પ્રશંસા કરનારા ત્યારના પંડિતોના વર્ગની જગ્યા અંગ્રેજીમાં પારંગત હોય એવા ચાર-પાંચ ટકા લોકોએ લીધી છે. આ પાંચ ટકાવાળાઓને લીધે આઠ કરોડ લોકોનું ભાવિ જોખમમાં મૂકવું શું, એ પ્રશ્નનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

અનેક પ્રસિદ્ધ શાસ્ત્ર-તજ્જ્ઞનો અને ડૉક્ટરોએ જરૂર ત્યાં અંગ્રેજી પરિભાષિક સંજ્ઞાનો સ્વીકાર કરીને, દરેક વિષય, દરેક સ્તરે માતૃભાષામાં શીખવવું ફાયદાકારક હોય છે એવું વારંવાર કહેવામાં આવે છે. એટલે જ સ્વભાષા રક્ષણનો પ્રશ્ન મંત્રાલયના અથવા એકાદ સરકારી વિભાગનો નથી, એ દરેક સમાજનો છે. એને ધ્યાનમાં રાખીને સરકાર દરેકનો સહકાર લેશે તો આ સંકટને દૂર કરવું અઘરું છે એવું મને લાગતું નથી. વિશ્વની દરેક પ્રગલ્ભ ભાષાએ જે હાંસલ કર્યું એ મરાઠી પણ હાંસલ કરી શકે છે. ફક્ત આપણો વિશ્વાસ હોવો જોઈએ, અમૃત સાથે પણ શરત જીતનારી આપણી માયભાષાની ક્ષમતા પર.

**(૧૨,૧૩ ઓગસ્ટ, ૧૯૮૯ના રોજ મુંબઈ ખાતે યોજાયેલી વિશ્વ મરાઠી પરિષદમાં કવિ કુસુમાગ્રજ ઉર્ફે શ્રી વિ.વા. શિરવાડકરના અધ્યક્ષીય ભાષણમાંથી.)**




# અનુક્રમ

## અભિજાત મરાઠી આ લો, પુરાવા ૬

મહાન સંશોધકો શ્રી વ્યં. કેતકર, રાજારામશાસ્ત્રી ભાગવત, વિ.કા. રાજવાડે, ઈરાવતી કર્વે, કૃ.પાં. કુલકર્ણી, દત્તો વામન પોતદાર, વિ.લ. ભાવે, રા.ભિ. જોશી, વગેરેના સંશોધનના આધારે મહારાષ્ટ્રી (મરાઠી) ભાષા કમ સે કમ અઢી હજાર વર્ષ જૂની હોવાનું સિદ્ધ થયું છે. મહારાષ્ટ્રી, મહાઠી ભાષાનો અઢી હજાર વર્ષનો પ્રવાસ અભિજાત ભાષા હોવાનું નિર્વિવાદપણે સિદ્ધ થાય છે.

## મારું મહારાષ્ટ્ર, તમારો ઉદ્યોગ, સર્વની સમૃદ્ધિ ૧૮

રાજ્યના વિકાસમાં રોજગાર નિર્માણ પર સૌથી વધુ ભાર મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ મૂક્યો છે. રાજ્યને વિકાસના માર્ગે લઈ જવું હશે તો બધાં જ ક્ષેત્રનો વિકાસ કરવો જરૂરી છે અને એ માટે રાજ્યના તમામ વર્ગને સાથે રાખવાનું સૂત્ર મુખ્ય પ્રધાને સ્વીકાર્યું છે. ખેતી, ઉદ્યોગ અને શિક્ષણ જેવાં ક્ષેત્રનો વિકાસ એકમેકના સાથથી થઈ શકે છે એના પર એમનો ભાર છે.



## સ્વચ્છ પર્યાવરણ, સમૃદ્ધ પર્યટન ૨૪



યુવકોની વિવિધ સંકલ્પના, નવકલ્પના, દેશ-વિદેશની મુલાકાત દરમિયાન કરેલું નિરીક્ષણનો પ્રધાનશ્રી આદિત્ય ઠાકરેના કામકાજમાં પ્રભાવ દેખાય છે.

## નાનો દેશ, મોટી છલાંગ ૪૪

આફ્રિકા અને એશિયા એ બે ખંડ વચ્ચે એકદમ મોકાના સ્થાને ઈઝરાયલ દેશ વસેલો છે. આના લીધે નૈસર્ગિક સૌંદર્ય, વિવિધ સંસ્કૃતિનું સંગમ અને અફલાતૂન હવામાન ઈઝરાયલને મળ્યું છે. ઈઝરાયલમાં અનેક પર્યટનસ્થળ છે. આને લીધે દેશ-વિદેશના પર્યટકોનું ઈઝરાયલ હંમેશાં માનીતું સ્થળ રહ્યું છે.





| | | | |
|---|---|---|---|
| **અભિજાત મરાઠી, આ લો પુરાવો** | ૬ | **શૂરવીરનું ગૌરવ** | ૨૮ |
| **મરાઠી હૃદયની અને મનની** | ૧૧ | **અમે કરીશું જ...** | ૩૨ |
| **મરાઠીનું સંવર્ધન, મરાઠીનું શ્રેષ્ઠત્વ** | ૧૪ | **એક નજર** | ૩૩ |
| **મરાઠીના સંવર્ધન માટે નવા ઉપક્રમ** | ૧૭ | **પ્રધાનમંડળમાં નક્કી થયું...** | ૩૭ |
| **મારું મહારાષ્ટ્ર, તમારો ઉદ્યોગ, સર્વની સમૃદ્ધિ** | ૧૮ | **પાણીની અછત પૂરી** | ૪૨ |
| **તમારી ખુરસી, તમારું માન...** | ૨૦ | **નાનો દેશ, મોટી છલાંગ** | ૪૪ |
| **શૌર્ય પુરસ્કાર** | ૨૩ | **ગઢનો રાજાઃ રાજગઢ** | ૪૭ |
| **સ્વચ્છ પર્યાવરણ, સમૃદ્ધ પર્યટન** | ૨૪ | **પ્રધાનમંડળ** | ૪૯ |

વર્ષ-૩ | અંક-૭ | ફેબ્રુઆરી, ૨૦૨૦

**માહિતી અને જનસંપર્ક**
**મહાસંચાલનાલય મહારાષ્ટ્ર સરકાર**

**લોકરાજ્ય**

**સંપાદન**

- **મુખ્ય સંપાદક** ડૉ. દિલીપ પાંઢરપટ્ટે
- **સંપાદક મંડળ** અજય અંબેકર, સુરેશ વાંદિલે
- **સંપાદક** અનિલ આલૂરકર
- **ઉપ સંપાદક** પ્રવીણ કુલકર્ણી, ગજાનન પાટીલ, રાજારામ દેવકર

**વિતરણ અને ડિઝાઈન**

- **વિતરણ** મંગેશ વરકડ, અશ્વિની પૂજારી
- **સહાય** ભારતી વાઘ
- **મુખપૃષ્ઠ** સીમા રનાળકર, સુશીમ કાંબળે
- **મુદ્રક** વૃષાલી પ્રિન્ટર્સ, જ્યોતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નૂરીબાબા દરગાહ રોડ, થાણે (પ.) 400601

**ગુલ બુટે ટીમ**

સંપાદક ફારુક સય્યદ
સહાયક સંપાદક રમેશ કુમાર મિશ્ર

**સરનામું**

માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય,
ન્યુ ઍડ્મિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગ, ૧૭મા માળે, મંત્રાલયની
સામે, હુતાત્મા રાજગુરુ ચોક, મુંબઈ - ૪૦૦૦૩૨.
email:lokrajya.dgipr@maharashtra.gov.in

**લવાજમ અને ફરિયાદ**

લવાજમદાર અને ફરિયાદ નિવારણ: ૯૩૭૨૨૩૦૩૨૦
(સવારે ૧૦.૩૦થી ૫.૩૦ ઑફિસ ટાઈમ દરમિયાન)

www.twitter.com/MahaDGIPR
www.facebook.com/dgipr
Youtube/MaharashtraDGIPR
Visit us on ww.mahanews.gov.in
Blog/maharashtradgpr

Please visit the website
http://dgipr.maharashtra.gov.in
Directorate General of Information and
Public Relations A Government of
Maharashtra Production.

આ અંકમાં વ્યક્ત કરવામાં આવેલા મત સાથે સરકાર સહમત હોય એવું નથી.



# माझ्या मराठी मातीचा...

माझ्या मराठी मातीचा,
लावा ललाटास टिळा,
हिच्या संगाने जागल्या,
दऱ्याखोऱ्यांतील शिळा.

हिच्या कुशीत जन्मले,
काळे कणखर हात,
ज्यांच्या दुर्दम धीराने,
केली मृत्यूवरी मात.

नाही पसरला कर,
कधी मागायास दान,
स्वर्णसिंहासनापुढे,
कधी लवली ना मान.



हिच्या गगनात घुमे,
आद्य स्वातंत्र्याची द्वाही,
हिच्या पुत्रांच्या बाहूत,
आहे समतेची ग्वाही.

माझ्या मराठी मातीचा,
लावा ललाटास टिळा
हिच्या संगे जागतील,
मायदेशातील शिळा

– કુસુમાગ્રજ

# અમૃતથી પણ મધૂર મારી મરાઠી



**સુભાષ દેસાઈ**
ઉદ્યોગ, ખનિજ કામ,
મરાઠી ભાષા પ્રધાન

**આમુચ્યા મનામનાત દંગતે મરાઠી**
**આમુચ્યા રગારગાત રંગતે મરાઠી**
**આમુચ્યા ઉરાઉરાત સ્પંદતે મરાઠી**
**આમુચ્યા નસાનસાત નાચતે મરાઠી ।**

કવિવર્ય સુરેશ ભટના કાવ્યની આ પંક્તિઓ આપણી મરાઠી ભાષાની મહત્તા અર્થયુક્ત વ્યક્ત કરે છે. મરાઠી આપણો શ્વાસ છે અને આપણું અભિમાન છે. તમને-અમને મરાઠી બોલતાં આવડે છે, સંભાળતાં આવડે છે એ આપણું મોટું સદ્નસીબ છે. જ્ઞાનેશ્વરે મરાઠીને અમૃતની ઉપમા આપી છે. અમૃત જેવી અથવા એના કરતાં પણ મધુર હોય એવી તમારી મારી મરાઠી, હી તારાં મધ્યે બારા રાશી । સપ્તવારાં મધ્યે રવિશશિ । યા દીપિંચેયા ભાષાંમધ્યે તૈસી । બોલી મરાઠીયા ॥ એવી શ્રેષ્ઠ છે. આ શ્રેષ્ઠત્વ ફાધર સ્ટિફન્સે ઉપરની પંક્તિઓમાં સરસ રીતે અધોરેખિત કર્યું છે.



મરાઠી ભાષાનો શ્રીમંત ઈતિહાસ બે હજાર વર્ષથી પણ જૂનો છે. એની વિવિધ સાબિતી પણ મળી છે. આ સાબિતીઓ આપણી મરાઠી ભાષાને અભિજાત (ક્લાસિકલ) ભાષાના પરિઘમાં મૂકવા માટે સજ્જ છે. મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો મળે એ માટેના અમારા પ્રયત્નો ઝડપથી ફળશે એની મને ખાતરી અને વિશ્વાસ પણ છે. દમદાર રીતે રાયગઢ પર ફરફરતો અને દિલ્હીના રાજસિંહાસનને ધ્રુજાવી નાખનારી મરાઠી ભાષાનું તેજ અને સત્ત્વ છત્રપતિ શિવાજી મહારાજની ભવાની તલવાર જેવું તેજોમય છે. એથી અમારી સરકાર આવતાં જ સૌથી પહેલાં મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેએ દેશના વડા પ્રધાનને વિશેષ પત્ર લખી 'મરાઠી ભાષાને અભિજાતતાનો મુગટ પહેરાવવામાં વિલંબ કરશો નહીં' એવી અપીલ અને વિનંતી કરી છે.

અમારા રોમેરોમમાં મરાઠીનાં સ્પંદનો થતાં હોવાથી મરાઠીની વૈભવવૃદ્ધિને અમે સર્વોચ્ચ પ્રધાનતા આપવાના છીએ. હવે આગળ મંત્રાલયની દરેક ફાઈલ પરની નોંધ મરાઠીમાં જ લખવામાં આવે એ માટે અમે આદેશ આપ્યો છે. આવી નોંધ મરાઠીમાં નહીં લખાઈ હોય એ ફાઈલો પરત મોકલી દેવામાં આવશે. કોઈ પણ પ્રકારે થનારું મરાઠીનું શોષણ અમે સહન કરીશું નહીં.

મરાઠી ભાષાના વિકાસ માટે મરાઠી ભાષા વિભાગને વધુ મજબૂત બનાવવાનો નિશ્ચય કર્યો છે. એ માટે મરાઠીના જ્યેષ્ઠ શ્રેષ્ઠ સાહિત્યકારો, અભ્યાસુઓની અમે સહાયતા લેવાના છીએ. હાલમાં જ અમે જ્યેષ્ઠ સાહિત્યકાર 'પદ્મશ્રી' મધુ મંગેશ કર્ણિક અને અન્ય માન્યવરોને ખાસ ચર્ચા માટે બોલાવેલા. મરાઠી પ્રવાહ વધુ ચૈતન્યશાળી બને એ માટે મરાઠીમાં શ્રદ્ધા રાખનારા તમામનાં મૌલિક સૂચનોનો અમે વિચાર કરીશું. મરાઠીને વધુ તેજોમય બનાવવા સર્વસમાવેશક તખતો તૈયાર કરીશું.

મરાઠી વિભાગ હેઠળ કાર્યરત ભાષા સંચાલનાલય, સાહિત્ય અને સંસ્કૃતિ મંડળ, રાજ્ય મરાઠી વિકાસ સંસ્થા અને વિશ્વકોશ મંડળ દ્વારા આગામી વિવિધ નવીનતાપૂર્ણ ઉપક્રમો અમલમાં મૂકવામાં આવશે. સાહિત્ય નિર્માણ, ભાષા સંશોધન અને મરાઠી ભાષાનું આધુનિક તંત્ર કૌશલ્ય અને જ્ઞાન સાથે સમન્વય કરવાનો અમારો પ્રયત્ન રહેશે. પુસ્તકોના ગામથી નાટ્યવિષ્કાર સુધી મરાઠી ભાષાના પ્રોત્સાહન માટે શરૂ થયેલા ઉપક્રમોની ગતિ વધારી તમામ રાષ્ટ્રબંધુઓ એમાં સહભાગી થાય એ માટે સમન્વય સાધશું. મરાઠી ભાષા ભવનનો પ્રકલ્પ જુદાં જુદાં કારણસર પ્રલંબિત છે. હવે એ પ્રકલ્પને અમે ગતિ આપીશું. નજીકના સમયમાં ભવ્ય એવું ભાષા ભવન મુંબઈમાં દમદાર રીતે ઊભું રહેશે એવી હું ખાતરી આપું છું. અમારી નસેનસમાં નૃત્ય કરતી મરાઠીની ભવ્યતા એની વિવિધ બોલીઓમાં છે. આ બોલીઓને મુખ્ય પ્રવાહમાં લાવી મરાઠીનો વ્યાપ આકાશથી વધુ વિશાળ કરવાનું અમે નક્કી કર્યું છે. મરાઠી માત્ર સાહિત્ય પૂરતી જ મર્યાદિત ન રહેતાં એ જ્ઞાનની ભાષા થવી, આધુનિક તંત્રની ભાષા, કૌશલ્ય વિકાસની ભાષા બનવી એ માટે અમે વિશેષ પ્રયત્ન કરવાના છીએ. દસમા ધોરણ સુધી તમામ શાળાઓમાં મરાઠી ફરજિયાત કરવાની અમારી યોજના છે.

મહારાષ્ટ્રમાં રહેતા દરેકને મરાઠી આવડવી જોઈએ. એમણે મરાઠીમાં જ વ્યવહાર કરવા જોઈએ. મરાઠીનું હૃદય વિશાળ છે. એ કોઈ પણ ભાષાનો તિરસ્કાર કરતી નથી. આપણી શુદ્ધતા અને પવિત્રતા રાખી મરાઠીએ અન્ય ભાષાના અનેક શબ્દોને પોતાની માયાના વાત્સલ્યમાં સમાવી લીધા છે. સર્વ સમાવેશકતા એ મરાઠીની વિશેષતા છે. આ બાબત અન્ય ભાષિકોએ ધ્યાનમાં લઈ મરાઠીને પોતાની કરી લેવી જોઈએ. અમારી મરાઠી આનંદદાયી, મોહક છે. કવિવર્ય ગુરુ ઠાકુરના માટે આપણી મરાઠી

**અલવાર કધી, તલવાર કધી**
**પૈઠણ સુબક નઊવાર કધી**
**કધી કસ્તુરીચા દરવળ દૈવી**
**તી સપ્ત સુરાંવર સ્વાર કધી,**

જેવી છે. એની પ્રતિષ્ઠા વધારવા માટે એનું સન્માન કરવાની જવાબદારી મહારાષ્ટ્રમાં દરેકની છે. આવનારા સમયગાળામાં આ જવાબદારી આપણે બધા ભેગા થઈને નિભાવીએ અને મરાઠી ધ્વજને વધુ ઊંચાઈએ લઈ જઈએ.

'મરાઠી ભાષા ગૌરવ દિવસ' નિમિત્તે મહારાષ્ટ્રના તમામ નાગરિકોને અમારી શુભેચ્છા અને જ્યેષ્ઠ કવિ શ્રેષ્ઠ કુસુમાગ્રજના જન્મદિવસે આ દિવસ ઊજવવામાં આવે છે એમને વિનમ્ર અભિવાદન. આ દિવસ નિમિત્તે આ અંકમાં અમે મરાઠી ભાષા માટે કેટલાક લેખ પ્રકાશિત કર્યા છે. એ તમને ગમશે એવી આશા છે.

શુભેચ્છા...

**સુભાષ દેસાઈ**
(અતિથિ સંપાદક)

**મહાન સંશોધક શ્રી વ્યં. કેતકર, રાજારામ શાસ્ત્રી ભાગવત, વિ.કા. રાજવાડે, ઈરાવતી કર્વે, કૃ.પાં. કુલકર્ણી, દત્તો વામન પોતદાર, વિ.લ. ભાવે, રા.ભિ. જોશી વગેરેના સંશોધનના આધારે મહારાષ્ટ્રી (મરાઠી) ભાષા ઓછામાં ઓછી અઢી હજાર વર્ષ જૂની હોવાનું સ્પષ્ટરીતે પુરવાર થયું છે. મહારાષ્ટ્રી, મર્હાઠી ભાષાનો અઢી હજાર વર્ષ જૂના પ્રવાસ આધાર સહિત પ્રગટ્યો એટલે મરાઠી ભાષા અભિજાત (ક્લાસિકલ) ભાષા હોવાનું નિર્વિવાદ સાબિત થાય છે.**

# અભિજાત મરાઠી, આ લો પુરાવા...




**હરી નરકે**

**મરાઠી** ભાષા સલાહકાર સમિતિની પ્રથમ બેઠકમાં તત્કાલીન મુખ્ય પ્રધાને મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો (ક્લાસિકલ) મેળવી આપવાનો પ્રયત્ન પ્રશાસન કરશે એવી જાહેરાત કરી. એ બાબતની ચર્ચામાં આ સંબંધિત આગામી માપદંડને ધ્યાન ખેંચ્યું.

(High antiquity of its early texts/recorded history over a period of 1500-2000 years, - body of ancient literature/texts, which is considered a valuable heritage by generation of speakers. The literary tradition be original and not borrowed from another speech community. The classical language and literature being distinct from modern, there may be a discontinuity between the classical language and its later forms of its offshoots.) મરાઠી દુનિયાની ૧૦મા ક્રમાંકની ભાષા હોય તો પણ એનો જન્મ ૨૦૦૦ વર્ષ પહેલાંનો નહીં હોવાથી મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો મળી શકે નહીં આ મુદ્દો આગળ આવ્યો.

મરાઠી ભાષાનો જન્મ બરાબર ક્યારે થયો એ બાબત કૃષ્ણાજી પાંડુરંગ કુલકર્ણી, સંચાલક 'મરાઠી સંશોધન મંદિર'નો 'મરાઠી ભાષા ઉદ્‌ગમ વ વિકાસ' આ ૧૯૩૩માં પ્રકાશિત થયેલો ગ્રંથ અતિમૂલ્યવાન ગણાય છે. એમાં એ કહે છે કે તમામ પ્રકૃત ભાષાઓ, અપભ્રંશ અને સંસ્કૃત ભાષાઓએ પોતાની રીતે મરાઠીને જન્મ આપવામાં આધાર આપ્યો એ દેખાય છે. અલગ અલગ પ્રાકૃત ભાષાઓ બોલનારા જુદા જુદા સમાજ વિવિધ સમયે આર્યવર્તમાંથી અનેક

કારણસર મહારાષ્ટ્રમાં ઊતરી આવ્યા અને અહીં સ્થાયી થયા. એમની મિશ્રિત બોલીથી જ મરાઠી ભાષા બની. મહારાષ્ટ્ર દેશ જે પ્રમાણે ગોપરાષ્ટ્ર, મલ્લરાષ્ટ્ર, અશ્મક, કુંતલ, વિદર્ભ, કોંકણ, વગેરે નાના નાના દેશ વિશેષથી બન્યો અને મહારાષ્ટ્રની લોકવસતિ જે રીતે વિવિધ લોકવર્ગ મળીને થઈ, એ રીતે મરાઠી ભાષા જુદી જુદી પ્રાકૃત ભાષાઓના વિશેષ કરીને માહારાષ્ટ્રી અને અપભ્રંશના મિશ્રણથી બની. મહારાષ્ટ્ર દેશ, મરાઠા સમાજ અને મરાઠી ભાષાની સંગઠન ઉપરોક્ત રીતે ક્રિશ્ચિયનોત્તર ૬૦૦-૭૦૦ના સમયે થઈ (પાનું-૧૬૮).

## બૃહદ કથા


કૃ.પાં. કુલકર્ણીએ પોતાના ૪૯૬ પાનાંના આ ગ્રંથમાં આ વિષયનો લક્ષ્યવેધ લીધો છે. વિષયની દરેક એક બાજુઓ રજૂ કરવા માટે એમણે આ બાબત વિશેષજ્ઞોના ૩૨ મૌલિક સંદર્ભ ગ્રંથનો વપરાશ કર્યો છે. કુલકર્ણીના મતે મરાઠી ભાષાની આયુ ૧૩૦૦-૧૪૦૦ વર્ષની ઠરે છે. જો એવું હોય તો પછી મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો મળી શકે નહીં. આ વિશે (૧) ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકર લિખિત 'પ્રાચીન મહારાષ્ટ્ર ખંડ-૧ અને ૨', (૨) હાલના શાતવાહનની 'ગાથા સપ્તશતી' સંપાદક સ.આ. જોગળેકર, (૩) ગુણાઢ્યની 'બૃહત્કથા' અને રાજારામ શાસ્ત્રી ભાગવત, દુર્ગા ભાગવત, ઈરાવતી કર્વે, વિ.કા. રાજવાડે, વિ.લ. ભાવે, રા.ભી. જોશી આદિના ગ્રંથો ચકાસતાં શું ચિત્ર સામે આવે છે એની શોધ લેવાનો પ્રયત્ન કરીએ.

'કથા સરિત્સાગર' આ મહાગ્રંથનું મરાઠી ભાષાંતર શ્રી હ.અ. ભાવેએ કર્યું હોવાથી એમાં પાંચ ખંડને ખ્યાતનામ વિદુષી દુર્ગા ભાગવતની પાંચ પ્રદીર્ઘ અને વિવેચક પ્રસ્તાવનાઓ છે. એ પ્રસ્તાવનાઓમાં કહે છે કે ગુણાઢ્યની 'બૃહત્કથા'ની તુલના રામાયણ અને મહાભારત સાથે થાય છે. પ્રાચીન ભારતના સાહિત્યની એક વિશેષતા એ છે કે ઘણા ગ્રંથો લુપ્ત થઈ ગયા છે અને અસંખ્ય ગ્રંથ માત્ર ખંડાવસ્થામાં જોવા મળે છે. આવા લુપ્ત ગ્રંથોમાં ગુણાઢ્યની 'બૃહત્કથા'નો સમાવેશ છે. 'બૃહત્કથા'નો પ્રત્યક્ષ અને પરોક્ષ સંબંધ હોય એવા ગ્રંથો સંસ્કૃતમાં અને પ્રાકૃતમાં છે. આ ગ્રંથો શૈવ અને વૈષ્ણવ વિચારોમાંથી પ્રગટ્યા છે અને જૈન વિચારોના ગ્રંથ પણ ઉપલબ્ધ છે. ત્યારે વિભિન્ન પરંપરા મંજૂર હોય એવો 'બૃહત્કથા' એ એક પ્રાચીન લોકપ્રિય ગ્રંથ હતો એમાં કોઈ શંકા નથી.

'બૃહત્કથા' સાથે પ્રત્યક્ષ સંબંધ હોય એવા બે ગ્રંથ છે. એ બન્ને કશ્મીરના હોઈ અગિયારમાં શતકમાં ઉપલબ્ધ થયા છે. બન્નેની ભાષા સંસ્કૃત અને વિચાર શૈવ છે. પ્રથમ વૈશ્વિક ખ્યાતિ મેળવેલો ગ્રંથ એ સોમદેવનો 'કથા સરિત્સાગર' અને બીજો ક્ષેમેંદ્રનો 'બૃહત્કથા મંજરી'. આ બન્ને ગ્રંથો શ્લોકબદ્ધ હોઈ, એ અનુષ્ટુપ છંદમાં છે. 'કથા સરિત્સાગર'નું ભાષાંતર યુરોપિયન ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે, પરંતુ 'બૃહત્કથા મંજરી'નું અંગ્રેજીમાં એક જ અને એ પણ કેટલાક ભાગોનું જ ભાષાંતર થયેલું છે. અગિયારમા શતકમાં સોમદેવ શર્મા આ કાશ્મીરના રાજા અનંતના આશ્રયી કવિ પંડિતે અનંત રાજાની રાણી સૂર્યવતી માટે પૈશાચી ભાષામાં તે સમયે ઉપલબ્ધ એવી બૃહત્કથા પરથી સંસ્કૃતમાં 'કથા સરિત્સાગર'ની રચના કરી. એમણે આ ગ્રંથ ગુણાઢ્યની 'બૃહત્કથા' પરથી રચ્યો છે એ વાત સોમદેવે ગ્રંથની શરૂઆતમાં જ કહી. ગુણાઢ્યનું ચરિત્ર પણ કહ્યું છે એમ દુર્ગા ભાગવત કહે છે.

## પ્રાચીન મહારાષ્ટ્ર

શ્રી ડૉ. વ્યં. કેતકર આ ગ્રંથ બાબત પોતાના 'પ્રાચીન મહારાષ્ટ્ર' ગ્રંથમાં કહે છે કે પૈશાચીમાંના પ્રમુખ વિશ્રુત ગ્રંથ કહીએ એટલે 'બૃહત્કથા' જ હોય. એ કુરુ યુદ્ધોત્તર ઈતિહાસના સંરક્ષક છે. એથી પ્રસ્તુત ગ્રંથમાં 'બૃહત્કથા'થી ઈતિહાસ નિષ્કર્ષણનો વ્યવસ્થિત પ્રયત્ન કરેલો દેખાશે. ઐતિહાસિક કથાસૂત્રના શોધ સંબંધિત અનેક સવાલો અર્થઘટન માટે લેવામાં આવ્યા છે. એમાંથી એક પ્રશ્ન કહીએ તો 'બૃહત્કથા'ના કાળસંબંધનો હોય... 'બૃહત્કથા' અખિલ ભારતીય કથાઓનો સંગ્રહ હોવાથી અને એમાં પ્રતિષ્ઠાનકથા અને દક્ષિણાપથકથા, કુંડીનપુર કથા આવતી હોવાથી મહારાષ્ટ્રના ઈતિહાસમાં એના સંગ્રહનો ઉપયોગ કરવો જરૂરી બન્યો. આ સંગ્રહ



**શ્રવણબેળગોળ ખાતે ગોમટેશ્વરની મૂર્તિના તળિયે મરાઠીમાં લખાયેલો શિલાલેખ. 'શ્રી ચામુંડારાયે કરવિયલે ગંગારાયે સુત્તાલે કરવિયેલે' એ પ્રાચીન ભારતનો સૌથી જૂનો શિલાલેખ ગણવામાં આવે છે.**

તૈયાર કરવામાં વરરુંચીનો હાથ હોવાથી અને વરરુંચી મહારાષ્ટ્રના આદ્ય વ્યાકરણી હોવાથી વરરુંચી વિશે વધુ વિધાનો જરૂરી બન્યાં... વરરુંચીની માહારાષ્ટ્રી બુદ્ધપૂર્વેની છે અને વરરુંચીનું વ્યાકરણ પાલી અથવા અર્ધમાગધી ભાષાઓના ઉદય પહેલાંનું છે એવો અમારો મત છે અને પૈશાચી ભાષાનું પ્રભુત્વ જે સમયમાં હતું એ સમય વરરુંચીના વ્યાકરણથી દિગ્દર્શિત થાય છે.

વરરુંચીના સમય પહેલાં કેટલીક પેઢી પૈશાચી વાંગ્મય ભાષા હતી... તે સમયમાં માહારાષ્ટ્રી ભાષા તેજસ્વી બની ગઈ હતી અને પ્રાકૃત ભાષાઓમાં એ જ મુખ્ય હતી એ સ્પષ્ટ છે. આ તેજસ્વી સમય અર્થાત્ જ વરરુંચી પૂર્વે બસ્સો-ત્રણસો વર્ષ જેટલો તો હતો જ એમ કહેવામાં કોઈ વાંધો નથી... એ પરથી 'પ્રાકૃત પ્રકાશા'ની ઉત્પત્તિના સમયે ચારેય પ્રાકૃત ભાષાઓનું વ્યાકરણ હોવું અને 'મહારાષ્ટ્ર' શબ્દ અસ્તિત્વમાં હોવો એ સંભવિત છે. એ સહિત મહારાષ્ટ્રના ઈતિહાસનો એક મોટો સમયગાળો કહીએ તો વરરુંચીનો અને પાણિનીનો સમય. આ વરરુંચીનું અસ્તિત્વ પાણિનીના સમયથી દૂરનું ના હોવું જોઈએ અને વરરુંચી અને પાણિની એ બન્ને નજીકના સમકાલીન હોવાથી એ બન્ને એક જ ગુરુના શિષ્યો હતા એ કલ્પના ઉદ્ભવી અને વિદ્વાન વર્ગની દંતકથા સંગ્રહમાં પ્રવેશી એ પાછળની વાર્તામાં જોડાઈ ગઈ હશે. કથાપીઠ લંબક (દંતકથા પાછળની વાર્તા) રચનાનો કાળ મૌર્ય રાજ્યારંભનો હોવો જોઈએ, એવો અમારો મત છે (પૃષ્ઠ-૧૧,૧૨).

એ આગળ કહે છે કે 'મહારાષ્ટ્ર' શબ્દ અને ભાષા વરરુંચીના સમયની હતી અને વરરુંચીના સમયમાં આ ભાષા સંવર્ધન પામી અને વરરુંચીનો સમય ખ્રિસ્તપૂર્વ ૮૦૦થી ૬૦૦ સુધી ક્યારેકનો સમજીએ તો મહારાષ્ટ્રની સ્વતંત્ર ભાષા બસ્સો-ત્રણસો વર્ષ પહેલાં જ ક્યારેક વિકસિત થતી હોવી જોઈએ અશ્મક એટલે કે આ ભાષાના નામને કારણે થયેલા જે મહા અને રટ્ઠના એક રાષ્ટ્રીકરણ જે ખ્રિસ્તપૂર્વ બીજા સહસ્રમાં થયું હોય એવું લાગે છે. ખ્રસ્તપૂર્વ દ્વિતીય સહસ્રમાં મહારાષ્ટ્રનો કાળ દેખાય છે. અશ્મક રાજા કુરુ યુદ્ધમાં જોડાયા અને કુરુ યુદ્ધથી અશ્મકોનું સાતત્ય છે તો મહા અને રટ્ઠનું એકરાષ્ટ્રીકરણ અને અશ્મક રાજાના સાતત્યનો સંબંધ જોડવાનો પ્રયત્ન જરૂરી બને છે... અશ્મક રાજ્ય શરૂ થવા પહેલાં રટ્ઠોનો પ્રસાર થઈ મહારાષ્ટ્ર બન્યું હોવું જોઈએ અને એમની સંયુક્ત જનતામાં અશ્મક રાજકુળ ઉત્પન્ન થયું હશે એવો ઈતિહાસ દેખાય છે (પૃષ્ઠ-૧૩).

## હાલાની સપ્તશતી

ડૉ. કેતકર હાલાના 'સપ્તશતી' માટે કહે છે કે અત્યંત પ્રાચીન વાંગ્મય એટલે હાલાની સપ્તશતી એ પરથી દેખાય છે કે એ કાળમાં મુખ્યત્વે પ્રિય હલિક હતા. ગોદાવરી તટ અને વિંધ્યાચલ પર્વત એ બન્ને પ્રદેશ વાંગ્મયમાં આવતા હતા. ભાષા માટે 'પ્રાકૃત' નામ વધુ પ્રિય હતું. (પૃષ્ઠ-૨૯) કેતકરનું



**નેવાસે ખાતેનો સ્તંભ. આ સ્થળે જ્ઞાનેશ્વરે 'જ્ઞાનેશ્વરી' લખી.**

અનુમાન છે કે શાતવાહનના સમયમાં અપભ્રંશ ભાષાનો ઉદ્ગમ થયો હશે, કારણ શાતવાહનના સમયમાં અપભ્રંશનું અસ્તિત્વ હતું એવી સાબિતી 'બૃહત્કથા' આપે છે.

રાજારામશાસ્ત્રી ભાગવતનું ચુનંદું સાહિત્ય દુર્ગા ભાગવતે સંપાદિત કર્યું હોઈ એના પ્રથમ ખંડમાં 'મહાઠયાંસંબંધાને ચાર ઉદ્ગાર' આ વિષય પર મહત્ત્વપૂર્ણ પ્રકાશ પાડ્યો છે. રાજારામશાસ્ત્રી ભાગવત કહે છે કે 'મહારાષ્ટ્ર' શબ્દ અતિ જૂનો છે. નંદનું રાજ્ય મગધ દેશ પર હતું એટલે કે શાલિવાહન શક પહેલાં લગભગ સવા ચારસો વર્ષ પહેલાં વરરુંચી નામનો વિદ્વાન થઈ ગયો. એણે 'પ્રાકૃત પ્રકાશ' નામક પ્રાકૃત ભાષાનું એટલે કે સંસ્કૃત નાટકની બોલીભાષાનું વ્યાકરણ રચ્યું છે. આ વ્યાકરણનું એકદમ અંતિમ સૂત્ર શેષ મહારાષ્ટ્રીવર્ત છે. અશોકને મહારાષ્ટ્ર દેશમાં ધર્મોપદેશ કરવા માટે કેટલાક બૌદ્ધ ભિખ્ખુઓને મોકલ્યા એવી બૌદ્ધ લોકોમાં દંતકથા પણ છે.

**નંદ બાદ ચંદ્રગુપ્તએ રાજ કર્યું. ચંદ્રગુપ્ત પછી એનો પુત્ર બિંદુસાર ગાદીએ બેઠો અને બિંદુસાર પશ્ચાત્ એનો પુત્ર પ્રિયદર્શી અથવા અશોકને ગાદી મળી. એથી ગત બાવીસસો વર્ષથી 'મરહટ્ઠ' અથવા 'મહારાષ્ટ્ર' શબ્દ છે એમ કહેવામાં શંકા નથી.** (પૃષ્ઠ-૭ અને ૮) એ આગળ કહે છે અન્ય મહાઠી ભાષા પ્રમાણે શૌરસેની ભાષાના નિયમો છે એમ સમજવું. આ સૂત્રનો અર્થ જેને આપણે બાળભાષા કહીએ એના પહેલાંના સમયમાં શૌરસેની પણ હતી. શૌરસેના એટલે મથુરા મંડળ પ્રાંતની જૂની ભાષા એ શૌરસેની. ઊંચી જાતિની અને કુલીન ઘરની મહિલાઓ જે ભાષા પ્રાચીન કાળનાં નાટકોમાં બોલતી એ આ જ. શૌરસેની નાટક કહે એટલે લોકસ્થિતિનું આબેહૂબ ચિત્ર. એ સમયે સંસ્કૃત નાટકો જ્યારે થવા માંડ્યાં ત્યારે કુલીન અને વરિષ્ઠ જાતિની મહિલાઓની બોલી શૌરસેની હતી એ વિશે સંશય ના હોવો જોઈએ. આ શૌરસેની ભાષાની એક પ્રકૃતિ એવી 'સંસ્કૃત' તેમ જ બીજી પ્રકૃતિ 'માહારાષ્ટ્રી' ઉર્ફે અતિપ્રાચીન 'મહાઠી' એમ કાત્યાયન કહે છે. શૌરસેની પાસેથી માગધી અને પૈશાચી નામની બાળભાષા નીકળી.


મગધ એટલે ગયા અને પાટણની આસપાસનો મલક. આ દેશની જે પહેલાંની ભાષા હતી એ માગધી. પંજાબ પ્રાંતના રહેવાસીઓનું પિશાચ આ પ્રાચીન નામ દેખાય છે. બાલ્હિક એટલે કે બલ્ક, બુખારા અને સમરકંદ જેવા પ્રદેશોના રહેવાસીઓ

બધા પિશાચોની સંતતી એમ કર્ણપર્વમાં લખ્યું છે. આ લોકોની પહેલાંની ભાષા પૈશાચી. શૌરસેનીમાંથી માગધી અને પૈશાચી નીકળી અને શૌરસેનીની પ્રકૃતિ જેવી સંસ્કૃત તેમ જ મર્હાઠી એમ કાત્યાયન કહે છે તો પછી બધી બોલીભાષાઓનું મૂળ પ્રાચીન મરાઠી એવો સિદ્ધાંત કરવામાં કોઈ જ હરકત નથી. 'ગાથાંચી ભાષા મહારાષ્ટ્રી' એમ અલંકારિક કહેવાય છે. 'ગાથા' શબ્દ આવ્યો ગૈ ધાતુ પરથી. 'ગાથા' શબ્દથી પ્રાયઃ આર્ય અથવા ગીતિ સંસ્કૃતિ સમજાય છે. આ અલંકારિકોના નિયમ પરથી ગીતોની ભાષા પ્રાચીન કાળમાં માહારાષ્ટ્રીય જ હતી એમ કહેવું પડે છે. ત્યારે તમામ બોલીભાષાઓની પ્રકૃતિ અને ગીતો પ્રાચીન કાળની જે ભાષામાં છે એવી એક પ્રાચીન મર્હાઠી ભાષા છે... શૌરસેનીની પ્રકૃતિ સંસ્કૃત એ તો કાત્યાયન ફરી ફરીને કહે છે. એ રીતે માહારાષ્ટ્રી અને સંસ્કૃત આ બન્નેની પરસ્પર નિરપેક્ષતા એને પ્રિય હતી એવું દેખાય છે. મૂળ શબ્દ જોઈએ તો 'પાઅડ' છે. 'પાઅડ' શબ્દ નજીકનો સંસ્કૃતમાં 'પ્રકટ' શબ્દ આવે. 'પાઅડ' ભાષા-પ્રકટ ભાષા એટલે કે દરેક લોકોના વ્યવહારમાં અને સંદેશવ્યવહારમાં જે ચાલે છે એઃ સંસ્કૃત ભાષા જે ધર્મની અર્થાત્ ધર્મ પ્રસાર કરવો કે જે બ્રાહ્મણોના હાથમાં હતું. એટલે કેએ સર્વસાધારણ ભાષા નહોતી, પણ પાઅડ ભાષા વહેતાં પાણી જેવી રહી. ત્યારનું બધાનું જીવન, ત્યારનો બધાનો સંબંધ એની સાથે. સહજતાથી એને 'પાઅડ' એટલે કે તમામને સમજાય એવી એવું અર્થહીન નામ મળ્યું અને ધર્મભાષાનું સંસ્કૃત એટલે થોડાક વિદ્વાન બ્રાહ્મણોએ મળીને પોતાની બુદ્ધિપ્રતિભા વડે એને ચળકાવી એનું બ્રાહ્મણોએ જ નામ પાડ્યું. થોડા સમય બાદ 'સંસ્કૃત' શબ્દ સાથે ભળતું આવે એથી 'પાઅડ' શબ્દનું પ્રકટ રૂપ નહીં કરતાં 'પ્રાકૃત' એવું રૂપાંતર કરેલું દેખાય છે. એથી 'પ્રાકૃત' શબ્દ સંસ્કૃતમાં રોજ જોવા મળનારો અર્થાત 'ક્ષુલ્લક' આ અર્થનો વાચક થયો. શિક્ષા તરીકે વેદોનું એક અંગ છે. એમાં 'પ્રાકૃતે સંસ્કૃતે ચાપિ' (પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં) એવો લેખ આવ્યો છે. એ રીતે પ્રાચીન સમયમાં પણ પ્રાકૃત આ સ્વતંત્ર ભાષા સમજવાનું માનસ ઘણા દિવસોથી હતું એ ખુલ્લું છે. ત્યારે માહારાષ્ટ્રી, શૌરસેની, માગધી અને પૈશાચી આ તમામ જેટલી પાઅડ ભાષાઓ હતી એ બધી પ્રાકૃત બની અને આ પ્રાકૃત ભાષાઓનું 'પ્રાકૃતપ્રકાશ' નામનું સૂત્રમય વ્યાકરણ કાત્યાયને પ્રથમ લખ્યું. ઉપર લખેલી પાંચે ભાષા પાઅડ ભાષા જેટલી જ અથવા બધા કરતાં પ્રાચીન અને દરેકની પ્રકૃતિ માહારાષ્ટ્રી ઉર્ફે પ્રાચીન મર્હાઠી છે. માહારાષ્ટ્રીમાંથી નીકળી શૌરસેની અને શૌરસેનીમાંથી સમયાંતરે માગધી અને પૈશાચી આ બે ભાષા નીકળી. ત્યારે માગધી અને પૈશાચી આ બન્ને પ્રાચીન મરાઠીની દોહિત્રીઓ છે. શૌરસેનીની ખરી જનેતા એટલે માત્ર પ્રાચીન મર્હાઠી ભાષા (પૃષ્ઠ-૧૨,૧૩).

## મહત્ત્વના પુરાવા

પ્રાચીન મરાઠીમાં (૧) 'ગાથા સપ્તશતી', (૨) પ્રવરસેનનું 'સેતુ કાવ્ય', (૩) 'ગૌડવધ', (૪) રાજશેખરની 'કર્પૂરમંજરી' આ ગ્રંથો અને ગુણાઢ્યની પૈશાચી ભાષાનો 'બૃહત્કથા' ગ્રંથ આ ખૂબ મહત્ત્વની સાબિતીઓ છે. નંદકાલીન શાલિવાહનનો ગુણાઢ્ય પ્રધાન હતો. આ ગ્રંથના અત્યારે સંસ્કૃતમાં બે શ્લોકમય ભાષાંતરો અસ્તિત્વમાં છે. શ્રીલંકાના મહાવંશની પાલી ભાષાની સિંહલી લિપિના ગ્રંથમાં અશોકે બૌદ્ધ ભિખ્ખુ મહારાષ્ટ્રમાં મોકલ્યાનો ઉલ્લેખ છે. ભવભૂતિ બાદ બસ્સો વર્ષ પછી રાજશેખર થઈ ગયો. એ મહેન્દ્રપાલ રાજાને આશ્રયે હતો. એ પોતાને મહારાષ્ટ્ર ચુડામણી કહેવડાવતો હતો.

ઈરાવતી કર્વે પોતાના 'મરાઠી લોકાંચ્યા સંસ્કૃતિ' ગ્રંથમાં કહે છે કે પશ્ચિમથી શક અને મહારાષ્ટ્રથી શાતવાહન આવવા પહેલાં જ મહારાષ્ટ્રની ભૂમિમાં સંસ્કૃત અથવા સંસ્કૃતોદ્ભવ ભાષા મજબૂત થઈ હતી અને એથી બહારથી આવેલા રાજાઓએ દ્રાવિડ ભાષા ન લેતાં મહારાષ્ટ્રી (સંસ્કૃત પ્રાકૃત અવતાર) આત્મસાત કરી, (પૃષ્ઠ-૨૦૩) સંપૂર્ણ ભારતની સંસ્કૃતિ જે કાવ્યમાં વણાઈ એ વૈદર્ભી ઢાળનું હતું એથી વિદર્ભનું સંસ્કૃત પરંપરામાંનું સ્થાન ધ્યાનમાં આવે છે. જેમ અનંત એ જ પ્રમાણે વિદર્ભ આ અતિ પ્રાચીન આર્ય (સંસ્કૃત બોલનારી) વસતિ હતી. બન્ને





વસતિઓ વન્યના પ્રદેશમાં થઈ, સંસ્કૃત દ્રવિડો સામે લડત આપીને નહીં. પ્રથમ ખ્યાતનામ વૈદર્ભીનું નામ 'લોપમુદ્રા' છે. આ નામ આર્ય નથી. એ લોપામુંડાનું સ્વરૂપ તો નથી ને? મુંડ પ્રજાની રાજકન્યા લોપા એવો આનો અર્થ થશે. મુંડોનો નાગ સાથે સંબંધ હતો. એ માટે બૌદ્ધ વાંગ્મયમાં સાબિતી મળે છે. કોસલાનો રાજા પસેનદીના મનમાં ગૌતમ બૌદ્ધ ઘરાણામાં લગન કરી બુદ્ધનો સંબંધી બનવું એવું હતું. વાસભખત્તિયા સાથે વિવાહમાંથી જન્મેલા વિડુડભએ તમામ શાક્ય કુળનો નાશ કર્યો. આ કથા પાલી વાંગ્મયમાં કહી છે. ઈસવી સન પૂર્વે ૫૦૦થી ૬૦૦ વર્ષ પહેલાંની આ

કથા છે એટલે કે એ સમયે નાગ અને મુંડ એક જ હશે એમ દેખાય છે. (પૃષ્ઠ-૨૧૩ અને ૧૪) ઈરાવતી કર્વે એ આગળ આ સંદર્ભમાં વધુ માહિતી આપતાં કહ્યું છે કે મહારાષ્ટ્રના રાજા શાતવાહન કહ્યા છે કે મહારાષ્ટ્રના રાજા શાતવાહને પ્રતિષ્ઠાન ઉર્ફે રાજ કર્યું. પ્રાકૃત ભાષાને ઉત્તેજન પૂરું પાડ્યું અને વૈકલ્પિક રીતે મરાઠીના જન્મમાં મદદ કરી. મહારાષ્ટ્રના મોટા ભાગના સંત કવિઓનો જન્મ મધ્ય મહારાષ્ટ્રમાં થયો છે અને અત્યારની મરાઠીનું રૂપ એમણે નક્કી કરેલું છે. આ પ્રદેશને જૂનું નામ 'અશ્મક' છે. અશ્મકના ખ્યાતનામ રાજા એટલે પ્રતિષ્ઠાનના શાતવાહન. એમના પહેલાં પ્રતિષ્ઠાનનો નરસિંહ નામક રાજા હતો એવો ઉલ્લેખ સોમસ્વામીની 'કથા સરિત્સાગર'માં મળે છે. આ કથા માટે સ્વર્ગીય શ્રી વ્યં. કેતકરે પ્રાચીન મહારાષ્ટ્રના ઈતિહાસમાં લખ્યું છે... શાતવાહન સંસ્કૃત જાણતો નહોતો. એણે પ્રાકૃતને આશ્રય આપ્યો. મહારઠી નામક માંડલિક રાજા સાથે લગ્નસંબંધે જોડાયો એ દંતકથાઓ અને શિલાલેખો પરથી દેખાય છે... શાતવાહન, ચાલુક્ય, રાષ્ટ્રકૂટ અને યાદવ ઘરાણાઓએ મહારાષ્ટ્ર પર એક પછી એક રાજ કર્યું. મહારાષ્ટ્રની બૌદ્ધ ગુફાઓ શાતવાહન અને વકાટક અને ચાલુક્યના કાર્યકાળની છે. એના તમામ લેખ પ્રાકૃતમાં છે.

'લિલાવતી' આ અપભ્રંશ ભાષામાં લખાયેલ કાવ્યમાં સુપ્રસિદ્ધ બૌદ્ધ પંડિત નાગાર્જુન એ હાલાનો મિત્ર અને હિતોપદેશી હતો એમ કહેવાય છે. ... એના સંદર્ભે 'રટ્ઠ' અને 'મહારઠ'નાં નામો શિલાલેખમાં આવે છે. એમનો મુખ્ય શિલાલેખ પશ્ચિમ મહારાષ્ટ્રમાં જ છે... આંધ્ર અને કર્ણાટક એવા બે સંસ્કૃતિ સંપન્ન રાષ્ટ્રો સાથે બરાબરી કરીને મરાઠીએ પોતાના દક્ષિણ સીમાડાઓ પાકા કર્યા. એટલું જ નહીં, તો મરાઠી ભાષા કર્ણાટકના ગર્ભ સુધી પહોંચી એનાં અનેક સંસ્કૃતિક કારણો છે. વિખ્યાત સૂત્રકાર બૌદ્ધાયન અને આપસ્તંભ દક્ષિણી હતા. 'બૃહત્કથા'માં 'અપાણિનીય' એવા એન્દ્રાદી વ્યાકરણનો ઉલ્લેખ આવે છે એ દક્ષિણાવર્તીઓએ રચ્યું હોવાનું દેખાય છે.

ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ બન્ને જૈનાનુયાયી હતા અને એમના આશ્રય હેઠળ અનેક મહત્ત્વના ગ્રંથો મહારાષ્ટ્રમાં લખાઈ ગયા. પુષ્પદંતનું હરિવંશપુરાણ રાષ્ટ્રકૂટ રાજાના આશ્રય હેઠળ માન્યખેડ (માલખેડ) ખાતે રચાયું. કર્ણાટકમાં મહારાષ્ટ્રી ભાષાનું ગ્રંથ નિર્માણ રાજાશ્રયથી થતું હતું એ સ્પષ્ટ દેખાય છે. શ્રવણ બેળગોળનો આ શિલાલેખ મરાઠાઓની આક્રમક રાજસત્તાનું પ્રતીક ના હોઈ, જૈન ધર્મના પ્રસારનું છે. મધ્યયુગમાં પણ ભાષાની બાબતે મરાઠીની માતા મહારાષ્ટ્રી અને એનું વર્ચસ્વ દક્ષિણમાં હતું અને એમાં ઉત્તમ ગ્રંથોનો ઉદ્‌ભવ થતો હતો. કોઉહલ કવિ એ રચેલા 'લિલાવતી' કાવ્યમાં એણે પોતાનું કાવ્ય મરહટ્ઠ દેશી ભાષામાં






લખ્યાનું કહ્યું છે. કાવ્યકાળ લગભગ ખ્રિસ્તી ૮૦૦ હોવાનું વિશેષજ્ઞનો મત છે. દ્વિતીય શતક બાદ એ ઠેઠ સપ્તશતી હાલાના સમય સુધી મળી આવે છે. આમાંથી એક શાતવાહનની (ખ્રિસ્તી પૂર્વના શાતવાહનની) રાણી પંડિતા હતી. એ રાજા સામે વિનોદી રીતે જે સંસ્કૃત બોલી એ રાજાને સમજાઈ નહીં એથી એ હસી અને રાજા અપમાનિત થઈ ત્યાંથી નીકળી ગયો. રાજાએ છ મહિનામાં જ ભાષા શિખવાનો નિર્ધાર કર્યો અને એ જે ભાષા શિખ્યો એ 'પ્રાકૃત', આ કથાભાગ 'બૃહત્કથા'ના આરંભે આવે છે અને એમાં વરરુંચીનું નામ મુખ્યત્વે આવે છે. મરાઠી વાંગ્મયમાં પ્રૌઢત્વના, સ્વયંસિદ્ધિના બીજાણુંઓ આ પ્રાકૃત વાંગ્મયમાં છે. 'બૃહત્કથા'ની વિશ્વ કથાવાંગ્મયમાં તુલના જ નથી. હાલાના સપ્તશતીનાં કાવ્યો પણ લોકવાંગ્મયમાં છે. કોઈ એક રાજાના રાજકવિએ કરેલાં એ કાવ્યો ના હોઈ મહારાષ્ટ્રમાં પ્રચલિત થયેલાં લોકપ્રિય કાવ્યોનું એ સંકલન છે. એમાં રાજદરબારનું ચિત્રણ ના હોઈ ગામડાંનું, ગામના પટેલનું, પટેલની વહુનું એટલે કે મહારાષ્ટ્રના સામાન્ય ગ્રામીણ જીવનનું ચિત્ર જોવા મળે છે. 'લિલાવતી' એ હાલ રાજાની અદ્‌ભુત રમ્યકથા છે. એમાં પણ મહારાષ્ટ્રનો પ્રાણ જે પ્રતિષ્ઠાન નગર અને ત્યાંની ગોલા ઉર્ફે ગોદાવરી નદી એમાં સ્નાન કરતી, શરીરે હળદર ચોળતી મહારાષ્ટ્ર સુંદરીનું વર્ણન જોવા મળે છે. આ કવિ પોતાની ભાષાને 'મરહઠ દેસી ભાષા' એવું નામ આપે છે.(પૃષ્ઠ- ૨૨૩-૨૬)

દુર્ગા ભાગવતે રાજારામશાસ્ત્રી ભાગવતના સંશોધનના નિષ્કર્ષ માટે કહ્યું છે કે જૂની મહારાષ્ટ્રી સંસ્કૃત કરતાં પણ જૂની અને સાચી જીવંત ભાષા છે એ એમણે બતાવ્યું છે.

મહાન સંશોધક શ્રી વ્યં. કેતકર, રાજારામશાસ્ત્રી ભાગવત, વિ.કા. રાજવાડે, ઈરાવતી કર્વે, કૃ.પાં. કુલકર્ણી, દત્તો વામન પોતદાર, વિ.લ. ભાવે, રા.ભિ. જોશી વગેરેના સંશોધનના આધારે માહારાષ્ટ્રી (મરાઠી) ભાષા ઓછામાં ઓછી અઢી હજાર વર્ષ જૂની હોવાનું સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. માહારાષ્ટ્રી, મર્હાઠી ભાષાનો અઢી હજાર વર્ષોનો પ્રવાસ આધાર સહિત ઉકેલવો એટલે જ મરાઠી ભાષા એ અભિજાત ભાષા હોવાનું નિર્વિવાદ રીતે સિદ્ધ થાય છે.

**(લોકરાજ્ય જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૨માંથી પુનર્મુદ્રિત)**


# મરાઠી હૃદયની અને મનની...

**વૈશ્વિકકરણને કારણે એકંદર માનવજીવનમાં ધરમૂળથી બદલાવ આવી રહ્યો છે. આ પાર્શ્વભૂમિ પર મરાઠીની વિવિધ બોલી-ભાષાઓના સંબંધે વિચાર કરીએ તો આ ભાષાઓ રોજબરોજ અનેક સમસ્યાઓથી ઘેરાઈ રહી હોવાનું ચિત્ર સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. મહારાષ્ટ્રમાં રાજકીય કાળખંડ અનુસાર પૂર્ણ સમાજ-જીવનમાં આમૂલ બદલાવ થઈ ગયાનો ઈતિહાસ સાક્ષી છે તો વર્તમાનમાં આપણે ગ્લોબલ કાળ અનુભવી રહ્યા છીએ. વૈશ્વિકકરણની વ્યાપક પ્રક્રિયાને કારણે અને દુનિયા નજીક આવી રહી હોવાને કારણે સમાજ, વ્યક્તિ અને ભાષાના પરસ્પર સંબંધો નવા વળાંકો લઈ રહ્યા હોવાનું અસરકારક રીતે જણાઈ આવે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક બોલી ઝડપભેર લુપ્ત થઈ રહી છે.**

**ડૉ. વૈજનાથ અનમુલવાડ**

**હાલના** સમયમાં અંગ્રેજી જેવી જ્ઞાનભાષાને કેન્દ્રસ્થાને રાખી મુખ્યત્વે વ્યવહારો કરવામાં આવી રહ્યા છે. વૈશ્વિક સ્તરે અંગ્રેજી ભાષા અને એનું પ્રભુત્વ કેટલું વ્યાપક છે આ વિશે દુનિયાના અનેક ભાષા અભ્યાસુઓએ વિવિધ રીતે મીમાંસા કરી છે. એમાંથી જ એક ડૉ. પ્રકાશ પરબ કહે છે કે એક બાજુ અંગ્રેજી જેવી ભાષા સામ્રાજ્યવાદી ઈતિહાસ તેમ જ વિજ્ઞાન, તંત્રજ્ઞાન, ઉદ્યોગ, વગેરે ક્ષેત્રના આંતરરાષ્ટ્રીય વ્યવહારને કારણે વૈશ્વિક સંપર્ક ભાષા તરીકે ઝડપી બની રહી છે તો બીજી તરફ, સેંકડો ભાષા અથવા બોલી નામશેષ થવાના માર્ગ પર છે. બદલાતાં આર્થિક ધોરણોને કારણે ને જીવન સંઘર્ષોને કારણે સમાજની ભાષા ચયન અને ભાષાવૃત્તિ પર પણ પરિણામ થતું જોઈ શકાય છે. આ પરથી એવું ધ્યાનમાં આવે છે કે માતૃભાષા કેવળ વાતચીતનું, ભૌતિક પ્રગતિનું સાધન ન હોઈ એને એક સામાજિક, સાંસ્કૃતિક ભૂમિકા હોય છે. સમાજની અલગ ઓળખાણ હોય છે. લોકબોલીની વાસ્તવિકતા રેખાંકિત કરનારા આવા અનેક વિચારો આગળ આવી રહ્યા છે.

એકંદરે ભારતીય ભાષા અથવા બોલીઓના સંબંધે વિચાર કરતાં ડૉ. ગણેશ દેવીના ભાષા સંબંધિત કાર્યનો ખાસ ઉલ્લેખ કરવો પડશે. એ ભારતીય ભાષાનું લોકસર્વેક્ષણ ગ્રંથમાં કહ્યું છે કે ૧૯૫૧ની જનગણના અનુસાર ભારતમાં કુલ ૭૮૨ ભાષાઓ અને બોલીઓ નોંધવામાં આવી છે. આ સંખ્યા ૧૯૬૧માં ૧૬૫૨ જેટલી વધી ગઈ હતી. એ પહેલાં સર જ્યોર્જ ગ્રીઅર્સનના લિન્ગ્વિસ્ટિક સર્વે ઑફ ઈન્ડિયા (૧૯૦૩-૧૯૨૩)ના ૧૯મા શતકના છેલ્લા દાયકામાં ભારતની જે માહિતી ભેગી કરી એ અનુસાર ભારતમાં તે સમયમાં ૧૭૯ ભાષાઓ અને ૫૪૪ બોલીઓ અસ્તિત્વમાં હતી તો જનગણના અનુસાર ત્યારે ભારતમાં ૧૮૮ ભાષાઓ અને ૪૯૦ બોલીઓ અસ્તિત્વમાં હતી. એકાદ દેશમાં ભાષાકીય વ્યવહાર કેટલો ગૂંચવણભર્યો હોય છે એ ઉપરોક્ત ઉદાહરણ પરથી ધ્યાનમાં આવ્યું. વિશ્વનું ભાષાસંચય નાશ પામે તો એ ભાષાઓમાં હજારો વર્ષોથી અભિવ્યક્ત થતી લોકસંસ્કૃતિ નષ્ટ થાય છે. વિપુલ જ્ઞાન સીમિત થઈ જાય છે.



## બદલાતો સમય અને બોલી

આજના બદલાતા સમયમાં અનેક ક્ષેત્રોમાં જે ધરખમ બદલાવ આવે છે એ સ્વરૂપના બદલાવો ભાષામાં પણ થાય છે. લોકબોલીના સંદર્ભમાં આ બદલાવ ગતિશીલ થઈ રહ્યા હોવાનું નિદર્શનમાં આવ્યું છે. હાલ દુનિયાના અસ્તિત્વમાં રહેલી લગભગ છ હજાર ભાષાઓમાંથી ત્રણ હજાર ભાષાઓ આ ચાલુ શતકના અંત સુધી પૂરી થઈ ગઈ હશે એવી સર્વત્ર ચર્ચાઓ છે. ભાષાની આજની સ્થિતિ જોતાં એનો મૃત્યુદર બે અઠવાડિયે એક ભાષા જેટલો થાય છે. હાલ વિશ્વમાં માત્ર ૧૦૦ કરતાં ઓછી ભાષાકીય હોય એવી ૫૦૦ ભાષા છે. ૧૫૦૦ ભાષાઓમાં માત્ર ૧૦૦૦ ભાષાકીય છે અને ૩૦૦૦ ભાષાઓ એવી છે કે જેના માથાદીઠ માત્ર ૧૦,૦૦૦ બોલનારા બચ્યા છે.

લોકબોલી નાશ પામવાની આ આજની વાસ્તવિકતા કેટલી ભીષણ છે એ ઉપરોક્ત ઉદાહરણ પરથી આપણા ધ્યાનમાં આવે છે. ભવિષ્યમાં ભાષા નાશ થવાનું ચિત્ર વધુ ગાઢ થવાની શક્યતાઓ નકારી શકાય એમ નથી. બદલાતા કાળમાં લોકબોલીનું અસ્તિત્વ ટકાવવું હોય તો એ ભાષા બોલનારા લોકો ટકાવવા પડશે. ભાષા જીવાડવા માટે એને બોલનારા લોકોને જીવાડવા પડે છે. કારણ પેઢીજાત સંસ્કૃતિનાં વિભિન્ન પાસાંનું દર્શન

લોકબોલીના માધ્યમથી થતું હોય છે, પણ બોલીનો અભ્યાસ માત્ર ક્વચિત જ કરવામાં આવે છે. સામે પક્ષે લિપિબદ્ધ ભાષાઓનો જ અભ્યાસ વધારે કરવામાં આવે છે, પરંતુ એ પણ ધ્યાનમાં લેવું જોઈએ કે બોલીના વિકાસ માટે અથવા ક્ષય માટે સંબંધિત ભાષિક જ જવાબદાર હોય છે. એકાદ પ્રગતિશીલ ભાષા સામાજિક ઉપેક્ષાને કારણે પાછળ રહી જશે, એ જ પ્રમાણે ઉપેક્ષિત ભાષા આયોજનના માર્ગે પ્રગતિ પંથે પણ લાવી શકાય છે. ઉદાહરણ તરીકે, હીબ્રૂ, કોંકણી ઈત્યાદિ. સંક્ષિપ્તમાં એમ કહી શકાય કે ભાષાના મૃત્યુને જેમ આર્થિક, પ્રાકૃતિક આપદાઓ કારણભૂત હોય છે તેમ જ સામાજિક અને માનસશાસ્ત્રીય બાબતો પણ જવાબદાર હોય છે. આજે ઉપલબ્ધ એવી અનેક ભાષામાંથી માત્ર ૮૭ ભાષામાં વર્તમાનપત્રો પ્રસિદ્ધ થાય છે. ૭૧ ભાષામાં રેડિયોના કાર્યક્રમો પ્રસારિત થાય છે અને ૧૫ ભાષામાં ચિત્રપટ નિર્માણ થાય છે. આ આજના ભારતીયોની ભાષિક સ્થિતિ છે. આમાં ઉમેરો કરવો સમયની જરૂરત છે.

## મહારાષ્ટ્રની બોલી

મહારાષ્ટ્રમાં ભૂગોળીય રચનાનુસાર બદલાતી જતી ભાષાનાં અનેક સ્વરૂપ જોવા મળે છે. ઉદાહરણ તરીકે, અહિરાણી, આગરી, કોહળી, ખાનદેશી લેવા, સંદગડી, ઝાડી, તાવડી, પોવારી, માલવણી, વાઢવળી, સામવેદી અને સંગમેશ્વરી તદુપરાંત આદિવાસી જમાતીની લગભગ ૨૩ લોકબોલી, વિચરતી જાતિની ૧૯ તદુપરાંત ભૂગોળીય ક્ષેત્ર સ્પષ્ટ કરનારી નાગપુરી, નાગરી, કોલ્હાપુરી, સાતારી, મરાઠવાડી, ચંદગઢી, કોંકણી, વગેરે ભાષાઓ છે.

બદલાતા સમયની પાર્શ્વભૂ પર સ્થાનિક ભાષાની ગૂંચવણની કલ્પના તે જ ભાષામાંથી વ્યક્ત કરવાની ક્ષમતા દિવસે દિવસે ઓછી થઈ રહી છે. લોકબોલીનો શબ્દવૈભવ, પરંપરાગત જ્ઞાન, શાબ્દિક કળાની ગૂંથણી, મધુરતા આ વિશેષતાઓ માત્ર લોકબોલીમાં જ મળી આવે છે. એની જોડ પ્રમાણ ભાષામાં કઈ રીતે જડશે? લોકબોલીની વિશેષતાઓ માન્ય કરીને પણ મનુષ્યને વિવિધ કારણોથી અન્ય ભાષાઓ શીખવી પડે છે. એકથી વધુ ભાષા શીખવાની બૌદ્ધિક સમર્થતા પ્રાકૃતિક દત્ત રીતે એને પ્રાપ્ત થયેલી હોય છે, પણ સ્વભાષા છોડી અનન્ય પરભાષાને કારણે આપણું વધુ કલ્યાણ થશે એવી સમજણ સમાજમાં બધે પ્રસરેલી છે એથી સ્વભાષા અને લોકબોલીની સ્થિતિ નીચી ઊતરી રહી છે.

'ભાષા' અને 'બોલી'માં આપણે હંમેશાં ફરક કરીએ છે. એટલે કે 'પ્રમાણભાષા' અને 'બોલીભાષા'માં એક ભેદરેખા છે એમ સમજી એ રેખાને વધુ ગાઢ કરી મૂકીએ છીએ. આવી છેલ્લા ટોચની ભૂમિકાને કારણે પ્રાદેશિક બોલી-ભાષાની



સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. સામાજિક ભેદરેખાની વિષમતાને કારણે પણ બોલી-ભાષાની ગતિમાં પ્રગતિ નહીં હોવાનું ચિત્ર સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. આ સંદર્ભે ગણેશ દેવીનું એક ઉદાહરણ જોઈએ. જ્યારે કોઈ એક સમાજને એવું લાગવા માંડે છે કે એને ઉદરનિર્વાહ માટે બીજી ભાષામાં શિક્ષણ લેવું જરૂરી છે ત્યારે એ સમાજ નવી ભાષાકીય પરિસ્થિતિ સ્વીકારવાનો નિર્ણય લે છે એથી જ હાલની દુનિયામાં ભાષાકીય વારસો નષ્ટ થઈ રહ્યો છે? આ પ્રક્રિયા જ ભાષાકીય સંહારને ગતિ આપે છે શું? આ વિચાર અત્યારે જ કરવો પ્રસંગોચિત થશે. એવું હોય તો માનવી ભાષાનું ભાવિ સંકટમાં છે એ માનવું પડશે. સાંસ્કૃતિક સ્તરે જે સમાજ વર્ગો પહેલેથી જ અલ્પસંખ્યાંક છે, સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે જે સમાજ દુર્બળ ઠર્યા છે, જે સમાજનો અવાજ પહેલેથી જ ક્ષીણ થઈ ગયો છે એ ભાષાઓ સૌપ્રથમ સંહારનો કોળિયો બની જશે એ સર્વવિદિત છે. આ ઉપરથી આજની બોલી અને બોલી-ભાષિકોની અવસ્થા ધ્યાનમાં આવે છે. પ્રમાણ ભાષાનો ઉદય અંતે બોલીભાષામાંથી જ થતો હોય છે. પ્રમાણ ભાષા પર વિશ્વાસ હોય એમણે બોલીભાષાની ઉપેક્ષા કરવી નહીં. એની યોગ્ય જાળવણી અને કાળજી કરીએ તો પ્રમાણ ભાષા વધુ સમૃદ્ધ થશે એમાં કોઈ શંકા નથી.

મહારાષ્ટ્રમાં 'ભાષાકીય જાતિ' નિર્માણ થવાની જૂની પરંપરા છે. વૈશ્વિકીકરણનો સ્વીકાર કર્યા બાદ એક નવી અંગ્રેજી બોલનારો વર્ગ તૈયાર થયો. વરિષ્ઠ નોકરીઓનો એની ઠેકેદારી લઈ લીધી છે. આ વર્ગને બોલીભાષાની સંસ્કૃતિનું અથવા મરાઠીનું ક્યારેય અભિમાન હોતું નથી. એમનાં બાળકો અંગ્રેજી માધ્યમમાં જ શિક્ષણ લે છે. બોલીભાષા અથવા માતૃભાષામાં વાતચીત કરનારાઓનાં બાળકો ફક્ત મરાઠી માધ્યમમાં જ શિક્ષણ લે છે. એમાં ગરીબ મજૂર, ખેડૂત, કામગારનાં બાળકોનો સમાવેશ બહોળા પ્રમાણમાં હોય છે.

અંગ્રેજી ભાષાનો પુરસ્કાર અને મરાઠી ભાષાની હકાલપટ્ટી આ બાબત ગરીબોના ફાયદાની નથી. લોકશાહીમાં લોકભાષાનું મહત્ત્વ હોવું જોઈએ કે પારકી ભાષાનું? પણ આપણી ઠેકેદારી ટકાવી રાખવા લોકશાહીનો લોકભાષાનો બલિ ચઢાવનારા ઘણાખરા માણસો તૈયાર થઈ ગયા છે. એમની આ ઠેકેદારી કાબૂ કરવી જોઈએ.

ભાષા ટકાવવી અથવા જાળવવી આ કાર્ય કઈ પુરાણા અવશેષો ટકાવી રાખવા જેવું નથી. દૈનિક વ્યવહારમાં એનો વધુમાં વધુ વપરાશ કરવો, એ વધુ ગુણવત્તાયુક્ત બનવી એ માટે ભાષાવિકાસ પ્રક્રિયા ગતિમાન કરવી, યોગ્ય આયોજન કરવું એ આપણું આદ્ય કર્તવ્ય હોવું જોઈએ. આજે રાજ્ય સરકારે ભાષાવિકાસ માટે ધીમી ગતિએ પગલાં ઊંચક્યાં છે. આ બાબત મરાઠી ભાષાવિકાસ માટે મહત્ત્વની છે એમ કહી શકાય. સ્વતંત્ર મરાઠી ભાષા વિભાગ, ભાષા સંચાલનાલય, રાજ્ય મરાઠી વિકાસ સંસ્થા, વિશ્વકોશ નિર્મિતી મંડળ, સાહિત્ય અને સંસ્કૃતિ મંડળ, વગેરે ઉપક્રમો દ્વારા ભાષાને વધુ સમૃદ્ધ કરવાના નક્કર પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. પરિચય ગ્રંથ, બોલી એકેડેમી ઉપરાંત વિવિધ સાહિત્ય પ્રકારોના માધ્યમથી પણ મરાઠીનું અથવા પ્રાદેશિક બોલીભાષાનું વિસ્તૃતીકરણ થાય છે.

## વાતાવરણ અને ભાષા

ભૂગોળીય પરિસ્થિતિ, વાતાવરણ અનુસાર બોલીભાષાનાં સ્વરૂપ બદલાતાં હોય છે. ઉદાહરણ તરીકે, દરિયાકિનારાઓ પર રહેતા લોકોની ભાષા લાંબા લહેકામાં હોય છે. ડુંગરાળ પ્રદેશમાં રહેતા કડક બોલે છે તો ઠંડી હવા પ્રદેશમાં રહેતા લોકો મુલાયમ અને મધુર ભાષા બોલે છે. દસ કોસે ભાષા બદલાય એમ આપણે કહીએ છીએ, પણ કેવળ ભાષા જ બદલાય છે એવું નથી; ત્યાંનાં પથ્થરો, ડુંગરા, મેદાન, જમીન, હવા, પાણી, પાકો, અનાજનો સ્વાદ આ બધાંમાં જ એક જુદાપણું દેખાય છે. એનું પરિણામ ભાષા પર અજાણતાં જ થઈ જાય છે.

વર્તમાનનાં વિવિધ ચિત્રપટ, નાટક અથવા દૂરદર્શન પરના વિવિધ કાર્યક્રમો દ્વારા ભાષાની મોટા પ્રમાણમાં ભાંગફોડ થતી દેખાય છે. એક ચિત્રવાણી પરના ખાદ્ય પદાર્થના કાર્યક્રમનું મરાઠી ભાષાના સંદર્ભનું એક ઉદાહરણ જોઈએ. ચિપ્સ મિડિયમ ફ્રાય કરી લાઈટ રેડ કલર આવે એટલે એમાં ગ્રીન ચિલીના બારીક પીસેસ મિક્સ કરવા, કોરીએન્ડર અથવા બીજા કોઈ પણ ગ્રીન વેજિટેબલનું ટેન્ડર લિવ્ઝ ટૉપ પર ડેકોરેશન માટે જેન્ટલી સ્પ્રેડ કરી સર્વિંગ બાઉલમાં બધું સર્વ કરવું... આ આજની મરાઠી ભાષાની સ્થિતિ છે. એકાદ ભાષાનું રૂપસૌંદર્ય બદલાય એટલે એ ભાષાની શું અવસ્થા થાય ઉપરોક્ત ઉદાહરણ પરથી આપણા ધ્યાનમાં આવ્યું જ હશે. સ્વભાષાના શબ્દો જોઈએ. એથી ભાષા પ્રવાહી બને છે, પણ એ શબ્દોનો એટલો પણ ભરાવો નહીં જોઈએ કે જેથી મૂળ ભાષાનું અસ્તિત્વ જ શેષ રહેશે નહીં.

જ્ઞાન, વિજ્ઞાન, તંત્રજ્ઞાન, આદિ ક્ષેત્રમાં અંગ્રેજી ભાષાની પ્રબળતા વધુ છે. ઈન્ટરનેટ, મોબાઈલ, વગેરે પર વ્યવહાર મોટા ભાગે અંગ્રેજી ભાષામાં ચાલે છે. એ ભાષાઓનો તિરસ્કાર નહીં કરતાં આપણે પોતાની માતૃભાષાનું જતન કરવું, એનો પુરસ્કાર કરવો. વ્યવહાર, વેપાર, શિક્ષણ માતૃભાષામાંથી જ વધુ થવાં જોઈએ. ભાવિ પેઢીને બોલીભાષાનું મહત્ત્વ સમજાવી કહેવું. દરેક બોલીભાષાનું સંવર્ધન, સંકલન અને જાળવણી કરવા માટે સામૂહિક સ્તરે પ્રયત્ન કરવો. એક વ્યાપક એવી ભાષા ચળવળ ઊભી કરી દરેક ઠેકાણે લોકભાષા સંવાદ કેન્દ્ર ઊભાં કરવાં તો જ બોલીભાષા નષ્ટ કરવાનું દુષ્ટ ચક્ર કાબૂમાં આવશે.


બદલતા સમયમાં સ્વભાષા અથવા બોલીભાષા સામે કેટલાં પણ મોટા ડુંગરા જેટલાં આહ્વાન હશે તો પણ એ પર ઉપાય શોધતાં આવડે. એ કરતાં એક કડક ઉપાય એટલે સ્વભાષાભિમાન હોવું.



મધ્ય યુગીન સમયમાં કીર્તન, ભારુડ, અભંગ, દશાવતારી, શાયરી સાહિત્ય, સ્ફુટ રચના, વગેરે માધ્યમોથી બોલીના અનેક પ્રાયોગિક આવિષ્કાર થયાનું જોવા મળે છે તેમ જ દલિત, ગ્રામીણ, સ્ત્રીવાદી, આદિવાસી, વગેરે સાહિત્યપ્રવાહના માધ્યમ દ્વારા વિવિધ બોલીભાષા દ્વારા સાહિત્યનિર્માણ બહોળા પ્રમાણ પર થાય છે. પથનાટ્ય, વગનાટ્ય, ચિત્રપટ, દૂરદર્શન, આકાશવાણી, સમાચારપત્રોમાંથી બોલીની જમાવટ થાય છે. આવા પ્રકારના વિવિધ પ્રયોગોથી બોલીભાષાના આયોજનબદ્ધ ઉપક્રમો અમલમાં મુકાય તો એ અસ્તિત્વમાં રહેશે. લોકસાહિત્યમાંની પરંપરાગત વસ્તુ, ચિત્રમાળા, પોશાક, વિધિનાટ્ય અથવા વાસુદેવ, પોતરાજ, ઈત્યાદિ વ્યક્તિવિશેષોની એમની ભાષાશૈલી સહિત જમાવટ કરાવી વર્તમાનમાં સમાવિષ્ટ રાખવા એટલે જ ભાષા પ્રવાહિત રાખવી. આ પ્રકારે વિવિધ સ્તરે ભાષા અખંડ અથવા પ્રવાહિત રાખવા માટે બધા મળીને પ્રયત્નો કરીએ તો એનું ગુણવત્તાસભર અસ્તિત્વ ટકી રહી શકે.

**સંદર્ભ સૂચિઃ** (૧) ડૉ. પ્રકાશ પરબ, પુણે, વિદ્યાપીઠના મરાઠી વિભાગ ઉદ્‌બોધન વર્ગમાં તારીખઃ ૧૭-૧૨-૨૦૦૪થી ૦૬-૦૧-૨૦૦૫ના સમય દરમિયાન આપેલું વ્યાખ્યાન. (૨) ડૉ. ગણેશ દેવી ભારતીય ભાષાના લોકસર્વેક્ષણ, સંપા. અરુણ જાખડે, પદ્મગંધા પ્રકાશન, પુણે ૨૦૧૨. (૩) ડૉ. વૈજનાથ અનમુલવાડ, સંપા. ઈસાપ પ્રકાશન, નાંદેડ. (૪) અરુણ સાધૂ, લોકરાજ્ય, ફેબ્રુઆરી, ૨૦૧૪. (૫) ગણેશ દેવી, લોકસત્તા, ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૩.

**સહાયક પ્રાધ્યાપક, મરાઠી ભાષા વિભાગ,**
**સ્વામી રામાનંદ તીર્થ મરાઠવાડા વિદ્યાપીઠ, નાંદેડ.**



**ભાષાવાર પ્રાંત રચનાનુસાર તારીખ ૧ મે, ૧૯૬૦ને દિવસે મહારાષ્ટ્ર રાજ્યનું નિર્માણ થયું. ત્યારથી સ્વતંત્ર રાજ્યનો પ્રશાસકીય કારભાર મરાઠી ભાષામાં કરવા માટે મહારાષ્ટ્ર રાજભાષા અધિનિયમ, ૧૯૬૪ અન્વયે મરાઠી ભાષા રાજભાષા તરીકે અમલમાં આવી. મરાઠી ભાષાના સર્વાંગી વિકાસની દૃષ્ટિએ મહારાષ્ટ્ર રાજ્યના સુવર્ણ મહોત્સવ વર્ષમાં ૨૨ જુલાઈ, ૨૦૧૦માં મરાઠી વિભાગની સ્થાપના કરવામાં આવી છે. મરાઠી ભાષાના પ્રચાર ને પ્રસાર એ આ વિભાગનું મુખ્ય કામ અને ધોરણ છે. આ ધોરણનો અમલ અસરકારક રીતે કરવા માટે મરાઠી ભાષા વિભાગ અંતર્ગત રાજ્ય મરાઠી વિકાસ સંસ્થા, ભાષા સંચાલનાલય, મહારાષ્ટ્ર રાજ્ય મરાઠી વિશ્વકોશ નિર્મિતી મંડળ, મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય અને સંસ્કૃતિ મંડળ વિભાગો કાર્યરત છે.**

# મરાઠીનું સંવર્ધન મરાઠીનું શ્રેષ્ઠત્વ

**અજય ભોસલે**

**આજની** મરાઠીના સ્વરૂપનો પાયો ઈસવી સન પૂર્વે ૨૦૦ના સમયના શાતવાહન કાળનો છે. ત્યાર બાદના કાળમાં સંસ્કૃત અથવા કન્નડ ભાષાનો રાજ્યાશ્રય મળવાથી મરાઠી ભાષાનો વિકાસ ધીમો પડી ગયો. યાદવ કાળમાં આ ભાષાને ફરી વેગ મળ્યો. દરમિયાનના સમયમાં મુગલ આક્રમણોથી પર્શિયન ભાષાનો વપરાશ વધવા માંડ્યો. આવી સ્થિતિમાં વારકરી સંપ્રદાયે મરાઠી ભાષા જીવિત રાખવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. બ્રિટિશ રાજમાં અંગ્રેજીને મળેલા રાજ્યાશ્રયને કારણે બધી જ પ્રાદેશિક ભાષાઓ પર એક પ્રકારનું સંકટ નિર્માણ થયું, પણ દેશ સ્વતંત્ર થયો અને ભાષાવાર પ્રાંતરચના નિર્માણ થવાથી દરેક પ્રદેશમાં પોતાની સ્થાનિક ભાષાને, સંસ્કૃતિને ઉત્તેજન મળતું ગયું. મહારાષ્ટ્રમાં પણ રાજ્ય સરકારે મરાઠી ભાષા અને મહારાષ્ટ્રની સંસ્કૃતિનું સંરક્ષણ, જાળવણી અને સંવર્ધન કરવા માટે ૧ મે, ૧૯૯૨ના દિવસે રાજ્ય મરાઠી વિકાસ સંસ્થાની સ્થાપના કરી. આ ઉપરાંત, મરાઠીના સંવર્ધન માટે 'મરાઠી સાહિત્ય સંસ્કૃતિ મંડળ', મરાઠી ભાષા શબ્દકોશ સમૃદ્ધિ માટે 'વિશ્વકોશ નિર્મિતી મંડળ'ની સ્થાપના કરવામાં આવી. આ સિવાય વિવિધ ખાનગી સંસ્થાઓ સ્વયં સ્ફુરણાથી મરાઠીના પ્રસાર માટે કામ કરે છે.

મરાઠીના પ્રસાર માટે સરકારી સ્તરે અનેક ઉપક્રમ અમલમાં મૂકવામાં આવ્યા છે. મરાઠી ભાષાની પ્રાચીનતા વિચારમાં લઈ મરાઠીને અભિજાત (ક્લાસિકલ) દરજ્જો પ્રાપ્ત કરાવવા સમિતિ નીમવામાં આવી છે. સમિતિને ભાષાની પ્રાચીનતા, મૌલિકતા અને સળંગતા, પ્રાચીન ભાષા અને એના અદ્યતન રૂપનો સંબંધ વિચારમાં લઈ પોતાનો અહેવાલ સરકારને આપ્યો હતો. આ અહેવાલ કેન્દ્ર સરકારને મોકલવામાં આવ્યો છે તેમ જ મરાઠીના સર્વાંગી વિકાસ માટે આગામી પચ્ચીસ વર્ષની સ્થિતિ વિચારમાં લઈ સાર્વત્રિક મરાઠી ભાષા ધોરણ તૈયાર કરવાનું કામ ચાલુ છે. પ્રશાસનના અંતર્ગત રહેલાં વિવિધ ક્ષેત્રીય કાર્યાલયો વિખરાયેલાં હોવાથી તમામ કાર્યાલયોને એક જ છત હેઠળ સુવિધા ઉપલબ્ધ કરી આપવાની દૃષ્ટિએ મુંબઈમાં મરાઠી ભાષા ભવન નિર્માણ કરવાનો મહત્ત્વનો નિર્ણય સરકારે લીધો છે.

'મરાઠી ભાષાસંવર્ધન પખવાડિયું', 'મરાઠી ભાષા ગૌરવ દિન', 'વાંચન પ્રેરણા દિન', વગેરે માધ્યમો થકી મરાઠીની જ્યોત પ્રજ્વલિત રાખવાનું કાર્ય જોશમાં શરૂ છે. તમામ વિષયમાંના શબ્દો મરાઠી ભાષામાં ઉપલબ્ધ હોવાની દૃષ્ટિએ વિશ્વકોશ મંડળના ઉપક્રમ હેઠળ હાલ સુધી ૨૦ ખંડ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. આ વિશ્વકોશ મોબાઈલ



ઍપ પર પણ ઉપલબ્ધ છે.

સરકારી વ્યવહાર અને ન્યાયવ્યવહારમાં મરાઠી વપરાશ અસરકારક રીતે કરવા માટે અનેક પરિભાષાકોશ નિર્માણ કરવામાં આવે છે. એવો કોશ હવે મોબાઈલ ઍપ પર ઉપલબ્ધ કરી આપવામાં આવ્યો છે. ભાષા સંચાલનાલયે વિવિધ વિષયના લગભગ ૨૯ પરિભાષાકોશ પ્રસિદ્ધ કર્યા છે. ૧૦ પરિભાષા કોશોનું કાર્ય હાથમાં લેવામાં આવ્યું હોઈ નવા પરિભાષાકોશ પ્રસ્તાવ હેઠળ છે. રાજ્ય મરાઠી વિકાસ સંસ્થા મરાઠીનો વપરાશ વધુ ગુણવત્તાયુક્ત કરવા માટે ચર્ચાસત્રો, પ્રકાશનોના માધ્યમ દ્વારા મરાઠી ભાષાના સંવર્ધનનું કામ પાર પાડે છે.

રાજ્ય મરાઠી વિકાસ સંસ્થા મારફત અન્ય રાજ્યોના મરાઠી ભાષી વિદ્યાર્થીઓને મદદ, મહારાષ્ટ્ર બહાર કામ કરનારી સંસ્થાઓને મદદ, પુસ્તક પ્રદર્શન, મોડી હસ્તલેખનનો અભ્યાસ, અમરાઠી ભાષીઓ માટે ઉપક્રમ, મરાઠી દુર્લભ ગ્રંથોનું કમ્પ્યુટરાઈઝ્ડ, સંસ્થાના પ્રકરણમાં પ્રકાશનનું ઈ-પુસ્તક સ્વરૂપમાં રૂપાંતર કરવું જેવા ઉપક્રમ અમલમાં મૂકવામાં આવ્યા છે.

**ભાષા સલાહકાર સમિતિ:** રાજ્યમાં સાધારણ રીતે આગામી પચ્ચીસ વર્ષ માટે મરાઠી ભાષાનું ધોરણ નક્કી કરવું, ભાષા અભિવૃદ્ધિ માટે નીતનવા ઉપાયો અને કાર્યક્રમો સૂચવવા અને સરકારને માર્ગદર્શન કરવા માટે ભાષા સંચાલનાલય હેઠળ ભાષા સલાહકાર સમિતિ સ્થાપન કરી છે.

**અભિજાત ભાષાનો દરજ્જો:** એકાદી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો આપવાની કાર્યવાહી કેન્દ્ર સરકાર મારફત કરવામાં આવે છે. મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો મળવા સંબંધે અહેવાલ રજૂ કરવા માટે રાજ્ય સરકારે જ્યેષ્ઠ સાહિત્યિક પ્રા. રંગનાથ પઠારેની અધ્યક્ષતા હેઠળ મરાઠી ભાષા વિશેષજ્ઞ સંશોધકોની અભિજાત મરાઠી ભાષા સમિતિની રચના કરી હતી. આ સમિતિનો અહેવાલ કેન્દ્રમાં મોકલ્યો હોઈ આ માટે કેન્દ્ર સરકાર સાથે ફોલોઅપ થઈ રહ્યું છે.



**મરાઠી ભાષા સંવર્ધન પખવાડિયું:** મરાઠી ભાષાનો વૈભવ જાળવવા માટે એની સંવૃદ્ધિ અને ખિલવણી માટે દર વર્ષે (૧ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી સુધી) મરાઠી ભાષા સંવર્ધન પખવાડિયું ઊજવવામાં આવે છે.

**ઉચ્ચ ન્યાયાલયની પ્રાધિકૃત ભાષા મરાઠી:** ભારતીય બંધારણની કલમ ૩૪૮(૨)માં ઉચ્ચ ન્યાયાલયની અધિકૃત ભાષા મરાઠી કરવા માટે કાયદો અને ન્યાય વિભાગમાં આગળની કાર્યવાહી શરૂ છે.

**પરિભાષા કોશ શબ્દકોશ:** ભાષા સંચાલનાલયે હાલ સુધી વિવિધ વિષયના અને જ્ઞાનશાખાના પરિભાષાકોશ, શાસન વ્યવહાર ઉપયોગી માર્ગદર્શક પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે. એમાં શાસન વ્યવહાર ઉપયોગી શબ્દકોશ છ, શાસન વ્યવહાર ઉપયોગી માર્ગદર્શક પુસ્તિકા નવ, પરિભાષાકોશ ૨૯, પરિભાષિક શબ્દાવલીઓ ચાર સહિત ૫૦ પ્રકાશનો પ્રસિદ્ધ કર્યાં છે.

**રાજ્ય કાયદાઓ મરાઠીમાં:** મરાઠીમાં પ્રસિદ્ધ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરેલી રાજ્ય અધિનિયમની સંખ્યા ૬૦૨ જેટલી હોઈ એમાંથી અદ્યતન કરીને પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કરેલી રાજ્ય અધિનિયમની સંખ્યા ૩૨૯ છે.

**મરાઠી વિશ્વકોશ:** 'મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય અને સંસ્કૃતિ મંડળ'ની સ્થાપના વર્ષ ૧૯૬૦માં કરવામાં આવી. ત્યાર બાદ આ મંડળના ભાગલા કરી સ્વતંત્ર રીતે 'મહારાષ્ટ્ર રાજ્ય મરાઠી વિશ્વકોશ નિર્મિતી મંડળ'ની સ્થાપના ૧૯૮૦માં કરવામાં આવી. મંડળની સ્થાપના બાદ મરાઠી વિશ્વકોશના ૧થી ૨૦ (સંહિતા ખંડ) અને ખંડ ૨૧ (સૂચિ ખંડ) પ્રકાશિત કરવાની યોજના હતી. એ અનુસાર મરાઠી વિશ્વકોશનો પ્રથમ ખંડ ૧૯૭૬માં પ્રકાશિત કરવામાં આવ્યો હોઈ અંતિમ ખંડ ૨૦ (ઉત્તરાર્ધ) જૂન, ૨૦૧૫માં પ્રકાશિત કરવામાં આવ્યો. ૨૦૧૯માં ૨૧ સૂચિ ખંડ પ્રકાશિત કરવામાં આવ્યા. એ સાથે જ કુમાર વિશ્વકોશમાં ખંડ-૨ જીવસૃષ્ટિ અને પર્યાવરણ ભાગ-૧ (અંકુરણ તે ગ્લુકોઝ) ભાગ-૨ (ઘટસર્પ તે પેરામેશિયમ) મુદ્રિત સ્વરૂપમાં અને દૃશ્યશ્રાવ્ય માધ્યમ તેમ જ બ્રેઈલ લિપિમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. ભાગ-૩ (પાંગરાતે લૈંગિક પારેષિત સંક્રમણ) ત્રણે ખંડની મળીને ૮૫૦ નોંધ વેબસાઈટ પર ઉપલબ્ધ કરી છે.


**જ્ઞાનમંડળો:** મરાઠી વિશ્વકોશના આધુનિકીકરણ માટે જ્ઞાનમંડળો સ્થાપન કરવાની માન્યતા આપવામાં આવી છે. એ અનુસાર મરાઠી વિશ્વકોશ નિર્મિતી મંડળ મારફત મહારાષ્ટ્રની જુદી જુદી વિદ્યાપીઠો, શૈક્ષણિક અને સંશોધન સંસ્થામાં વિષય પ્રમાણે ૬૦ જ્ઞાનમંડળો સ્થાપન કરવાનો મંડળની યોજના છે. એમાંથી હાલની સ્થિતિમાં ૪૫ જ્ઞાનમંડળો કાર્યરત છે.

**પુસ્તકોનું ગામ:** મહાબળેશ્વર નજીક ભિલાર ગામે એ કાર્યરત કરવામાં આવ્યું છે. ભિલાર ગામમાં સાર્વજનિક સ્થળે પચ્ચીસ જગ્યાઓનું ચયન થયું હોઈ પર્યટકોને ત્યાં સહજતાથી પુસ્તકો વાંચવા મળે એવી યોજના છે.

**રંગવૈખરી:** (નાટ્યાવિષ્કાર) મરાઠી સાહિત્યના માન્યવર લેખકોની સાહિત્યકૃતિઓની વિવિધ કળાઓના આધારે નાટ્યાવિષ્કાર રજૂ કરવા લગાવનારા રંગવૈખરી મહાવિદ્યાલયીન વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

**વાંચનયાત્રા:** વાંચન પ્રેરણા દિનના દિવસે ડેક્કન ક્વીન અને પંચવટી ટ્રેનના પાસધારકો માટે ડબ્બામાં ફરતાં ગ્રંથાલયની વાંચનસેવા શરૂ કરવામાં આવી છે.

**પુસ્તક પ્રકાશન યોજના:** ખાનગી પ્રકાશનો દ્વારા



સામાન્ય રીતે જે પુસ્તકો પ્રકાશિત કરવા માટે નકારવામાં આવે છે એવાં પુસ્તકો જિજ્ઞાસુ, હોશિયાર તેમ જ સામાન્ય વાચકોને ઓછામાં ઓછી કિંમતે ઉપલબ્ધ કરી આપવાની આ યોજના છે. આ યોજનામાં શાસ્ત્રીય (વિજ્ઞાન) ગ્રંથમાળા, ઉત્તમ ગ્રંથોનું ભાષાંતર, મહારાષ્ટ્રના ઈતિહાસ સાથે સંબંધિત ઐતિહાસિક કાગળપત્રોનું સંપાદન અને પ્રકાશન, વૈચારિક, સમીક્ષાત્મક, ચરિત્રાત્મક (મહારાષ્ટ્રનો શિલ્પકાર), વગેરે વિષયો પર ગ્રંથો પ્રકાશિત કરવામાં આવે છે અને પુનર્મુદ્રણ પણ કરવામાં આવે છે. આ યોજના અનુસાર મંડળે અત્યાર સુધી ૫૪૯ પુસ્તક

પ્રકાશિત કર્યાં છે.


**લલિત પુસ્તક પ્રકાશનાર્થ યોજનાઃ** આ યોજના હેઠળ મરાઠીના વૈચારિક અને શાસ્ત્રીય વિષયો પરના ગ્રંથોનો અભાવ ધ્યાનમાં લઈ લખાયેલા શાસ્ત્રીય અને તાંત્રિક વિષયો પરનાં સંશોધન અને વિશેષ એવા ઉત્તમ દરજ્જાના લેખનનો વિચાર અનુદાન માટે કરવામાં આવે છે. પુસ્તક પ્રકાશનાર્થ અનુદાન માટે વ્યક્તિ અથવા સંસ્થા પાસેથી પ્રાપ્ત થનારા પુસ્તકના પ્રકાશન ખર્ચના ૭૫ ટકા જેટલી ઓછી, પણ વધુમાં વધુ ૩૦,૦૦૦ રૂપિયાની અર્થ સહાયતા કરવામાં આવે છે.

**નૂતન લેખક ઉત્તેજનાર્થ અનુદાન યોજનાઃ** આ યોજના અંતર્ગત જેનું એક પણ પુસ્તક પ્રકાશિત થયું નથી એવા નવા લેખકોની કથાઓ, નવલિકાઓ, લલિતગદ્ય, કાવ્યો, નાટક (એકાંકીઓ), બાળસાહિત્ય લેખન પ્રકાશન માટે મંડળ તરફથી અનુદાન આપવામાં આવે છે. પ્રકાશકોને નવા લેખકોનાં પુસ્તકો સૂચિત પદ્ધતિથી મંડળને છાપી આપ્યા બાદ નિર્માણખર્ચના ૭૫ ટકા અનુદાન આપવામાં આવે છે. આ યોજનામાં અત્યાર સુધી ૨૧૯૭ નવા લેખકોનાં પુસ્તકો પ્રકાશિત થયાં છે.

**કાર્યશાળા અનુદાન યોજનાઃ** નવા લેખકોને જ્યેષ્ઠ સાહિત્યકોનું માર્ગદર્શન મળવું, એમના લેખનમાં સુધારો થવો એ માટે મહારાષ્ટ્રનાં વિવિધ સ્થળે નવા લેખકોનાં ચર્ચાસત્ર-કાર્યશાળા આયોજિત કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત નવા લેખકોની સાત કાર્યશાળાઓનું આયોજન દરેકને પચાસ હજાર રૂપિયા પ્રમાણે કુલ ત્રણ લાખ પચાસ હજાર અનુદાન વિતરણ કરવામાં આવે છે.

**સાહિત્ય સંસ્થાઓને અનુદાનઃ** આ યોજનામાં અખિલ ભારતીય મરાઠી સાહિત્ય મહામંડળ, વિદર્ભ સાહિત્ય સંઘ-નાગપુર, મરાઠવાડા સાહિત્ય પરિષદ-ઔરંગાબાદ, મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ-પુણે, મરાઠી સાહિત્ય સંઘ-મુંબઈ, કોંકણ મરાઠી સાહિત્ય પરિષદ-રત્નાગિરિ અને દક્ષિણ મહારાષ્ટ્ર સાહિત્ય સભા-કોલ્હાપુર એવી કુલ સાત સાહિત્ય સંસ્થાના વિવિધ સાહિત્યિક ઉપક્રમો દ્વારા મરાઠી ભાષા અને સાહિત્યનું વિકાસકાર્ય કરવા માટે દરેકને વાર્ષિક ૧૦ લાખ રૂપિયા અનુદાન આપવામાં આવે છે.

**મરાઠી સાહિત્ય સંમેલનને અનુદાનઃ** અખિલ ભારતીય મરાઠી સાહિત્ય મંડળ તરફથી દર વર્ષે 'અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલન' આયોજિત કરવામાં આવે છે. આ અખિલ ભારતીય




મરાઠી સાહિત્ય સંમેલન માટે ૫૦ લાખ રૂપિયા અનુદાન આપવામાં આવે છે. મુખ્ય સાહિત્ય સંમેલનની માફક જ જુદા જનસમૂહના અને ઉપેક્ષિત વર્ગના અન્ય મરાઠી સાહિત્ય સંમેલનોને અનુદાન આપવામાં આવે. આ મહારાષ્ટ્ર રાજ્ય સંસ્કૃતિક ધોરણ ૨૦૧૦ની સૂચના અનુસાર દર વર્ષે બે લાખ રૂપિયા કુલ રકમ ૩૦ લાખ અનુદાન આપવામાં આવે છે. ગત વર્ષથી આ અનુદાન ૬૦ લાખ રૂપિયા કરવામાં આવ્યું છે.

**સામયિકોની અનુદાન યોજનાઃ** આ યોજના હેઠળ વિવિધ વિષયો પર મરાઠી ભાષામાં પ્રસિદ્ધ થનારાં ૫૫ સામયિકોને દર વર્ષે અનુદાન આપવામાં આવે છે.

**રાજ્ય વાંગ્મય પુરસ્કાર યોજનાઃ** આ યોજના હેઠળ (અ) પ્રૌઢ વાંગ્મય વિભાગમાં ૨૨ વાંગ્મય પુરસ્કાર, (બ) બાળ વાંગ્મય વિભાગમાં છ પુરસ્કાર, (ક) પ્રથમ પ્રકાશન વિભાગમાં છ પુરસ્કાર અને (ડ) સરફોજીરાજે ભોસલે બૃહન્મહારાષ્ટ્ર પુરસ્કાર એક એમ કુલ ૩૫ રાજ્ય વાંગ્મય પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે.

**જીવન ગૌરવ પુરસ્કાર યોજનાઃ** મરાઠી સાહિત્ય-વાંગ્મય ક્ષેત્રમાં મજબૂત અને મૂલ્યવાન કામગીરી કરનારા જ્યેષ્ઠ સાહિત્યકારને જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત જ્યેષ્ઠ સાહિત્યકાર સ્વર્ગીય વિંદા કરંદીકરના નામે જીવન ગૌરવ પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે. આ પુરસ્કારનું સ્વરૂપ પાંચ લાખ રૂપિયા રોકડા, માનચિહ્ન અને માનપત્ર છે.

**શ્રી પુ. ભાગવત પુરસ્કાર યોજનાઃ** સાહિત્ય સર્જનક્ષેત્રમાં લક્ષણીય અને ઉત્કૃષ્ટ કાર્ય કરનારી પ્રકાશન સંસ્થાઓના પ્રકાશ વ્યવસાયમાં મૂલ્યવાન કાર્ય કરનારા શ્રી પુ. ભાગવતના નામે દર વર્ષે પુરસ્કાર આપવામાં આવે છે. આ પુરસ્કારનું સ્વરૂપ રૂપિયા ત્રણ લાખની રકમ, માનચિહ્ન અને માનપત્ર એવું છે.

**બૃહદ્ પ્રકલ્પ યોજનાઃ** મહારાષ્ટ્રનાં સાહિત્ય, સંસ્કૃતિ અને ઈતિહાસ આ વિષય અને વિજ્ઞાન, આધુનિક તંત્રજ્ઞાન, સમાજવિદ્યાની કક્ષામાં આવનારા વિષયો પર મરાઠીમાં ગ્રંથસર્જન કરવું એ આ મંડળનો મુખ્ય ઉદ્દેશ છે. આ ઉદ્દેશ અનુસાર આ યોજના અંતર્ગત સાહિત્ય, સંસ્કૃતિ, કળા, ઈતિહાસ, વિજ્ઞાન, તંત્રજ્ઞાન, વૈચારિક, સામાજિક, સમીક્ષાત્મક, ચરિત્રાત્મક, શાસ્ત્રીય, વાગ્મયીન સંશોધન આ વિષયો પરનાં વૈવિધ્યપૂર્ણ, નાવીન્યપૂર્ણ અને દુર્લભ સ્વરૂપના બૃહદ્ગ્રંથ પ્રકલ્પ હાથ લેવા અને એ પ્રકાશિત કરવામાં આવે છે.

## માઝ્યા મરાઠીચી ગોડી

માઝ્યા મરાઠીચી ગોડી
મલા વાટતે અવીટ,
માઝ્યા મરાઠીચા છંદ
મના નિત્ય મોહવિત.

જ્ઞાનોબાંચી તુકયાચી
મુક્તેશાચી જનાઈચી,
માઝી મરાઠી ગોડી
રામદાસ શિવાજીચી.

યા રે, યા રે અવઘે જણ
હાક માયમરાઠીચી,
બંધ ખળાળા ગળાલે
સાક્ષ ભીમેચ્યા પાણ્યાચી.

ડફ તુણતુણે ઘેઉન
ઊભી શાહિર મંડળી,
મુજર્યાચી માનકરી
વીરાંચી હી માયબોલી.

નાંગરાચા ચાલે ફાળ
અભંગાચ્યા તાલાવર,
કોવળીક વિસાવલી
પહાટેચ્યા જાત્યાવર.

હિચે સ્વરૂપ દેખણે
હિચી ચાલ તડફેચી,
હિચ્યા નેત્રી પ્રભા દાટે
સાત્ત્વિકાચી, કાંચનાચી.

કૃષ્ણા ગોદા સિંધુજળ
હિચી વાઢવતી કાંતી,
અચાર્યાંચે આશીર્વાદ
હિચ્યા મુખી વેદ હોતી.

માઝ્યા મરાઠીચી થોરી
નિત્ય નવે રૂપ દાવી,
અવનત હોઈ માથા
મુખી ઉમટતે ઓવી.

– કવિ વિ.મ. કુલકર્ણી

**મરાઠી ભાષાને અભિજાત (ક્લાસિકલ) ભાષાનો દરજ્જો આપવા સંબંધેનો પ્રસ્તાવ કેન્દ્ર પાસે લાંબા સમયથી પડ્યો છે. એ મંજૂર થાય એ માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે અને વિવિધ ક્ષેત્રોના મરાઠી માન્યવરોની મદદ લેવામાં આવી રહી છે.**

# મરાઠીના સંવર્ધન માટે નવા ઉપક્રમો

**ડૉ. વિશ્વજિત કદમ,** રાજ્યપ્રધાન, મરાઠી ભાષા



**મરાઠી** ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો આપવા સંબંધે કેન્દ્ર સરકારનો સાથે સતત સંપર્ક કરવામાં આવી રહ્યો છે અને રાજ્યના સીમાડાના ભાગોમાં મરાઠી ભાષાના પ્રચાર ને પ્રસાર માટે ઉપક્રમો અમલમાં મૂકવાનો અમારો પ્રયત્ન છે. એ માટે મરાઠી ભાષા વિભાગ અંતર્ગત આવતા રાજ્ય મરાઠી સંસ્થા વિકાસ, ભાષા સંચાલનાલય, મહારાષ્ટ્ર રાજ્ય મરાઠી વિશ્વકોશ નિર્મિતી મંડળ, મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય અને સંસ્કૃતિ મંડળ, વગેરે વિવિધ ઉપક્રમોનું અવલોકન કરી અમે આગળની દિશા નક્કી કરવાની દૃષ્ટિએ મહત્ત્વનું પગલું ઊંચક્યું છે.

મરાઠી ભાષાને અભિજાત દરજ્જો આપવા માટેનો પ્રસ્તાવ કેન્દ્ર પાસે લાંબા સમયથી પડ્યો છે. એને મંજૂરી મળે એ માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. એ માટે વિવિધ ક્ષેત્રોના મરાઠી માન્યવરોની મદદ લેવામાં આવશે. યુવા પેઢીને મરાઠી ભાષાની લગની લાગે એ માટે વિવિધ ઉપક્રમો શરૂ કરવાની અમારી યોજના છે. મરાઠી ફિલ્મસૃષ્ટિનું મરાઠી ભાષામાં બહોળું યોગદાન છે એથી ફિલ્મ ક્ષેત્રના ગીતકાર, પટકથાકાર અને વેબસાઈટ પર વિવિધ માધ્યમો દ્વારા મરાઠીનો પ્રસાર કરનારાઓને પુરસ્કાર આપવા બાબત વિચાર કરવામાં આવી રહ્યો છે. મરાઠી ભાષા નવી પેઢી સુધી પહોંચે એ માટે 'યુટ્યૂબ' પર બાળગીતો, કથાઓની નાની નાની ફિલ્મો તૈયાર કરવામાં આવશે.

## ભાષા સંવર્ધન

મરાઠી ભાષાના વિકાસ અને સંવર્ધન માટે મરાઠી સાહિત્યકારોએ કરેલી તમામ સૂચનાઓનું સન્માન કરવામાં આવશે. અંગ્રેજી માધ્યમના શાળાકીય અભ્યાસક્રમમાં મરાઠી ભાષા ફરજિયાત કરવા બાબત આવનારા સત્રમાં કાયદો કરવામાં આવશે. એ માટે કાયદા અને ન્યાયવિભાગ, શાલેય શિક્ષણ વિભાગ, મરાઠી ભાષા વિભાગની હાલમાં જ બેઠક લેવામાં આવી. એમની બધી સૂચનાઓનો વિચાર કરી આ કાયદો કરવામાં આવશે. કાયદો કરતી વખતે કેટલીક ઉપ-સૂચનાઓ પણ તૈયાર કરવામાં આવશે. કર્ણાટક અને ઈતર રાજ્યોના કાયદાનો અભ્યાસ કરી મરાઠી ભાષા અધિનિયમ તૈયાર કરવામાં આવશે.

મહાપાલિકાની શાળાઓમાં મરાઠી શિક્ષણનો વિકાસ થવો એ માટે મરાઠી ભાષા વિભાગ પ્રયાસો કરે છે. મરાઠી વર્ણમાળા બાબતે શાસન આદેશ માટે વિશેષ બેઠક લઈ સંબંધિતોને સૂચના આપવામાં આવશે.

**શબ્દાંકન: નંદકુમાર વાઘમારે**
વિભાગીય સંપર્ક અધિકારી

■■









૧) મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને જ્યેષ્ઠ ઉદ્યોગપતિ રતન ટાટા
૨) મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે, ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને આનંદ મહિંદ્રા
૩) સહ્યાદ્રિ અતિથિગૃહમાં મહારાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસ બાબતે ચર્ચા.

# મારું મહારાષ્ટ્ર, તમારો ઉદ્યોગ, સર્વેની સમૃદ્ધિ

રાજ્યના વિકાસ માટે રોજગાર નિર્માણને સૌથી વધુ મહત્ત્વ આપ્યું છે. રોજગાર નિર્માણ માટે રાજ્યમાં રોકાણ વધવું જોઈએ, એ સાથે જ હમણાં જે ઉદ્યોગો કાર્યરત છે એમની સમસ્યાઓ દૂર થવી જોઈએ. એ માટે ઉદ્યોગપતિઓ અને સરકાર સાથેનો સંવાદ વધારવા માટે શ્રી ઉદ્ધવ ઠાકરેએ માનનીય ઉદ્યોગપતિઓ સાથે બેઠક કરીને એમની સમસ્યાઓ જાણી. મહારાષ્ટ્રને વિકાસના માર્ગ પર લઈ જવું હશે તો બધાં ક્ષેત્રનો વિકાસ કરવો જરૂરી હોવાથી રાજ્યના બધા જ વર્ગોને સાથે લઈ ચાલવું એવું સૂત્ર મુખ્ય પ્રધાને સ્વીકાર્યું છે. ખેતી, ઉદ્યોગ અને શિક્ષણ જેવાં ક્ષેત્રનો વિકાસ એકમેકનો સાથ લઈને થઈ શકે છે. એમણે મહત્ત્વ આપ્યું છે. દેશના માનનીય ઉદ્યોગપતિઓ સાથે થયેલી બેઠકમાં એમણે આ વાત પર વધુ ભાર આપ્યો છે.

## ખેતી, શિક્ષણ, રોજગારમાં યોગદાન

રાજ્યનાં વિકાસકામો વધુમાં વધુ ઝડપે પૂરાં કરીને એ દ્વારા જનતાનું જીવનધોરણ ઊંચે લઈ જવા પર સરકારનું લક્ષ હોવાથી જે પ્રકલ્પ રાજ્યના હિતના છે અને જે દ્વારા રાજ્ય વિકાસના માર્ગ પર અગ્રેસર થશે એની આડેના બધા અવરોધો દૂર કરવામાં આવશે એવું આશ્વાસન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ ઉદ્યોગપતિઓને આપ્યું. આ રાજ્ય કેવળ એક વર્ગનું નહીં, પણ સર્વ વર્ગને આપણું લાગવું જોઈએ એ માટે ઉદ્યોગોએ પણ રાજ્યના સર્વાંગી વિકાસમાં પોતાનો હિસ્સો વધારવો જોઈએ એવું આહ્વાન પણ એમણે કર્યું.

## પાયાભૂત સુવિધામાં સુધારણા

ગયાં કેટલાંક વર્ષમાં કેટલાંક કારણોને લીધે કેટલાક ઉદ્યોગો રાજ્યબહાર ગયા, પરંતુ હવે એક પણ ઉદ્યોગ બહાર જશે નહીં એની કાળજી રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવશે એવી ખાતરી મુખ્ય પ્રધાને આપી. આ જ રીતે અન્ય રાજ્યના સારા ઉદ્યોગ પણ મહારાષ્ટ્રમાં કેમ શરૂ થઈ શકે એ માટે એમને આકર્ષવામાં આવશે. જમીનની કિંમત, વીજદર, રસ્તાઓની તેમ જ બીજી પાયાભૂત સુવિધાની હાલત સુધરે અને વિવિધ પરવાનગી ઝડપથી મળે એ સંદર્ભમાં ઉદ્યોગ વિભાગને અને સંબંધિત તંત્રને નિર્દેશ આપવામાં આવ્યા હોવાથી ઉદ્યોગો સામેની સમસ્યા દૂર કરવામાં આવશે.

## શહેરોને મળશે ઓળખ

રાજ્યના વિકાસ માટે ઉદ્યોગ સાથે જ પર્યટનવિકાસનું પણ મહત્ત્વ છે. રાજ્યનાં વિવિધ શહેરોની વિશિષ્ટતાઓને પર્યટનના નકશા પર લાવવામાં આવે તો પર્યટન વધશે ને સાથે જ શહેર પણ વિકાસના નવા માર્ગ પર દોડશે. આ માટે શહેરોની ઓળખ વિશ્વભરમાં થશે એવા સ્વરૂપનો આ ક્ષેત્રનો વિકાસ કરવામાં આવશે.

## પાલિકા શાળાઓનો વિકાસ

શિક્ષણક્ષેત્રમાં સારો ફેરફાર કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાથી વિશેષ રૂપે પાલિકાની શાળાઓમાં ઉત્તમ અને તંત્રજ્ઞાનયુક્ત શિક્ષણ સરળ-સહેજ રીતે મળે ને ટેલિમેડિસિન જેવાં યંત્રણોના ઉપયોગથી દુર્ગમ વિસ્તારમાં સારી તબીબી સેવા આપવા માટે પણ ઉદ્યોગપતિઓની મદદ લેવામાં આવશે.

## ઉદ્યોગ અને શિક્ષણની જોડ

ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું સરકારનું ધોરણ હોવાથી આમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોના વિકાસમાંથી રોજગાર નિર્માણ થવા પર પણ ભાર આપવામાં આવ્યો હોવાથી ઉદ્યોગ અને શિક્ષણને જોડવામાં આવશે. એના લીધે ઉદ્યોગનો વિસ્તાર, કૌશલ્ય આધારિત શિક્ષણ અને રોજગાર નિર્મિતી આ ત્રણેય બાબત પ્રાપ્ત કરી શકાશે.

## ઉદ્યોગપતિઓએ વ્યક્ત કરી અપેક્ષા

ઉદ્યોગોની વિવિધ પરવાનગીઓ વધુ ગતિએ મળે, વીજદરમાં વધુ સવલત મળે, નવા ઉદ્યોગો સ્થાપવા માટે વધુ સાહસવાળા નિર્ણય લઈ શકાય, તંત્રજ્ઞાનનો સુયોગ્ય ઉપયોગ કરી શકાય, મુંબઈનું આર્થિક કેન્દ્ર થવું, મોટા ઉદ્યોગો સાથે લઘુ ઉદ્યોગો-વ્યવસાયોનો પણ વિકાસ થાય, સસ્તાં ઘર યોજના વધુ યોગ્યતાથી અમલમાં મૂકવી, કૃષિક્ષેત્રનો વિકાસ કરતી વખતે પશુસંવર્ધન ઉદ્યોગ વધારવો, નવી ઔદ્યોગિક વસાહતો નિર્માણ કરવી, સારાં આર્થિક ક્ષેત્રો સ્થાપન કરવાં, સારા પ્રકલ્પ દ્વારા વિવિધ પ્રકલ્પોને ગતિ આપવી, પર્યટન ઉદ્યોગ વધારવો... એવાં વિવિધ સૂચન કર્યાં.

આ અવસરે રતન ટાટા, મુકેશ અંબાણી, ઉદય કોટક, આનંદ મહિન્દ્રા, આદિ ગોદરેજ, હર્ષ ગોયંકા, માનસી કિર્લોસ્કર, રાજેશ શાહ, આનંદ પિરામલ, અશોક હિંદુજા, નિરંજન હીરાનંદાની, વરુણ બેરી, મહેન્દ્ર તુરાખિયા, રવિ રાહેજા, બાબા કલ્યાણી, ગોપીચંદ હિંદુજા, સજ્જન જિંદાલ, ગૌતમ સિંઘાનિયા, દીપક પારેખ, ઉદય કોટક, પિરોજશા ગોદરેજ, ભાવિન તુરાખિયા જેવા માનનીય ઉદ્યોગપતિઓએ પોતાની અપેક્ષા વ્યક્ત કરી અને નવી સરકારને ઉદ્યોગોની સમૃદ્ધિ માટે સૂચન પણ કર્યાં.

## મુંબઈનો વિકાસ ગતિથી

દેશની આર્થિક રાજધાની મુંબઈના વિકાસ સિવાય રાજ્યનો વિકાસ પૂરો થતો નથી. આ માટે મુંબઈના પાયાભૂત વિકાસ તરફ વિશેષતાથી ધ્યાન આપવામાં આવ્યું છે. મુંબઈમાં પરદેશી પર્યટકો આવવાનું પ્રમાણ ઘણું હોવાથી પર્યટન વ્યવસાય વધુ ગતિએ થાય એ માટે મુંબઈના રસ્તા, ફૂટપાથની અવસ્થા સુધારીને એમને ઉત્તમ દરજ્જાનું સૌંદર્યકરણ કરવામાં આવશે એવી માહિતી પર્યટનપ્રધાન આદિત્ય ઠાકરેએ આપી.

આ વિકાસ કરતી વખતે મુંબઈની જનતા ખુલ્લામાં શ્વાસ લઈ શકે એ માટે 'અર્બન ફોરેસ્ટ' આ સંકલ્પના શહેરમાં અમલમાં આવનારી હોવાથી ૬૬ હરિત સ્થળોને વિકસિત કરવામાં આવશે. એના લીધે શહેરની કાર્બન ફૂટપ્રિન્ટ ઓછી થવામાં અને શહેરની સુંદરતામાં પણ મદદ મળશે. ઘનકચરા વ્યવસ્થા પર પણ વધુ ભાર આપવામાં આવતો હોવાથી સોશિયલ મિડિયાના માધ્યમથી નાગરી સુવિધાવિષયક તકરારો પર તાત્કાલિક ધ્યાન આપવામાં આવે છે એવું એમણે જણાવ્યું.

પરિવહન વ્યવસ્થાને નજર સામે રાખીને બધાં જ શહેરોની રચના હોય એવું નિયોજન છે એવું પણ એમણે કહ્યું. એમણે 'મુંબઈ ૨૪ કલાક ' ધોરણ, પર્યાવરણ, ઈલેક્ટ્રિક વાહનો, વગેરે વિવિધ વિષય પર મુખ્યત્વે કામ કરવામાં આવશે એવું જણાવ્યું.

## ૧૮ હજાર કરજ પ્રકરણ

રાજ્ય સરકારે રોજગાર અને સ્વયંરોજગાર નિર્માણ માટે શરૂ કરેલા 'મુખ્ય પ્રધાન રોજગાર નિર્મિતી કાર્યક્રમ'ની અસરકારક અમલબજાવણી કરવાના નિર્દેશ ઉદ્યોગપ્રધાન સુભાષ દેસાઈએ આપ્યા છે. આ કાર્યક્રમ હેઠળ ડિસેમ્બરના અંત સુધી ૨૩ હજાર અરજી પ્રાપ્ત થઈ હોવાથી ૧૮ હજાર અરજી પાત્ર ઠરી છે. હમણાં સુધી કરજ મંજૂરી માટે ૧૧ હજાર ૪૨૨ પ્રકરણ બૅન્કમાં મોકલવામાં આવ્યાં છે. બૅન્ક તરફથી મંજૂરીની પ્રક્રિયા શરૂ છે.

'મુખ્ય પ્રધાન રોજગાર નિર્મિતી કાર્યક્રમ'ને મોટો પ્રતિસાદ સાંપડ્યો છે. વિશેષ તો મહિલા અરજદારોનું પ્રમાણ ૪૧ ટકા જેટલું છે. આ યોજનામાંથી લગભગ




**મહારાષ્ટ્ર સરકાર અને કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ સીઆઈઆઈના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ચર્ચા મુખ્ય પ્રધાન ઠાકરે સાથે' કાર્યક્રમમાં ઉપસ્થિત માન્યવર ઉદ્યોગપતિ. આ અવસરે ઉદ્યોગપ્રધાન સુભાષ દેસાઈ અને પર્યટનપ્રધાન આદિત્ય ઠાકરે પણ ઉપસ્થિત હતા.**

૧૦ હજાર લાભાર્થીને લાભ આપવાનો સરકારનો ઉદ્દેશ છે. સેવા ક્ષેત્ર માટે દસ લાખ તો મધ્યમ અને મોટા ઉદ્યોગ માટે ૫૦ લાખ સુધીની આર્થિક સહાય આપવામાં આવતી હોવાથી માર્ચ સુધી આ લક્ષ પૂરું કરવામાં આવશે.

## અન્નપ્રક્રિયા કેન્દ્ર

મહારાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસ દ્વારા ઉદ્યોગપતિઓ અને ખેડૂતોને સબળ કરવા એ સરકારનો મુખ્ય હેતુ છે. આ પાર્શ્વભૂમિ પર ઔરંગાબાદના બિડકીનમાં પાંચસો એકર જમીન પર 'અન્નપ્રક્રિયા કેન્દ્ર' ઊભું કરવામાં આવશે એવી જાહેરાત મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કરી છે.

ખેડૂતો અને ઉદ્યોગપતિઓની મહેનતને, એમની પ્રબળ ઈચ્છાશક્તિને સરકારના સક્રિય પ્રયત્નોનો મજબૂત સાથ આપવાનું સરકારનું માનસ છે. ખેડૂતોને કરજમુક્ત કરતી વખતે જ હવે ખેડૂતને ચિંતામુક્ત કરવાની સરકારની પહેલ છે. ઉદ્યોગ વિકાસ દ્વારા અહીંના ખેડૂતો-ભૂમિપુત્રોને રોજગારની તક આપવીને ઉદ્યોગપતિઓને સક્ષમ કરવા એ સરકારનો મુખ્યત્વ હેતુ છે. ઉદ્યોગ અને કૃષિ બન્ને વિભાગના સમન્વયથી અન્નપ્રક્રિયા, તેલીબિયાં પ્રક્રિયા જેવા પાકથી સંકળાયેલા અન્નપ્રક્રિયા ઉદ્યોગોને મોટા પ્રમાણમાં ગતિ આપવામાં આવશે.

બિડકીનની પાંચસો એકર જમીન પર અન્નપ્રક્રિયા કેન્દ્રનું જલદી ભૂમિપૂજન કરીને કેન્દ્ર ઊભું કરવાનું કામ ઝડપી પૂરું કરવામાં આવશે તેમ જ આ જગ્યાએ ૧૦૦ એકર જમીન મહિલા ઉદ્યોગ સાહસિકો માટે અનામત રાખવામાં આવશે.

મરાઠવાડામાં ઉદ્યોગ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રમાણમાં કામ થતું હોવાથી ઉદ્યોગવિકાસ માટે બધા પ્રકારનાં સહકાર્ય સરકારી સ્તર પર ઉપલબ્ધ કરી આપવામાં આવશે.

## કૌશલ્ય વિકાસ સંકુલ

રાજ્યમાં નવા ઉદ્યોગ સમૂહ અને વ્યવસાયની તક વિસ્તરવાની છે. આ માટે માનવબળ ઉપલબ્ધ કરી આપવા માટે જલદી જ શેંદ્રામાં કૌશલ્ય વિકાસ સંકુલ ઊભું કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય બજારોમાં પોતાની સ્વતંત્ર ઓળખાણ નિર્માણ કરવાની ક્ષમતા મહારાષ્ટ્રના મરાઠવાડાના ઔદ્યોગિક ક્ષેત્રમાં છે. પારંપરિક ઉદ્યોગ-વ્યવસાયને આગળ જતાં આધુનિક પ્રયોગ કરીને વિશ્વને 'મેડ ઈન ઈન્ડિયા'ની ઓળખ આપણે કરી આપી શકીએ એવા વિશ્વાસ આપનારાં કામ મરાઠવાડામાં થાય છે.

## અતિરિક્ત ઔદ્યોગિક વસાહત

ઔરંગાબાદમાં અતિરિક્ત શેંદ્રા ઔદ્યોગિક વસાહત એક હજાર હેક્ટરક્ષેત્ર પર શરૂ કરવામાં આવશે. જાલના ઉસ્માનાબાદ, નાંદેડમાં ઉદ્યોગના વિસ્તાર માટેની પાયાભૂત સુવિધા ઉપલબ્ધ કરી આપવાનાં કામ વધુ ઝડપથી કરવામાં આવશે. કપાસ પર આધારિત ઉદ્યોગ-વ્યવસાય વિસ્તારવા માટે કપાસનો દરવધારો કરવામાં આવશે એટલે ઉસ્માનાબાદમાં ટેક્નિકલ હબ શરૂ કરવામાં આવશે.

મરાઠવાડામાં મોટા પ્રમાણમાં નવા ઉદ્યોગ આવનારા છે આ માધ્યમથી ૮ હજાર ૩૬૦ કરોડ રૂપિયાનું નવું રોકાણ આવવાનું છે અને ઉદ્યોગપતિઓને સેવા દરનો ભાર લાગશે નહીં એ પદ્ધતિએ એ ઓછો કર્યો છે.

અનિરુદ્ધ અષ્ટપુત્રે

**પ્રશાસનની** દરેક વ્યક્તિ એ પછી કોઈ પણ પદ પર હોય, એને યોગ્ય સન્માન અને આદર આપવો જોઈએ એ માટે મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે આગ્રહી છે. સાંગલી જિલ્લાના ઈસ્લામપુરના વાળવા તહસીલ કાર્યાલયના નવી ભવ્ય ઈમારતના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય પ્રધાને આ આદર્શ પાઠ આપ્યો...

ઈસ્લામપુરના વાળવા તહસીલ કાર્યાલયના એક સુંદર ઈમારતનું ઉદ્‌ઘાટન મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેના હસ્તે થયું. રિબન કાપવામાં આવી એ બાદ રસમ પ્રમાણે મુખ્ય પ્રધાન અને ઉપસ્થિત સર્વ મહાનુભાવો આ ઈમારતની કચેરીઓનું નિરીક્ષણ

**મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ પ્રશાસનને લોકાભિમુખ અને સંવેદનશીલ બનાવવા માટે ઉદાહરણ આપ્યાં છે. ખેડૂતો હોય કે વિદ્યાર્થી અથવા પ્રશાસનના અધિકારી હોય એમને એમના કામના હક્ક મળવા જોઈએ એ માટે એ એકદમ આગ્રહી છે. સામાન્ય જનતાને પોતાના કામ માટે મુંબઈ સુધી લાંબા થવું ન પડે એ માટે વિભાગીય સ્તરે મુખ્ય પ્રધાન સચિવાલય શરૂ કરવાનો નિર્ણય માત્ર ઘોષિત કર્યો નહીં, પણ એને તાકીદે કાર્યાન્વિત કરવા પર ભાર આપ્યો.**

# તમારી ખુરસી, તમારું માન...



**મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ વાળવા તહેસીલ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું. એ બાદ તહેસીલદારને એમની ખુરસી પર બિરાજમાન થવા જણાવ્યું હતું. એ અવસરે ત્યાં સંસદસભ્ય ધૈર્યશીલ માને.**

કરવા લાગ્યા. ઉપરના માળે બેઠક સભાગૃહ જોઈને મુખ્ય પ્રધાન સૌથી પહેલાથી માંડીને નીચેના માળા પરની તહસીલદારની ઑફિસ પાસે આવ્યા. ઈમારતનું આ મુખ્ય કાર્યાલય હોવાથી અંદર જઈને એમણે ઑફિસની રચના જોઈ.

સામે તહસીલદારની ખુરસી હતી. એના પર થોડો સમય બેસીને અચાનક એ ઊઠી ગયા અને થોડા દૂર ઊભા રહેલા તહસીલદાર રવીન્દ્ર સબનિસનો હાથ પકડીને ખુરસી પાસે લાવીને કંઈક સમજાય એ પહેલાં જ એમણે સવાલ કર્યો કે 'તમે તહસીલદાર ને? આ ખુરસી તમારી છે. બેસો.' મુખ્ય પ્રધાને જાતે પ્રેમાળ શબ્દોમાં આ આદેશ આપ્યા, જિલ્લાધિકારી અભિજિત ચૌધરી, પ્રધાન, રાજ્યકક્ષાના પ્રધાન પણ ત્યાં ઉપસ્થિત હતા એથી અચંબિત થયેલા તહેસીલદાર સબનિસે મુખ્ય પ્રધાનને નમ્રપણે કહ્યું: 'હું બેસી શકું નહીં. આ તમારી ઈમારત છે, તમે પ્રમુખ તરીકે કામ જોવાના છો. આ ખુરસી તમારી છે.' જો કે મુખ્ય પ્રધાને એવો જવાબ આપ્યો: 'આ ખુરસી પર તમને મારા હસ્તે બેસાડવાના છે.' મુખ્ય પ્રધાનનો આગ્રહ સામે સબનિસ નાછૂટકે ખુરસી પર બેઠા. મુખ્ય પ્રધાને એમની પીઠ થાબડતાં કહ્યું: 'તમે એક મહત્ત્વના પદ પર બેઠા છો અને મેં પોતે તમને બેસાડ્યા છે એટલે કામ પણ ચોખ્ખાઈથી કરજો.'

આ ઈમારતની બહાર કડવા લીમડાનું ઝાડ છે. વાળવાના લોકો આ ઝાડને સ્વતંત્ર ચળવળનું સાક્ષી ગણે છે. લોકોએ આ ઝાડ તોડવા આપ્યું નહોતું એટલે એનું બીજી જગ્યાએ પુનર્રોપણ કરવામાં આવ્યું. મુખ્ય પ્રધાનને આ ઝાડ વિશે પહેલેથી જ જાણકારી હતી. એ ઝાડની પાસે થોડો સમય ઊભા રહીને મુખ્ય પ્રધાને એમની સાથેના અધિકારી-કર્મચારીઓને કહ્યું: 'આ કડવા લીમડાની જેમ વર્તવું, ઘણો છાંયડો આપો અને આ ઝાડની જેમ પ્રેમ મેળવો. સૌથી મહત્ત્વનું એ કે તમારી પાસે આવનારા લોકોને બરાબર સમજો.'

મુખ્ય પ્રધાન ઉદ્‌ઘાટન કરીને જતા રહ્યા, પરંતુ ત્યારથી હું જ્યારે પણ એ નવા કાર્યાલયમાંની મારી ખુરસી પર બેસું છું કે મને બાજુમાં રાજ્યના મુખ્ય પ્રધાન ખુદ ઊભેલા હોય એવો ભાસ થાય છે એમ

તહેસીલદાર રવીન્દ્ર સબનિસ કહે છે.

### જનતાને રાહત

વહીવટી કામમાં લોકાભિમુખતા, પારદર્શકતા અને ગતિ લાવવા માટે વિભાગીય કમિશનર કાર્યાલયમાં 'મુખ્ય પ્રધાન સચિવાલય કક્ષ' સ્થાપન કરવાનો નિર્ણય મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ નાગપુર ખાતેના અધિવેશનમાં લીધો હતો. ત્યાર પછી થોડા દિવસોમાં જ રાજ્યના સર્વ વિભાગીય મહેસૂલ કમિશનર કાર્યાલયમાં મુખ્ય પ્રધાન સચિવાલય કક્ષ શરૂ કરવામાં આવ્યો છે.

**અરજીઓ પર કાર્યવાહીઃ** આ કક્ષમાં આવેલી અરજી, નિવેદનો સંબંધિત ક્ષેત્રીય સ્તરની યંત્રણાને કાર્યવાહી માટે તાકીદે મોકલી આપવામાં આવશે. લોકશાહી દિને આ અરજી અને નિવેદનો પર નક્કી શું કાર્યવાહી થઈ છે એની સમીક્ષા કરવામાં આવશે.

**પહોંચ મળશે-સમીક્ષા થશેઃ** અરજી કે નિવેદન લઈને આવનારી વ્યક્તિને પહોંચ આપવામાં આવશે. ક્ષેત્રીય સ્તરે કાર્યવાહી કરવાની હોય આવી અરજી વિભાગીય કમિશનરના નિયત્રંણમાં સંબંધિત ક્ષેત્રીય અધિકારી પાસે તાકીદે મોકલી આપવામાં આવશે. જે અરજી પર સરકારી કાર્યવાહી અપેક્ષિત છે, જે વિષય ધોરણાત્મક બાબતો સાથે સંબંધિત છે એવા મહત્ત્વના પ્રકરણની અરજી અથવા નિવેદનો મુખ્ય પ્રધાન સચિવાલયના પ્રધાન સચિવને મોકલવામાં આવશે. ક્ષેત્રીય અધિકારી પાસે મોકલવામાં આવેલી અરજી, એના પર થયેલી કાર્યવાહી, પ્રલંબિત અરજીની માહિતી મુખ્ય પ્રધાન સચિવાલય કક્ષમાં દર મહિનાની પાંચ તારીખ પહેલાં આપવામાં આવશે.

### ખેડૂત સુખી થયો...

મુખ્ય પ્રધાનશ્રી ઉદ્ધવ ઠાકરેએ શપથવિધિ પછી દૈનિક જીવનમાં બહુ દુઃખી એક ખેડૂતની વ્યથાની દખલ લીધી હતી. જીવન ટૂંકાવવાની ઈચ્છાથી મુંબઈમાં આવેલા નાંદેડ જિલ્લાનો ધનાજી જાધવ મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેના શબ્દોને લીધે નવી આશા લઈને પાછો ફર્યો હતો.

મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ આત્મીયતાથી ધ્યાન આપીને આ ખેડૂતની ગયાં કેટલાંક વર્ષની માગણી આખરે પૂરી કરી છે. જમીનના સાતબારા નોંધણી આધુનિક થવાને લીધે જાધવને મોટો દિલાસો મળ્યો છે. જમીન પર કરજ નોંધમાં ફેરફાર ન થવાથી શ્રી જાધવના મોટા વ્યવહાર અટક્યા હતા. એ પર જાધવે મુંબઈ આવીને પોતાની વ્યથા રજૂ કરવાના પ્રયત્ન કર્યા. એમાં એમને મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેને મળવાની તક મળી. શ્રી જાધવે એમની જમીનના વ્યવહાર અને કરજ વિશે માહિતી આપી. શ્રી જાધવને નિરાશા થાય નહીં, એને શ્રેષ્ઠ મદદ કરવામાં આવશે એવું શ્રી ઠાકરેએ આશ્વાસન આપ્યું અને એમણે સંબંધિત તંત્રને નિર્દેશ આપ્યા. એ અનુસાર નાંદેડના જિલ્લા અધિકારી અરુણ ડોંગરેએ મહેસૂલ વિભાગ સહ શ્રી જાધવ અને સંબંધિત બૅન્ક અધિકારી સાથે સમન્વય સાધ્યો. શ્રી જાધવના પ્રકરણની વસ્તુનિષ્ઠતા તપાસીને જમીન વેચાણ પ્રકરણમાં ફેરફાર નોંધવાના નિર્દેશ આપ્યા. આ ફેરફારને લીધે શ્રી જાધવનો કરજ ચુકવણી સાતે ખેતીવિષયક કામોનો માર્ગ ખુલ્લો થયો છે.



**ખેડૂતોની વ્યથાથી અવગત થતા મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે.**

**મુખ્ય પ્રધાનના જનસંપર્ક અધિકારી**

## સંતોષને મળ્યું મુખ્ય પ્રધાનનું આશ્વાસન

મુંબઈમાં ચણા-મમરા વેચીને શિક્ષણ લેનારા રાજેવાડી (જિલ્લોઃ સાતારા, તાલુકોઃ માણ)ના સંતોષ સાબળેને મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ આશ્વાસન આપતાં કહ્યું હતું કે તું પ્રામાણિક રીતે પ્રયત્ન કર, તને જોઈતી મદદ કરવામાં આવશે.

સંતોષ સાબળે રાત્રે દસથી સવારના પાંચ વાગ્યા સુધી ચોપાટી પર ચણા-મમરા વેચીને રાજ્યશાસ્ત્રનો અભ્યાસ કરે છે. એને સ્પર્ધા પરીક્ષા આપી પ્રશાસકીય અધિકારી બનવું છે. સાતારામાંથી મુંબઈમાં આવીને સ્પર્ધા પરીક્ષાની તૈયારી કરનારા સંતોષ સાબળે વિશેના સમાચાર અખબારમાં પ્રસિદ્ધ થતાં મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ સંતોષનો સંપર્ક સાધવાનો આદેશ આપ્યો. એ અનુસાર રાત્રિનો નિત્યકર્મ પૂરો કરીને કૉલેજમાં જનારા સંતોષને મંત્રાલયમાં આવવા માટે સંદેશ આપવામાં આવ્યો.



**મુંબઈમાં ચણા-મમરા વેચીને શિક્ષણ લેતા રાજેવાડી (જિલ્લોઃ સાતારા, તાલુકોઃ માણ)ના સંતોષ સાબળે સાથે ચર્ચા કરતા મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે.**

મંત્રાલયમાં મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ સંતોષ સાથે દિલથી વાતો કરી. શિક્ષણ માટેના એના સંઘર્ષની પ્રશંસા કરી. શિક્ષણ માટે પ્રામાણિક રીતે પ્રયત્ન કરવાનું અને એ માટે જોઈતી મદદ કરવામાં આવશે એવી ખાતરી આપી. એ સાથે જ સંતોષને ક્યાં પ્રકારની મદદ કરી શકાય એની માહિતી લઈને, એને અભ્યાસ માટે તાકીદે સર્વોત્તમ મદદ કરવાના આદેશ મુખ્ય પ્રધાને સામાજિક ન્યાય વિભાગને આપ્યા. ભાવુક થયેલા સંતોષે મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ જાતે નોંધ લઈ પોતાના વિશે આટલી આત્મીયતાથી પૂછપરછ કરવા બદલ એમનો આભાર માન્યો. એમાંથી પ્રેરણા લઈને વધુ લગનથી શિક્ષણ માટે પ્રયત્ન કરવાનો મનસૂબો વ્યક્ત કર્યો.

# શહીદોનું અનોખું અભિવાદન



**બેલગામ** સહિત સંપૂર્ણ સીમા વિસ્તાર કર્ણાટકમાં સમાવેશ કરવાના નિષેધમાં કરાયેલા આંદોલનના શહીદોનું દર વર્ષે ૧૭ જાન્યુઆરીના અભિવાદન કરવામાં આવે છે. હાલ મહારાષ્ટ્રના રાજ્યકક્ષાના પ્રધાન રાજેન્દ્ર પાટીલ યડ્રાવકર બેલગામમાં અભિવાદન માટે કેવી રીતે પહોંચ્યા એ અનુભવ એમના જ શબ્દોમાં...

**રાજેન્દ્ર પાટીલ-યડ્રાવકર**

શહીદોનું અભિવાદન કરવા માટે અને રાજ્ય સરકાર સીમાવાસી બંધુઓને ટેકો આપી રહ્યું છે એ સંદેશ સાથે લઈ શુક્રવાર, ૧૭ જાન્યુઆરીએ બેલગામ દાખલ થયો, પણ બેલગામ પહોંચવામાં અમારે છળકપટ કરવું પડ્યું અને એમાં અમે યશસ્વી પણ થયા.

શુક્રવારે સવારે જ અમે કોલ્હાપુર ગયા. બેલગામ તરફ જતી વખતે કર્ણાટક પોલીસ તરફથી કાનગોળી ટોલનાકા પર મહારાષ્ટ્રનાં વાહનોની સઘન તપાસ કરતી હોવાનું જણાયું. બેલગામ તો જવું જ છે એવો નિર્ધાર કર્યો હોઈ ખાનગી વાહનથી ન જતાં મહારાષ્ટ્ર પરિવહન મહામંડળની બસથી અમે નીકળ્યા.

અમારી બસ સંકેશ્વર બસ-સ્થાનકમાં પહોંચી. બસમાં કેટલાક કર્ણાટક પોલીસ ચઢ્યા અને તપાસ કરવા લાગ્યા. પોલીસોને શંકા ન જાય એથી મેં જૅકેટ અને કાનટોપી પહેરી લીધી અને બીમાર હોવાનો ઢોંગ કર્યો. એથી કર્ણાટક પોલીસ મને ઓળખી ન શકી. કાર્યકર્તાઓ સાથે હું ત્યાં જ ઊતર્યો. ત્યાંથી બેલગામ સુધીની સફર કર્ણાટક મહામંડળની બસથી કર્યો. બેલગામ મધ્યવર્તી બસ-સ્થાનકે ન ઊતરતાં કે.એલ.ઈ. રુગ્ણાલય પાસે ઊતરવાનો નિર્ણય કર્યો. સવારે સાડા અગિયારે અમે ત્યાં ઊતર્યા.

ત્યાંથી આગળ રિક્ષાથી પ્રવાસ કરી સીબીટી માર્ગે હુતાત્મા ચોક પહોંચ્યા. બપોરના બાર વાગ્યા હતા. પોલીસો તો હતા જ. શહીદોનું અભિવાદન કરી રહ્યા હતા ત્યારે જ પોલીસે મને પકડી લીધો, પણ સીમાબંધુઓના ટેકામાં મહારાષ્ટ્ર હોવાનો સંદેશ આપવામાં અમે સફળ થયા. એ માટે ચાલાકીનો ઉપયોગ કરી અમે કર્ણાટક પોલીસને ચકમો આપવામાં પણ સફળ થયા.

મારી સાથેના મંગેશ ચિવટેએ મહારાષ્ટ્ર સરકારે સંયોજક તરીકે નીમેલા પ્રધાન એકનાથ શિંદેનો સીમાબંધુઓ માટેનો સંદેશ આ અવસરે વાંચી સંભળાવ્યો. બેલગામ અને સીમાડાના ભાગો સાથે સંયુક્ત મહારાષ્ટ્ર બનવું જ જોઈએ, એ માટે આપણે કટિબદ્ધ હોવાની ખાતરી પ્રધાન શિંદેએ પોતાના સંદેશમાંથી આપી. બેલગામ પોલીસે ત્યાર બાદ અમને મહારાષ્ટ્રની હદમાં છોડી દીધા.

**શબ્દાંકન: અજય જાધવ,** વિભાગીય સંપર્ક અધિકારી

# વડા પ્રધાન રાષ્ટ્રીય બાળ પુરસ્કાર

**કળા** અને સંસ્કૃતિ ક્ષેત્રમાં યોગદાન માટે અથર્વ લોહાર તો ગણિતમાં સર્જનાત્મક કામ કરવા બદલ દેવેશ ભૈયા નામના મહારાષ્ટ્રનાં બે બાળકોને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે વડા પ્રધાન રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.



કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રાલય વતી રાષ્ટ્રપતિ ભવનના દરબાર હૉલમાં આયોજિત કાર્યક્રમમાં 'વડા પ્રધાન રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ૨૦૨૦' એનાયત કરવામાં આવ્યા. કેન્દ્રીય મહિલા અને બાળવિકાસપ્રધાન સ્મૃતિ ઈરાની, રાજ્યકક્ષાના પ્રધાન દેબાશ્રી ચૌધરી અને સચિવ રબિન્દ્ર પવાર એ અવસરે હાજર હતા. ગયા વર્ષથી કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રાલયે 'વડા પ્રધાન રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' શરૂ કર્યો છે. સર્જનાત્મક, શૌર્ય, સામાજિક સેવા, ક્રીડા, કળા અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં ઉલ્લેખનીય કાર્ય કરનારાં ૪૯ બાળકોને આ અવસરે બાળશક્તિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં. મહારાષ્ટ્રના અથર્વ લોહાર અને દેવેશ ભૈયાનું પણ આ પ્રસંગે સન્માન થયું. પુરસ્કાર પ્રાપ્ત બાળકોને રાજપથ પર થતી પ્રજાસત્તાક દિનની પરેડમાં સહભાગી થવાનું બહુમાન પણ મળ્યું.

## સલામ શૌર્યને




મુંબઈના પરેલ વિસ્તારની ઝેન સદાવર્તે અને ઔરંગાબાદ જિલ્લાના આકાશ ખિલ્લારેને હાલનો (વર્ષ ૨૦૧૯) રાષ્ટ્રીય બાળ શૌર્ય પુરસ્કાર જાહેર થયો છે.


રાષ્ટ્રીય બાળ શૌર્ય પુરસ્કારની જાહેરાત કરવામાં આવી. દેશનાં ૧૨ રાજ્યનાં ૨૨ બાળકોને રાષ્ટ્રીય બાળ શૌર્ય પુરસ્કારથી ગૌરવવામાં આવશે, જેમાં મહારાષ્ટ્રના ઝેન સદાવર્તે અને આકાશ ખિલ્લારેનો સમાવેશ છે. ભારતીય બાળકલ્યાણ પરિષદનાં અધ્યક્ષ ગીતા સિદ્ધાર્થએ પત્રકાર પરિષદને આ માહિતી આપી



# સ્વચ્છ પર્યાવરણ, સમૃદ્ધ પર્યટન

**પ્રધાન શ્રી આદિત્ય ઠાકરેનાં રોજિંદાં કામકાજમાં યુવાનોની વિવિધ સંકલ્પના, નવ-કલ્પના, દેશ-વિદેશના પ્રવાસમાં કરેલાં નિરીક્ષણોનો પ્રભાવ દેખાય છે. આ સંકલ્પના શું હશે એનો ખુલાસો એમણે માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલયને તાજેતરમાં આપેલી મુલાકાતમાં સ્પષ્ટ કર્યો. ભવિષ્યમાં આપણી આગેકૂચનો રોડમૅપ શું હશે એ આ મુલાકાતમાં વિસ્તારથી એમણે જણાવ્યો. આ ઈન્ટરવ્યૂનો સંપાદિત ભાગ.**

**પર્યટન,** પર્યાવરણ અને રાજશિષ્ટાચાર ખાતું ખાસ કરીને કોઈ માગતું નથી, પરંતુ આ ત્રણેય મંત્રાલયમાં કામ કરવાનો મોટો સ્કોપ હોય છે એમ સ્પષ્ટ કરતાં એમણે જણાવ્યું કે આપણી પેઢીને હવેનાં ૫૦-૬૦ વર્ષ નીરોગી જીવવું હોય તો પર્યાવરણ ખાતામાં વધુ કામ કરવું જરૂરી છે. વિશ્વમાં બીજી પૃથ્વી ક્યાંય



નથી. એથી આપણે આપણી પૃથ્વીને નુકસાન કરીને ચાલશે નહીં. આપણી પૃથ્વીને આપણે જ બચાવવાની છે. આપણે ત્યાં ચાર વર્ષ દુકાળ પડ્યો, પછી અતિવૃષ્ટિ થઈ. હવે હાલમાં જ કમોસમી વરસાદ થયો. ગ્રામીણ, શહેરી જેવા બન્ને ભાગમાં ક્લાઈમેટ ચેન્જનું પરિણામ જોવા મળ્યું છે. જગતમાં અમુક જગ્યાએ તાપમાન માઈનસ ૬૦ અંશ સુધી નીચે આવે છે તો અનેક જગ્યાએ તાપમાનમાં અચાનક વધારો થાય છે. હવામાં પ્રદૂષણ વધે છે. આગામી કાળમાં આપણને વાઈ-ફાઈના હૉટસ્પૉટ જેવા ઑક્સિજનના હૉટસ્પૉટ બેસાડવા પડશે કે શું, એવો ભય લાગી રહ્યો છે. પૃથ્વીની જવાબદારી આપણા દરેકની ઉપર છે. દરેક જણ પોતાનો પરિસર સ્વચ્છ રાખીને પર્યાવરણ રક્ષણની જવાબદારી નિભાવી શકે છે. એથી જ

પર્યાવરણ રક્ષણના કામને લોકઝુંબેશનું રૂપ આપવાનો મારો વિચાર છે. એટલે જ મેં આ મંત્રાલયની સામે ચાલીને માગણી કરી હતી.

આ ઝુંબેશમાં પર્યાવરણ મંત્રાલય કેવી રીતે કામ કરશે એ પ્રશ્નના ઉત્તરમાં એ કહે છે કે પર્યાવરણ મંત્રાલય અત્યાર સુધી ઘણી વાર ફક્ત નિયામક (રેગ્યુલેટરી) તરીકે કામ કરતું રહ્યું છે. આ ખાતું લોકોથી થોડું દૂર રહ્યું છે. આ ખાતાને મારે લોકો સાથે જોડવું છે. પર્યાવરણ એટલે ફક્ત રેગ્યુલેશન નહીં. પર્યાવરણ જાળવવું હોય તો આપણે પોતે એમાં કોઈ પગલાં લેવાં પડશે. એ માટે હવે આગામી સમયમાં પર્યાવરણના રક્ષણના કામમાં વિદ્યાર્થી, યુવાનો, મહિલાને લઈ લોકચળવળ ઊભી કરવામાં આવશે. શાળામાં જનજાગૃતિ, મહાવિદ્યાલયમાં ચળવળ, જુદાં જુદાં કાર્યાલયોમાં પર્યાવરણ રક્ષણના વિવિધ પ્રયોગ પહેલેથી જ શરૂ કરવામાં આવશે. તાજેતરમાં જ અમે શાળામાં પર્યાવરણ રક્ષણના સોગંદ લેવાનો કાર્યક્રમ આયોજિત કર્યો. એને સારો પ્રતિસાદ મળ્યો. હવે આ સોગંદ પાળવાની જરૂરી છે.

## આ ઘર અને શહેર મારાં...

દરેકે પોતાની આજુબાજુનો ૧૦ ફૂટ પરિસર સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત રાખે તો પર્યાવરણ રક્ષણનું મોટું કામ થઈ શકશે. હું મારી આજુબાજુનો ૧૦ ફૂટનો પરિસર બદલીને બતાવીશ એવું ધ્યેય દરેકે રાખવું પડશે. વરિષ્ઠ ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચને પણ આ અંગે લોકોને અપીલ કરી છે. 'આ ઘર મારું છે અને આ શહેર પણ મારું છે' એમ પ્રત્યેકને આપણા ગામ વિશે, શહેર વિશે લાગણી હોવી જોઈએ. પર્યાવરણ રક્ષણની ચળવળમાં પોતાનાં ગામ અને શહેર માટે આ 'મારાપણું' ઘણું મહત્ત્વનું છે. 'હું કચરો કરીશ નહીં અને બીજું કોઈ કચરો કરતું હશે તો એને રોકીશ.' દરેકમાં આ ભાવના નિર્માણ થશે તો સવા સો કરોડ લોકસંખ્યા ધરાવતો આપણો દેશ વિશ્વમાં મોટી ક્રાંતિ કરી શકશે.

## બધું થઈ શકે છે

પર્યાવરણ રક્ષણ અઘરું લાગતું હોય તેમ છતાં બધું જ શક્ય છે એમ કહેતાં આદિત્ય ઠાકરેએ મુંબઈમાં શરૂ કરવામાં આવેલા કચરા વર્ગીકરણની યશસ્વી અમલબજાવણીનું ઉદાહરણ આપ્યું. સપ્ટેમ્બર, ૨૦૧૭માં મુંબઈમાં દરરોજ આશરે ૧૦ હજાર મેટ્રિક ટન જેટલો કચરો જમા થતો. ૨૦૧૯ સુધી મુંબઈમાં દરરોજનું કચરા સંકલન સાધારણ ૧૪ હજાર મેટ્રિક ટન થશે એવો અંદાજ હતો, પણ એ વખતે મુંબઈમાં ભીનો કચરા અને સૂકા કચરાનું વર્ગીકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. હાઉસિંગ સોસાયટીઓને એ માટે પ્રોત્સાહિત કરવામાં આવી. ઘનકચરાનું વ્યવસ્થાપન કરવાના પ્રકલ્પને એફએસઆઈમાં છૂટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. એનું સકારાત્મક પરિણામ આવ્યું અને ૨૦૧૯માં અંદાજિત એવા ૧૪ હજાર મેટ્રિક ટનના કચરાનું સંકલન પ્રત્યક્ષમાં માત્ર ૬ હજાર ૫૦૦ મેટ્રિક ટન પર આવ્યું. સૂકો કચરો જુદો કરવામાં આવ્યો. નક્કી કરીએ તો બધું જ થઈ શકે છે. કચરા વ્યવસ્થાપનના આવા પ્રયોગ માટે હવે બીજી સ્થાનિક સંસ્થાઓએ પણ આગળ આવવું જરૂરી છે.

## પ્લાસ્ટિકથી મુક્તિ

પ્લાસ્ટિક બંદીના મુદ્દાની બધાને જાણ છે. એ માટેના પ્રશ્નના ઉત્તરમાં પ્રધાન શ્રી આદિત્ય ઠાકરે કહે છે કે દરેક પ્લાસ્ટિકની વસ્તુ કંઈ ખરાબ હોતી નથી. આપણે પ્લાસ્ટિકની ખુરસી વાપરીએ છીએ, જે આવશ્યક છે. એના લીધે આપણે લાકડાંની ખુરસીનો વપરાશ ઓછો કર્યો અને વૃક્ષ કાપણી બંધ થઈ, પણ સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર્યાવરણ માટે જોખમકારક છે. ઓગસ્ટ, ૨૦૧૭માં મુંબઈમાં થયેલા મુશળધાર વરસાદ વખતે મેં જોયું હતું કે પ્લાસ્ટિકની કૅરી બૅગ્સ નાળાંમાં ભરાઈ ગયેલી અને એને કારણે નાળાં ઉભરાયાં હતાં, પાણીનો નિકાલ થતો નહોતો. એ જ રીતે 'યૂઝ ઍન્ડ થ્રો'માં પ્રત્યેક પ્લાસ્ટિકની વસ્તુ, જેમ કે પ્લાસ્ટિકની પ્લેટ, ચમચી, વાટકી, સ્ટ્રૉ, કૅરી બૅગ પર્યાવરણ માટે ઘાતક છે. એનો વપરાશ સંપૂર્ણ રીતે બંધ કરવો જરૂરી છે. લોકોને કપડાંની થેલીનો વપરાશ કરવા પ્રોત્સાહન આપવું, પ્રસંગે એમને સન્માનિત કરવા જેવા ઉપક્રમો શરૂ કરવા પડશે. પ્લાસ્ટિક બંદીનો ત્રણ વર્ષ પહેલાં

## ઈંગ્લૅન્ડમાં શેક્સપિયરનું ઘર

ઈંગ્લૅન્ડમાં શેક્સપિયરના સ્ટ્રેટફોર્ટ-અપોન-વન ગામની લીધેલી મુલાકાતનો અનુભવ વર્ણવતા શ્રી આદિત્ય ઠાકરે કહે છે કે આ ગામમાં શેક્સપિયરનું ઘર છે. આ એક ઘર જોવા ગામમાં દરરોજ લાખો પ્રવાસીઓ આવે છે. આ પ્રવાસીઓને લીધે એ વિસ્તારની રેસ્ટોરાં, કેફે, સોવિનિયર શૉપ્સ, સિનેમાગૃહો, બસ, ટૅક્સી ધમધમે છે. આ દરેક વ્યવસાયના માધ્યમથી સ્થાનિકોને રોજગાર મળે છે. એ વિસ્તારની, એ કાઉન્ટીની અને દેશની આર્થિક વ્યવસ્થા આગળ વધી રહી છે. વિદેશી ચલણ મળે છે આવી કમાલ એક પર્યટનમાંથી ઘડી શકાય છે. આપણી પાસે પણ આવાં અનેક સ્થળ છે. આ સ્થળોની મુલાકાતે પ્રવાસીઓ આવે તો કાયાપલટ થઈ શકે છે. એક પર્યટનસ્થળને લીધે એ વિસ્તારનો વિકાસ થઈ શકે છે.



સરકારે કાયદો કર્યો. હવે દુકાનો, રેસ્ટોરાંમાં કેરી બૅગ્સ દેખાતી નથી. કાગળનાં રેપર્સ અથવા કપડાંની થેલી તરફ લોકો વળવા લાગ્યા છે. આગામી સમયમાં કાગળ-કપડાંનો વ્યાપ વધારીને સિંગલ યૂઝ પ્લાસ્ટિકથી સંપૂર્ણ મુક્તિ મેળવવી પડશે.

ધાર્મિક સ્થળોએ આવેલી નદીઓના પ્રદૂષણ બાબતે બોલતાં એમણે જણાવ્યું કે ધાર્મિક સ્થળો અને ત્યાંની નદીઓ આપણી શ્રદ્ધાની દૃષ્ટિએ આપણા માટે મહત્ત્વની તો છે જ, પણ આ ધાર્મિક સ્થળોની નદીઓનું સંવર્ધન કરવું પણ પર્યાવરણની દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. એ ઉપરાંત, રાજ્યની બીજી દરેક નદીના પર્યાવરણનું રક્ષણ કરવું હવે સમયની ગરજ છે. પીવાના પાણીનો સ્રોત સ્વચ્છ રાખવો આવશ્યક છે. એ દૃષ્ટિએ નદીઓને પ્રદૂષણ મુક્ત કરવા માટે એક સવિસ્તાર પ્લાન બનાવવાની સૂચના મેં મારા મંત્રાલયને આપી છે. એમાં નગરવિકાસ, ગ્રામવિકાસ, પર્યાવરણ, ઉદ્યોગ, પાણીપુરવઠો અને સ્વચ્છતા જેવાં વિવિધ મંત્રાલયનો સહભાગ લેવો પડશે. તમામ વિભાગોના સમન્વયથી રાજ્યની નદીઓ શાશ્વત અને સ્વચ્છ રાખવા માટે તાકીદે ઉપાયયોજના કરીશું, પણ આ કામમાં પણ ફક્ત સરકારી સ્તરે કાર્યવાહી કરીને ચાલશે નહીં. એમાં પણ લોકોનો સહભાગ અને એમની ઈચ્છા મહત્ત્વની ઠરશે.

પહેલાં આપણે નિસર્ગપૂજક હતા. અગ્નિ, વાયુ, જળ અને આકાશને આપણે દેવ તરીકે પૂજતા હતા. ત્યાર પછી એમને પ્રદૂષિત કરવા લાગ્યા. આ અટકવું જોઈએ. નિસર્ગને અને એમાંની હવા, પાણી, માટી, ઝાડો, પ્રાણી, પક્ષી, ફૂલો આ દરેકને જાળવવાં પડશે.

હવાનું પ્રદૂષણ ઓછું કરવા માટે ભવિષ્યમાં આપણને ઈલેક્ટ્રિક વાહન પર વધારે ભાર આપવો પડશે. આ ઉપરાંત, અપરંપારિક ઊર્જાનો ઉપયોગ પણ જરૂરી છે. ભવિષ્યમાં આપણે સો ટકા ઈલેક્ટ્રિક મોબિલિટી કરી શક્યા તો હવાનું પ્રદૂષણ મોટા પ્રમાણમાં ઓછું થઈ શકશે અને ઉદ્યોગોને પર્યાવરણના વિવિધ નિયમ પાળવા બાધિત કરવા, એમની પાસેથી નિયમ અનુસાર ગ્રીન ઝોનનું નિર્માણ કરવું, ગંદા વહેતાં પાણી અને ઘનકચરાના વ્યવસ્થાપનની એમના પર ફરજ પાડવી પડશે.

## રાજશિષ્ટાચાર અને પર્યટન

પર્યટન એ મારું ગમતું મંત્રાલય હોવા પર ભાર મૂકીને આ મંત્રાલય મારફત રાજ્યમાં દેશ-વિદેશના પર્યટકોને આકર્ષિત કરવા માટે શું કરી શકાય એની સવિસ્તાર માહિતી પણ આદિત્ય ઠાકરેએ આ મુલાકાતમાં આપી. આપણા દેશમાં બેરોજગારી વધી છે, દેશનો જીડીપી ઓછો થાય છે ત્યારે સેવા ક્ષેત્ર પર ભાર આપવો જરૂરી છે. આ પર્યટન વિકાસમાંથી આપણને પ્રાપ્ત થઈ શકશે. મહારાષ્ટ્ર નામ પ્રમાણે જ મહાન રાજ્ય છે. જગતભરના લોકોને આ રાજ્ય બતાવવું જોઈએ. શિવરાયના કિલ્લાઓ સાથે લોકોની ભાવના જોડાયેલી છે, આ કિલ્લાના સ્થાપત્ય, ટ્રૅકિંગ માટે ત્યાં રહેલી તક, કિલ્લાનો ઈતિહાસ જગતમાં જણાવવો પડશે. રાજ્યમાં આશરે ૩૫૦ કિલ્લા છે. આ કિલ્લા પર્યટનના આંતરરાષ્ટ્રીય નકશા પર લઈ જવાના છે. એ માટે આ કિલ્લાની જાળવણી, એનું સૌંદર્યકરણ એ સાથે જ ત્યાં પહોંચવાના રસ્તા, મૂળભૂત સુવિધાનો વિકાસ એ દરેક પાસાં માટે આપણે કામ કરવું પડશે.

રાજશિષ્ટાચાર વિભાગ લેવાના હેતુ પાછળ રાજ્યના પર્યટન વિકાસને આગળ ધપાવવાનો હોવાનું એમણે કહ્યું. રાજશિષ્ટાચાર વિભાગના માધ્યમથી દેશ-વિદેશના કૉન્સ્યુલેટ જનરલ, વિદેશી મહેમાનો, ઉચ્ચાયુક્ત, વગેરે સાથે સંબંધ બંધાય છે. એમના માધ્યમથી મહારાષ્ટ્ર જગતને બતાવવાની અને વિશ્વને મહારાષ્ટ્રની નજીક લાવવાની તક પ્રાપ્ત થશે. જગતને આપણી તરફ લાવવું હશે તો બધા દેશો સાથે સંબંધો જાળવવા પડશે. પર્યટન અને રાજશિષ્ટાચાર બન્ને વિભાગ મારફત રાજ્યના પર્યટનને આગળ વિકસિત કરી શકાશે. ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલૅન્ડ, સ્વિટ્ઝરલૅન્ડ, ઈંગ્લૅન્ડ જેવા અનેક દેશોની આર્થિક વ્યવસ્થા પર્યટન પર નિર્ભર છે. અનેક દેશમાં બારેમાસ પર્યટક હોય છે. ઋતુ પ્રમાણે પર્યટકોને આકર્ષિત કરવામાં આવે છે. આપણે પણ આના પર ધ્યાન આપવું પડશે.

## પંઢરપુરની વારીનો ઉત્સવ

પંઢરપુરની વારીની અદ્ભુત પરંપરા આપણી પાસે છે. મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે સાહેબે આ વારીની જ્યારે ઍરિયલ ફોટોગ્રાફી કરી ત્યારે એ હેલિકૉપ્ટરમાં હું પણ હતો. હું પણ કૅમેરા બાજુ પર રાખીને એક ધ્યાને વારીનું નિરીક્ષણ કરતો હતો. લાખો લોકો એક ભાવનાથી પ્રેરિત થઈને વારીમાં સહભાગી થાય છે, એકબીજા સાથે રહે છે, આશીર્વાદ દેતા-લેતા હોય અને આ ભક્તિઉત્સવ ઊજવીને નીકળી જાય છે. આ ઉત્સવ અચંબિત કરનારો છે. આપણે વિશ્વને એ બતાવી શકીશું. આપણો ગણેશોત્સવ પણ આવો જ છે. જપાન, સ્પેનમાં પણ આવા મોટા ઉત્સવ ઊજવાય છે. ત્યાં લાખો વિદેશી પ્રવાસીઓ આવે છે. આપણા ઉત્સવમાં આપણને વિશ્વના પર્યટકોને આકર્ષિત કરી શકાશે.



## એઆર-વીઆર ટેક્નોલૉજીનો ઉપયોગ

મહારાષ્ટ્ર જીવંત રહેશે તો રાષ્ટ્ર રહેશે. દેશના જીડીપીમાં સૌથી મોટો ફાળો મહારાષ્ટ્રનો છે. આપણા મહારાષ્ટ્રની અમુક બાબતો તો ખાસ વિશ્વ સમક્ષ લાવવી પડશે. ગઢ-કિલ્લા, મંદિરો, વારી જેવા પરંપરાગત, તહેવારો, ઉત્સવો, કોંકણનો દરિયા કિનારો, ઇકો ટુરિઝમ, ફોરેસ્ટ ટુરિઝમ, હેરિટેજ ટુરિઝમ, ગ્રીન ટુરિઝમ, સ્પિરિચ્યુઅલ ટુરિઝમ જેવા પર્યટનની

## મુંબઈ ૨૪ કલાક

'મુંબઈ ૨૪ કલાક' મુદ્દે શ્રી ઠાકરે કહે છે કે મુંબઈ આંતરરાષ્ટ્રીય શહેર છે. ન્યુ યોર્ક, લંડન, સિંગાપોર, હોંગકોંગ જેવાં શહેરો ૨૪ કલાક ચાલુ હોય છે. એકલા લંડનની નાઈટ ઈકોનોમી જે પાંચ બિલિયન પાઉન્ડની છે. મુંબઈમાં દેશ-વિદેશથી પર્યટકો, ઉદ્યોગપતિઓ, ઉચ્ચાયુક્ત, સેલિબ્રિટી, વિદેશી મહેમાનો મોટા પ્રમાણમાં આવે છે. એમના માટે ૨૪ કલાક સુખ-સુવિધા ઉપલબ્ધ હોવી જરૂરી છે. આ ઉપરાંત, મુંબઈનો નોકરિયાત વર્ગ પણ દિવસભરના કામથી થાકીને રાત્રે ઘેર પહોંચે છે, એમને પણ આનંદ મેળવવા સિનેમા જોવા માટે, હોટેલ-રેસ્ટોરાં-કેફેમાં જઈને કંઈક ખાવા માટે મુંબઈ ૨૪ કલાક ખુલ્લી રહે તો એનો નક્કી ફાયદો થશે. આ ઉપરાંત, આ ઉપક્રમ આપણે બિનનિવાસી ભાગમાં શરૂ કરી રહ્યા છીએ. એથી રહેવાસીઓને કોઈ ત્રાસ થશે નહીં. જે ઠેકાણે સુરક્ષા, વ્યવસ્થા, સીસીટીવી, વિવિધ પ્રકારનાં લાઈસન્સ, પાર્કિંગ, અન્નસુરક્ષા, અગ્નિસુરક્ષા, વગેરેની અમલબજાવણી થાય છે એવાં મથકોને જ પરવાનગી આપવામાં આવી છે. મૉલ્સ, ગેટેડ મિલ્સ જેવી જગ્યાએ આ સંકલ્પના શરૂ કરવામાં આવી છે.



'મુંબઈ ૨૪ કલાક' સંકલ્પનાના અમલને કારણે રોજગારમાં વધારો અને અર્થવ્યવસ્થાનો વિકાસ થશે. હાલમાં મુંબઈમાં સેવા ક્ષેત્રમાં લગભગ પાંચ લાખ રોજગાર છે. જે એક શિફ્ટનો રોજગાર છે. મુંબઈ ૨૪ કલાક ચાલુ રહેશે તો ત્રણ શિફ્ટ ચાલુ કરીને સેવા ક્ષેત્રના રોજગારમાં ૧૫ લાખ સુધી વધારો થઈ શકે છે. આ ઉપરાંત, મહેસૂલ વધશે, વેપાર વધશે, રસ્તા પરની રિક્ષા, ટૅક્સીનો વ્યવસાય વધશે, સપ્લાય ચેન અધિક મજબૂત થશે, આર્થિક વ્યવસ્થાને ગતિ મળશે. મુંબઈમાં પ્રવાસીઓ અથવા ઉદ્યોગપતિ આવે તો એ સરેરાશે ૩૬ કલાક રોકાય છે, પરંતુ મુંબઈમાં ૨૪ કલાક સુવિધા ઉપલબ્ધ થાય તો એ બેથી ત્રણ દિવસ સુધી રોકાણ કરી શકે છે. પ્રવાસી શહેરમાં રોકાય તો એ ટૅક્સીમાં બેસે, શૉપિંગ કરે, હોટેલમાં જાય, જેથી હોટેલ, રેસ્ટોરાં, કેફે, થિયેટર્સ, રિક્ષા, ટૅક્સી, શૉપિંગ જેવા દરેક વ્યવસાયને ગતિ મળશે. આ વિસ્તારમાં નવા રોજગાર નિર્માણ થશે. આ વ્યવસાય પર આધારિત હોય એવી શાકભાજી, પેટ્રોલ પંપ જેવા વિવિધ સપ્લાય ચેન વ્યવસાયનો પણ વિકાસ થશે. 'મુંબઈ ૨૪ કલાક' સંકલ્પનાને હાઉસિંગ ટર્મમાં જોઈએ તો આપણે અમુક ક્ષેત્રમાં એફએસઆઈ ડબલ કરવા જેવો આ પ્રકાર છે. કારણ ૨૪ કલાક ઉપયોગમાં લેવાયેલી એક જ જગ્યા આપણે બે વાર વાપરી શકીશું. આ સંકલ્પના ઈન્દોરથી આવી. ત્યાં એક ઠેકાણે દિવસે શરાફ બજાર ભરાય તો રાત્રે એ જ ઠેકાણે ખાઉં ગલ્લી ધમધમે.

વિવિધતા આપણી પાસે છે. આ તમામ બાબતો આપણે વિશ્વને બતાવી શકીશું. રાજ્યમાં 'યુનેસ્કો'એ જાહેર કરેલી અમુક વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ છે. એઆર-વીઆર (ઓગમેન્ટેડ રિયાલિટી-વર્ચ્યુઅલ રિયાલિટી) જેવી અત્યાધુનિક ટેક્નોલૉજી દ્વારા પર્યટનસ્થળોની માહિતી અધિક પ્રભાવી રીતે પર્યટકો સુધી પહોંચાડી શકાશે. આ દરેકને પડકાર તરીકે નહીં, પરંતુ તક તરીકે હું જોઉં છું.

## ગામ જેવી હોટેલ

આપણને કોંકણમાં પણ પર્યટકો માટે સુખ-સુવિધાનું નિર્માણ કરવું પડશે, પણ એ કરતી વખતે કોંકણના સૌંદર્યને હાનિ ન પહોંચે એની કાળજી રાખવી પડશે. ગામને જેમનાં તેમ રાખીને ત્યાંની સંસ્કૃતિને શોભે એવી હોટેલ્સ, રેસ્ટોરાં શરૂ કરી શકાય. હોટેલ આધુનિક સુવિધાવાળી હોવી જોઈએ, એનું રૂપ ત્યાંનાં ગામડાં જેવું હોવું જોઈએ.

પર્યાવરણ, પર્યટન અને રાજશિષ્ટાચાર આ ત્રણેય વિભાગ એકબીજા સાથે સંકળાયેલા છે. આ ત્રણેય વિભાગોની જોડ કરીને રાજ્યના હિત માટે નિશ્ચિત ઘણું બધું કરવાનો મારો વિચાર છે.

**શબ્દાંકનઃ ઈર્શાદ બાગવાન,**
વિભાગીય સંપર્ક અધિકારી

# સરખેલ,
## મહારાષ્ટ્રને તમારું અભિમાન છે...



**જેનું** અશ્વદળ એની પૃથ્વી અને જેની નૌસેના એનું સમુદ્ર એ ઉક્તિને ધ્યાનમાં રાખી છત્રપતિ શિવાજી મહારાજે સ્વરાજ્ય માટે પ્રથમ નોસેના ઊભી કરી. ગુરાબ, ગલબતે, તરાંડે, તારુ, શિબાડ, મચવા, પગાર, વાઘોર નામના નૌકા કાફલાની રચના કરી. છત્રપતિ સંભાજી રાજાએ પણ સિદ્દી, ડચ, પોર્ટુગીઝને માત આપવા માટે નૌસેનાનો વિસ્તાર કર્યો. છત્રપતિની આ નૌસેનાની રચનામાં અનેક વીરોએ યોગદાન આપ્યું. એમાંના એક એટલે કાન્હોજી આંગ્રે ઉર્ફે સરખેલ. ૨૬ જાન્યુઆરીના શિવાજી પાર્ક પર રજૂ કરવામાં આવેલા ચિત્રરથ દ્વારા સ્વરાજ્યની સેવા કરતી વખતે કાન્હોજીના નેતૃત્વ નીચે સમુદ્રમાં સ્વરાજ્યનો ભગવો તોરણ મગજમાં કેમ બંધાયો, એ કેમ ફરફરવા લાગ્યો અને એણે ડચ, અંગ્રેજ અને ફ્રેન્ચ પર સમુદ્રથી કેવી રીતે નિયંત્રણ રાખ્યું એની શૌર્યગાથા બતાડવામાં આવી. કુલાબા, વિજયદુર્ગ, સુવર્ણદુર્ગ ખાતે સુધારિત જહાજબાંધણી, શસ્ત્રનિર્માણનું ભારે કામ થયું. કાન્હોજીની પરવાનગી સિવાય સમુદ્રમાં કોઈ પણ હલચલ કરી શકતું નહીં. મોજાં પર સવાર થઈને, 'વાવાઝોડાની હવા પીને, બનાવી આ નૌસેના શિવબાની, હાથમાં શિશ રાખીને સ્વરાજ્યનું ઋણ લઈને, લઢ્યા સરદાર દરિયાના' એવું જેમના કર્તુત્વનું વર્ણન કરવામાં આવે છે એ કાન્હોજી આંગ્રેના કામને સન્માનિત કરતા આ ચિત્રરથની રચના સુપ્રસિદ્ધ કળાદિગ્દર્શક નીતિન ચંદ્રકાંત દેસાઈએ કરી છે.

જહાજ પર છત્રપતિ શિવાજી મહારાજનો અશ્વારૂઢ પૂતળું ઊભું કરવામાં આવ્યું. એ ઉપરાંત, કાન્હોજી આંગ્રેની શૂરવીરતાની ઝાંખી આપતું જીવંત દશ્ય આ અવસરે રજૂ કરવામાં આવ્યું. આ પરેડમાં ૬૦ કલાકારો સહભાગી થયા.



**મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ મરાઠવાડાની મુલાકાત દરમિયાન અનેક વિષયો બાબત ધોરણાત્મક નિર્ણયો લીધા. મરાઠવાડામાં ઉદ્યોગોને ગતિ મળે એ માટે આવશ્યક ઉપાયયોજના હાથ ધરવાનું આશ્વાસન આપ્યું. ખેતી-પૂરક વ્યવસાય પર ભાર આપવામાં આવશે એવું પણ કહ્યું. ખેડૂત, કામદારો અને યુવકોના વિકાસ એ મારી સરકારનું કેન્દ્રબિંદુ હોવાનું જણાવ્યું.**



**મરાઠવાડાની મુલાકાત દરમિયાન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ વિવિધ વિકાસકામોનું નિરીક્ષણ કરીને એને પૂર્ણ કરવા માટે આવશ્યક સૂચના આપી. સાથે ઉદ્યોગપ્રધાન શ્રી સુભાષ દેસાઈ.**

# અમે કરીશું જ...

**સંજીવની જાધવ-પાટીલ**

**દેખણી તી પાઉલે જી ધ્યાસપંથે ચાલતી**
**વાળવંટાતૂની સુદ્ધા સ્વસ્તીપદ્મે રેખિતી...**

આવી જ કંઈક ઓળખ મહારાષ્ટ્રના માનનીય મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે કરી તો એ કંઈ ગેરવાજબી નહીં ગણાય. સતત કાર્યમગ્ન રહેવું એ એમના કાયમી સ્વભાવમાં છે. કોઈ પણ સમસ્યાના યોગ્ય ઉકેલ કરતી વખતે એમનામાંની સંવેદનશીલતાનો પરિચય માનનીય મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના ઔરંગાબાદના પહેલા પ્રવાસમાં થયો.

મરાઠવાડામાં ગયાં ત્રણ-ચાર વર્ષથી દુકાળની અસર વધુ છે. આ સમસ્યાનો સામનો કરતી વખતે જ ૨૦૧૯માં કસમયના વરસાદે ગંભીર સંકટ ઊભું કર્યું. ઔરંગાબાદ સહ મરાઠવાડાના ઉસ્માનાબાદ, બીડ, લાતુર જિલ્લાના બે તાલુકાઓમાં વરસાદ તો ચાર તાલુકામાં સૂકાભઠ્ઠનું વાતાવરણ હતું. એમાંથી જેમ-તેમ નીકળવાના પ્રયત્ન પ્રશાસન અને ખેડૂતો કરતા હતા ત્યાં જ લગભગ દિવાળીમાં મરાઠવાડામાં કસમયના વરસાદે પરિસ્થિતિ બગાડી. ખેતરમાં મહિનો-દોઢ મહિનો પાણી ભરાયેલાં રહ્યાં. ઊગેલો પાક ખરાબ થયો. આ પરિસ્થિતિ ઠાકરેએ મુખ્ય પ્રધાન બનવા પહેલાં આ વિસ્તારની કરેલી મુલાકાત વખતે જોઈ હતી-અનુભવી હતી.

આ પૃષ્ઠભૂમિ પર શ્રી ઠાકરેએ શિયાળુ અધિવેશનમાં ખેડૂતો માટે જાહેર કરેલી કરજ-માફીની યોજના એક આધાર રહી. મુખ્ય પ્રધાનપદની જવાબદારી સ્વીકારવાની સાથે જ રાજ્ય સરકારે જાહેર કરેલો આ નિર્ણય શ્રી ઠાકરેના નેતૃત્વ ગુણની અને ખેડૂતો પ્રતિ સંવેદનશીલતાની ઝલક દેખાડનારો રહ્યો. આ પૃષ્ઠભૂમિ પર ઔરંગાબાદમાં લાતુર, પરભણી, ઉસ્માનાબાદ, ઔરંગાબાદ જિલ્લાની સમીક્ષા બેઠક માટે તેમ જ મહાએક્સ્પો ૨૦૨૦ ઔદ્યોગિક પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય પ્રધાનનો ઔરંગાબાદ પ્રવાસ હમણાં જ પૂરો થયો.

## ઉસ્માનાબાદ જિલ્લાનો વિકાસ

ઉસ્માનાબાદ જિલ્લાના વિકાસ માટેનું ભંડોળ ઓછું પડવા નહીં દેવાય એવી ખાતરી મુખ્ય પ્રધાનશ્રી ઠાકરેએ આપી. વીજજોડાણ માટે નોંધણી પોર્ટલ સતત ચાલુ રાખવું, સોલાર પ્રકલ્પ પૂરો કરવા માટે કૉન્ટ્રાક્ટરોની સંખ્યા વધારવી, 'મહાવિતરણ આપલ્યા દ્વારે' યોજના વધુ સારી રીતે અમલમાં મૂકવી, જનતાના વિકાસ માટે અને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે બધાએ સાથે મળીને અથાગ પ્રયત્ન કરવા એ આપણા બધાની જવાબદારી છે એમ મુખ્ય પ્રધાને કહ્યું.

આ બેઠક પહેલાં એમના હસ્તે ઔરંગાબાદ સ્માર્ટ સિટી પ્રકલ્પ અંતર્ગત સ્માર્ટ સિટી બસ અને બસ-સ્ટૉપ ઉપક્રમનું સંકલ્પચિત્ર ફલકનું અનાવરણ કરીને ઔરંગાબાદ ગ્રામીણ વિસ્તારમાં મહિલા અને

યુવતીઓમાં કાયદાવિષય જનજાગૃતિ માટે મરાઠવાડામાં પ્રથમ જ ઔરંગાબાદ ગ્રામીણ પોલીસદળે અદ્યતન શૈક્ષણિક પોલીસ-વૅન શરૂ કરી છે તેમ જ મુશ્કેલીના સમયે મહિલાઓને તુરંત મદદ મળે એ માટે 'પોલીસ ઍપ' તૈયાર કરી છે. આ વૅનનું શ્રી ઠાકરેએ લીલી ઝંડી બતાડીને લોકાર્પણ કર્યું.

ઉસ્માનાબાદ જિલ્લાની બેઠક પછી ઔરંગાબાદ મહાનગરપાલિકાના મહત્ત્વના પાણી, રસ્તા અને કચરો, વગેરે વિષય સંદર્ભે શહેરના લોકોનાં આરોગ્યની દૃષ્ટિએ મહત્ત્વની કચરાની સમસ્યા ઉકેલવા માટે જલદીથી નાણાં ઉપલબ્ધ કરી આપવામાં આવશે એવું એમણે કહ્યું અને શહેર કચરામુક્ત કરવામાં સરકારનો ભાગ મહત્ત્વનો રહેશે અને શહેરના મહત્ત્વના જે કંઈ પ્રશ્નો છે એ બધા પ્રશ્નો જલદીમાં જલદી ઉકેલવામાં આવશે અને સ્માર્ટ શહેર ઉપક્રમ માટે સ્વતંત્ર અધિકારીઓની નિમણૂક પણ કરવામાં આવશે એવું શ્રી ઠાકરેએ કહ્યું.

## ઔરંગાબાદ જિલ્લો

ઔરંગાબાદ જિલ્લા સમીક્ષા બેઠકમાં સીંચાઈ, પાણી, રસ્તા, આરોગ્ય, પાક વીમો, પર્યટન અને શિક્ષણ, વગેરે પ્રશ્ન વિશે બોલતાં શ્રી ઠાકરેએ કહ્યું સિલ્લોડમાં પાણી પ્રશ્ન ઉકેલવા માટે પૂર્ણા નદી પર બીજા બેરેજીસ વિશે સર્વેક્ષણ કરવામાં આવશે.

પાક વીમા યોજના વિશે એમણે કહ્યું કે કંપનીઓના પ્રતિનિધિઓ સાથે સંવાદ સાધીને ખેડૂતોને એમના કાર્યાલયનાં ચક્કર મારવાં પડશે નહીં. શ્રી ઠાકરેએ આ બાબત સ્પષ્ટ કરી. મુખ્ય પ્રધાનના આ નિર્ણયથી ફરી ખેડૂતો પ્રતિ એમની સંવેદનશીલતા જોવા મળે છે.

## પરભણી જિલ્લો

પરભણી જિલ્લાની સમીક્ષા બેઠકમાં શ્રી ઠાકરેએ કહ્યું કે પરભણીમાં કૃષિવિભાગનું ઉપ-વિભાગીય કાર્યાલય શરૂ કરવા વિશે સરકારને જો પ્રસ્તાવ મોકલવામાં આવશે તો એને તત્કાલ મંજૂરી આપવામાં આવશે અને ખાલી પદો વિશેની સમીક્ષામાં એ પદો એક મહિનામાં ભરવાં એવા નિર્દેશ પણ મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ આ બેઠકમાં




## મુક્ત સંવાદ

મરાઠવાડાના જિલ્લાસ્તરીય યંત્રણા અને લોકપ્રતિનિધિઓનું કહેવું સાંભળવામાં એવું હતું. ૯ જાન્યુઆરી સવારે ૧૧:૦૦ વાગે એટલે એકદમ નિયોજિત સમયમાં મુખ્ય પ્રધાનનું ઔરંગાબાદ વિમાનમથક પર આગમન થયું. ત્યાંથી આગળ કારથી ઔરંગાબાદ કળાગ્રામ, ગરવારે સંકુલ પરિસરમાં 'મરાઠવાડા ઍસોસિયેશન ઑફ સ્મૉલ સ્કિલ ઈન્ડસ્ટ્રીઝ ઍન્ડ ઍગ્રિકલ્ચર (મસિઆ)' દ્વારા આયોજિત 'ઍડ્વાન્ટેજ મહારાષ્ટ્ર એક્સ્પો' ઔદ્યોગિક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન એમના હસ્તે થયું. આ સમયે કેવળ ઉદ્‌ઘાટકની ઔપચારિકતા ટાળીને પોતે અહીં પ્રદર્શનમાં ઉદ્યોગપતિઓનાં જે ઉત્પાદનો રજૂ થયાં છે, એનું સર્વેક્ષણ કરીને વિભાગીય રચના કરવામાં આવેલા સ્ટૉલધારકોનાં ઉત્પાદન વેચતી વખતે આવનારી મુશ્કેલીઓની અને ઉપાયની ચર્ચા વિશ્વસનીય રીતે કરી અને આવું કરનારી વ્યક્તિ નક્કી જ સંવેદનશીલ હોય છે અને આ સંવેદનશીલતા અને સાદગી વારંવાર એમના આ પ્રવાસ દરમિયાન જોવા મળી છે.

આ અવસરે મુખ્ય પ્રધાને ખેડૂત અને ઉદ્યોગપતિની મહેનતને અને તેમની અતિશય ઈચ્છાશક્તિને સરકારના સક્રિય પ્રયત્નોનો મજબૂત સાથ આપવાનું સરકારનું માનસ હોવાનું કહીને એક પ્રકારની ઉદ્યોગપતિઓને ખાતરી આપી. ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતા શ્રી ઠાકરે કહ્યું કે ખેડૂતોને કરજમુક્ત કરતી વખતે જ હવે ખેડૂતને ચિંતામુક્ત કરવાની સરકારની ભૂમિકા છે. ઉદ્યોગ વિકાસ દ્વારા અહીંના ખેડૂત, ભૂમિપુત્રોને રોજગાર આપવા, ઉદ્યોગપતિઓને સક્ષમ કરવા એ સરકારનું પ્રથમ પ્રાધાન્ય છે તેમ જ સરકારના ઉદ્યોગ અને કૃષિ વિભાગના સમન્વયથી અન્નપ્રક્રિયા, તેલીબિયાં પ્રક્રિયા જેવા ખેતમાલ સંબંધિત અન્ન-ધાન્ય પ્રક્રિયા ઉદ્યોગોને મોટા પ્રમાણમાં ગતિ આપવામાં આવનારી હોવાથી બિડકીનમાં ૫૦૦ એકર જમીન પર અન્નપ્રક્રિયા કેન્દ્રનું જલદીથી ભૂમિપૂજન કરીને ઝડપથી કેન્દ્ર બાંધવાનું કામ પૂરું કરવામાં આવશે, આ સ્થળે ૧૦૦ એક જમીન મહિલા ઉદ્યોગસાહસિકો માટે અનામત રહેશે એવી જાહેરાત શ્રી ઠાકરેએ કરી.

ઉદ્યોગ ક્ષેત્રમાં સારાં પ્રમાણમાં કામ થાય છે એવું કહીને ઔરંગાબાદ ઉદ્યોગપતિઓની પીઠ થાબડી અને આંતરરાષ્ટ્રીય બજારમાં પોતાની સ્વતંત્ર ઓળખ નિર્માણ કરવાની ક્ષમતા મહારાષ્ટ્રના મરાઠવાડાના ઔદ્યોગિક ક્ષેત્રમાં છે. પારંપરિક ઉદ્યોગ-વ્યવસાયને આગળ જતાં અલગ આધુનિક પ્રયોગ કરીને વિશ્વમાં 'મેડ ઈન ઈન્ડિયા'ની ઓળખ આપણે કરી આપી શકીએ એવો વિશ્વાસ આપનારું કામ મરાઠવાડામાં થાય છે. મરાઠવાડાની ઔદ્યોગિક શક્તિ દેખાડનારું આ પ્રદર્શન છે એવા શબ્દોમાં પ્રદર્શનનાં વખાણ કર્યાં. આ ઉદ્‌ઘાટન પછી એમણે અનુક્રમે ઔરંગાબાદ, લાતુર, ઉસ્માનાબાદ, પરભણી જિલ્લાના લોકપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સમીક્ષા કરી.



**શેંદ્રા-બિડકીન ઔદ્યોગિક વિકાસ પ્રકલ્પનું સંકલ્પચિત્ર.**

આપ્યા. પરભણી જિલ્લા ક્રીડા સંકુલના સમારકામ માટે ભંડોળ ઉપલબ્ધ કરી આપવામાં આવશે એવું કહેતાં આ સંકુલના માધ્યમથી આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના ખેલાડીઓ તૈયાર કરવામાં આવશે એવી અપેક્ષા પણ મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ વ્યક્ત કરી. પાથરીનો વિકાસ કરવા માટે તીર્થક્ષેત્ર વિકાસ રૂપરેખા હેઠળ ભંડોળ ઉપલબ્ધ કરી આપવામાં આવશે. તબીબી પ્રવેશ વિશે મરાઠવાડાના વિદ્યાર્થીઓને ન્યાય મેળવી આપવા તબીબી પ્રવેશ માટે ઝોન પદ્ધતિ તપાસીને એમાં સુધારા કરવામાં આવશે એવું કહીને પરભણી બાહ્ય રસ્તા માટે જમીનસંપાદન હાથ ધરવા માટે કેન્દ્ર પાસેથી કાર્યવાહી કરવામાં આવશે એવું જણાવ્યું. પરભણી શહેરની પીવાના પાણીની વધતી જરૂરત ધ્યાનમાં લઈને વધુ પાઈપલાઈન, ભૂમિગત ગટર યોજના, જિલ્લાના બંધોનાં કામો જલદી પૂરાં કરવાના નિર્દેશ શ્રી ઠાકરેએ સંબંધિતોને આપ્યા. યેલદરી ડેમના લીકેજ સમારકામ કરીને ડેમથી સીંચાઈ માટે ડાબી અને જમણી નહેર નિર્માણ કરીને ખેતીને વધુ પ્રમાણમાં પાણી ઉપલબ્ધ કરી આપવામાં આવશે. ઉદ્યોગોને ગતિ આપવા માટે નવા ઔદ્યોગિક વસાહત બાંધવા માટે ત્વરિત જગ્યા ઉપલબ્ધ કરવા બાબત પણ અને શહેરની ઝૂંપડીધારકોને 'પ્રધાન મંત્રી આવાસ યોજના' હેઠળ લાવવા માટે જિલ્લાધિકારીઓને કાર્યવાહી કરવાની સૂચના શ્રી ઠાકરેએ આપી.

પ્રવાસના બીજા દિવસે 'સિડકો'ના એમજીએમ ભાગમાં પ્રિયદર્શિની ઉદ્યાનમાં બાળાસાહેબ ઠાકરેના પ્રસ્તાવિત સ્મારક સ્થળની મુલાકાત લીધી. આ સમયે એમણે આ પરિસરમાં આવેલા એક પણ વૃક્ષ ન કાપતાં ઊલટાનું એમાં પક્ષીઓનો વસવાટ રહે એ માટે જાંબુ, ફણસનાં વૃક્ષો ઉગાડવામાં આવે એવી વાત કરીને શ્રી ઠાકરેએ પર્યાવરણપ્રેમી હોવાનું પણ સાબિત કર્યું.




## લાતુર જિલ્લો

લાતુર જિલ્લાની બેઠકમાં દુકાળગ્રસ્ત જિલ્લાનો પાણીનો પ્રશ્ન મુખ્યત્વે ઉકેલવામાં આવશે, ઉપલબ્ધ પાણીસંગ્રહ વપરાશ સાથે જ જરૂરી એટલાં પાણીનો યોગ્ય પદ્ધતિએ ઉપયોગ કરવા સાથે જ વિવિધ પાણીવિષયક યોજનાઓનો સમન્વય કરીને પાણીનું નિયોજન કરવામાં આવશે એમ મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ કહ્યું અને વર્ષોથી જિલ્લાને અસર કરનારી સમસ્યા ત્યાં જ ઝડપથી ઉકેલવામાં આવે એવી સૂચના સંબંધિત વિભાગીય અધિકારીઓને આપી. પાક વીમા સંદર્ભમાં સમય આવે તો વીમા કંપનીઓ સાથે સરકારી સ્તરે સમન્વય સાધીને તત્પરતાથી પાક વીમાના પૈસા ખેડૂતોનાં બૅન્ક ખાતાંમાં જમા કરવામાં આવશે. ખેડૂતોના હિતના દૂરગામી પરિણામવાળી યોજના સરકારી સ્તર પર આયોજનમાં આવતી હોવાથી આ માટે જલદીથી બેઠકનું આયોજન કરવામાં આવશે. ગૌચર જમીનનો વપરાશ એમઆઈડીસી માટે કરવામાં આવશે એવું પણ એમણે કહ્યું. મરાઠવાડાના આ ચાર જિલ્લા પ્રમાણે જ અન્ય બાકીના ચાર જિલ્લાની સમીક્ષા માટે આપણે પાછા મળશું એવું પણ એમણે કહ્યું.

મરાઠવાડાના પ્રશ્નો શું છે, પ્રશ્નોની તીવ્રતા કેટલી છે અને આ પ્રશ્નોનો ઝડપી તેમ જ દીર્ઘકાળ ઉપાય કયો છે, આ ઉપાયોની અમલબજાવણી કેવી રીતે થાય છે, સ્થાનિક પરિસ્થિતિ ધ્યાનમાં લઈને ઉપાયયોજનામાં કયા સુધારા જરૂરી છે, આ સર્વે બાબતમાં આ પ્રવાસ મહત્ત્વનો અને ઉદાહરણવાળો રહ્યો. મરાઠવાડાની વિવિધ સમસ્યા ઉકેલવા માટે સરકાર સજ્જ છે આવું આશ્વાસન મુખ્ય પ્રધાને આ પ્રવાસથી આપ્યો એ નક્કી.

## સ્વતંત્ર મુખ્ય પ્રધાન કક્ષ

વિભાગીય આયુક્ત કાર્યાલયમાં 'મુખ્ય પ્રધાન સચિવાલય કક્ષ' સ્થાપના કરવામાં આવ્યો છે.

**માહિતી સહાયક, વિભાગીય માહિતી કાર્યાલય, ઔરંગાબાદ**

■■

## મહત્ત્વની જાહેરાત

- મરાઠવાડામાં ૮ હજાર ૩૬૦ કરોડ રૂપિયાનું નવું રોકાણ. બિડકીનમાં ૫૦૦ એકર જમીન પર અન્નપ્રક્રિયા કેન્દ્ર બાંધીને ૧૦૦ એકર જમીન મહિલા ઉદ્યોગસાહસિકો માટે અનામત.
- શેંદ્રામાં કૌશલ્ય વિકાસ કેન્દ્ર
- લાતુર જિલ્લાના ખેડૂતો માટે દૂધ સંકલન અંતર્ગત દૂધ-પાવડર પ્રકલ્પ. દેવણી ગાયની આંતરરાષ્ટ્રીય પશુ સંશોધન કેન્દ્ર દ્વારા સારી ગુણવત્તાવાળી ગાયના જાતસંવર્ધન માટે જગા ઉપલબ્ધ.
- ઉસ્માનાબાદ જિલ્લાની દૃષ્ટિએ મહત્ત્વના કૃષ્ણા મરાઠવાડા સીંચાઈ પ્રકલ્પ હેઠળ મરાઠવાડા માટે આપવામાં આવતું પાણી, કૃષ્ણા ખોરે, વગેરે સંદર્ભમાં કાયદેસર અને ટેક્નિકલ બાબતનો અભ્યાસ કરીને એ અહેવાલ મહારાષ્ટ્ર જળપરિષદ પાસે મોકલવામાં આવશે.
- પરભણીમાં કૃષિ વિભાગના ઉપ-વિભાગીય કાર્યાલય શરૂ કરવા બાબત સરકારને પ્રસ્તાવ મોકલવાની મંજૂરી.
- પરભણી જિલ્લામાં ઔદ્યોગિક વસાહત નિર્માણ કરવા માટે જગા.

## જાન્યુઆરી, ૨૦૨૦માં મહત્ત્વની ઘટનાઓની સમીક્ષા

### મુંબઈ પારબંદર પ્રકલ્પ

**દેશમાં** સૌથી લાંબો સમુદ્રકિનારો ધરાવતા મુંબઈ-પારબંદર પ્રકલ્પ (મુંબઈ ટ્રાન્સ હાર્બર લિન્ક)નો પહેલો તબક્કો બાંધવાના કામનો શુભારંભ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના હસ્તે થયો. મુંબઈ-નવી મુંબઈને જોડનારો આ ભારતનો મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ હોય, જે સમયમર્યાદા પહેલાં પૂર્ણ થશે એવો વિશ્વાસ મુખ્ય પ્રધાને આ સમયે વ્યક્ત કર્યો.

આ પ્રકલ્પ માટેનો સમયગાળો ૫૪ મહિનાનો છે અને હાલમાં એનું કામ ઝડપથી થઈ રહ્યું છે એથી સમય પહેલાં આ પ્રકલ્પ પૂર્ણ થશે.

**આવો છે પ્રકલ્પ:** મુંબઈ શહેરના શિવરી અને મુખ્ય ભૂમિ પર ન્હાવાને જોડનારા આશરે બાવીસ કિલોમીટર લંબાઈના છ માર્ગ (ત્રણ + ત્રણ માર્ગ)નો પુલ બંધાશે. આ પુલની સમુદ્ર પરની લંબાઈ ૧૬.૫ કિલોમીટર હશે અને જમીન પરની પુલની કુલ લંબાઈ આશરે ૫.૫ કિલોમીટર જેટલી છે. આ પુલને મુંબઈ શહેરના શિવરી અને મુખ્ય ભૂમિ પર શિવાજી નગર અને રાષ્ટ્રીય ધોરી માર્ગ-૪-



**મુંબઈ-પારબંદર પ્રકલ્પના (મુંબઈ ટ્રાન્સ હાર્બર લિન્ક)ના પહેલા તબક્કાના બાંધકામનો શુભારંભ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના હસ્તે થયો. સાથે નગર વિકાસપ્રધાન એકનાથ શિંદે, સંસદસભ્ય અરવિંદ સાવંત, વિધાનસભ્ય અજય ચૌધરી, વગેરે.**

બ પરના ચિરલે ગામની નજીક આંતબદલ (Interchanges) છે. ભારતનો સૌથી વધારે લંબાઈ ધરાવતો આ સમુદ્ર પરનો પુલ હશે.

**પ્રકલ્પની અત્યારની સ્થિતિ:** ● આ પ્રકલ્પ જપાન આંતરરાષ્ટ્રીય સહકાર સંસ્થાના Japan International Co-operation Agency (JICA) કરજ સહાયથી બાંધવામાં આવી રહ્યો છે. ● પ્રકલ્પનું બાંધકામ ત્રણ સ્થાપત્ય કૉન્ટ્રાક્ટર અને ૧ ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટિમ કૉન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવશે. પ્રકલ્પના ત્રણ પૅકેજના કૉન્ટ્રાક્ટરને ૨૩ માર્ચ, ૨૦૧૮ના રોજ કાર્યારંભ આદેશ આપવામાં આવ્યા છે. ● પ્રકલ્પની ડિસેમ્બર, ૨૦૧૯ના અંત સુધીમાં આશરે ૧૯ ટકા જેટલી આર્થિક પ્રગતિ થઈ છે. પુલના પાયાનું અને સ્તંભના બાંધકામનું કામ પ્રગતિ પર છે. એ જ પ્રમાણે સેગ્મેન્ટ કાસ્ટિંગ અને પુલના અન્ય ભાગોનું બાંધકામનું કામ પ્રગતિ પર છે. ● પ્રકલ્પના બાંધકામનો સમયગાળો આશરે સાડા ચાર વર્ષ છે. એ અનુસાર પ્રકલ્પ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી પૂર્ણ કરવાનું નિયોજન છે.

### શિવભોજન થાળીનો શુભારંભ

**પ્રજાસત્તાક** દિનના અવસરે રાજ્યમાં 'શિવભોજન' યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો. રાજ્યમાં પહેલા દિવસે ૧૧,૪૧૭ લોકોએ આ ભોજનનો લાભ લીધો.



રાજ્યના ગરીબ અને જરૂરતમંદ લોકોને સસ્તા દરે ભોજન ઉપલબ્ધ કરી આપવા માટે મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળ 'શિવભોજન'નો અમલ શરૂ કરવામાં આવ્યો. અત્યાર સુધી રાજ્યમાં ૧૨૨ 'શિવભોજન' કેન્દ્ર શરૂ કરવામાં આવ્યાં છે. આ કેન્દ્ર મારફતે ગરીબ લોકોને દસ રૂપિયામાં ભોજન પીરસવામાં આવે છે. 'શિવભોજન' રાજ્યની પ્રમુખ યોજના હોવાથી એનો રાજ્યમાં એકદમ બરોબર અને વ્યવસ્થિત રીતે અમલ થાય એ માટે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સંરક્ષણ ખાતાને સૂચનાઓ આપવામાં આવી છે. 'શિવભોજન' યોજનામાં અકોલા જિલ્લામાં ૨, અમરાવતી ૩, બુલઢાણા ૩, વાશિમ ૨, ઔરંગાબાદ ૪, બીડ ૧, હિંગોલી ૧, જાલના ૨, લાતુર ૧, નાંદેડ ૪, ઉસ્માનાબાદ ૩, પરભણી ૨, પાલઘર ૩, રાયગઢ ૪, રત્નાગિરિ ૩, સિંધુદુર્ગ ૨, પરેલ ૩, અંધેરી ૩, વડાલા ૨, થાણે ૭, કાંદિવલી ૨, ભંડારા ૨, ચંદ્રપુર ૩, ગઢચિરોલી ૧, ગોંદિયા ૨, નાગપુર ૭, વર્ધા ૨, અહમદનગર ૫, ધુળે ૪, જળગાંવ ૭, નંદુરબાર ૨, નાસિક ૪, કોલ્હાપુર ૪, પુણે ૧૦, સાંગલી ૩, સાતારા ૪, સોલાપુર ૫ કેન્દ્રો ખોલવામાં આવ્યાં છે. સંબંધિત જિલ્લાના પાલક પ્રધાન મહોદયોના હસ્તે 'શિવભોજન' યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો.

ખાનાવળ સ્વયંસેવી સંસ્થા, મહિલા બચતજૂથ, ભોજનાલય, રેસ્ટોરાં, મેસના માધ્યમથી 'શિવભોજન' યોજનાને અમલમાં મૂકવામાં આવી છે. એટલે જે કેન્દ્રોને યોજનાની અમલબજાવણીની માન્યતા આપવામાં આવી છે એ કેન્દ્રમાં યોજના અંતર્ગત બપોરે ૧૨થી ૨ વચ્ચે ભોજન ઉપલબ્ધ કરી આપવામાં આવે છે. લાભાર્થી પાસેથી માત્ર દસ રૂપિયા લેવામાં આવે છે. બાકીની રકમ અન્ન અને નાગરિક પુરવઠો ખાતું અનુદાન તરીકે કેન્દ્રના ચાલકને આપે છે.

### કેમોથેરાપી સુવિધા

કેમોથેરાપીની સુવિધાનો વિસ્તાર મહારાષ્ટ્રના દરેક જિલ્લાની હૉસ્પિટલમાં કરવાની જાહેરાત આરોગ્યપ્રધાન રાજેશ ટોપેએ કરી. મંત્રાલયના વિભાગનો કાર્યભાર

સંભાળ્યા પછી વિભાગની સમીક્ષા બેઠક બોલાવીને એમણે આ સુવિધા વિશેનો નિર્ણય લીધો. રાજ્યમાં હાલમાં ૧૧ જિલ્લા હૉસ્પિટલમાં કેમોથેરાપીની સુવિધા ઉપલબ્ધ છે અને કૅન્સરના વધતા જતા પ્રમાણને ધ્યાનમાં લઈને દરદીઓને રાહત આપવા માટે દરેક જિલ્લામાં આ સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવશે. એ માટે 'ટાટા હૉસ્પિટલ'ના સહકાર્યથી જરૂરી એ ટેક્નિકલ બાબતો વિશેની સૂચના વિભાગને આ વેળા આપવામાં આવી.

રાજ્યભરમાં આરોગ્ય સંસ્થાનું જાળું ફેલાયેલું હોવાથી એનું મજબૂતીકરણ, સ્વચ્છતા, તબીબી અધિકારીની ઉપલબ્ધતા, વગેરે બાબતો પર ભાર આપવામાં આવશે. ઉપલબ્ધ સુવિધાના માધ્યમથી નાગરિકોને વધુ સારી રીતે સેવા આપીને નાગરિકોની આરોગ્ય યંત્રણા તરફ જોવાતા દૃષ્ટિકોણને બદલવા માટે પ્રયત્ન કરવામાં આવશે. બદલાતી જીવનશૈલીને લીધે બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હાર્ટ એટેક જેવી બીમારીનું પ્રમાણ વધતું હોવાથી નાગરિકોમાં જનજાગૃતિ લાવવી જરૂરી છે. તબીબી અધિકારીનાં ખાલી પદો ભરીને ગ્રામીણ વિસ્તારની હૉસ્પિટલોમાં દવાનો પુરવઠો વધુ પ્રમાણમાં રહે એની કાળજી આરોગ્ય યંત્રણાએ લેવી એવા આદેશ આરોગ્યપ્રધાને આ સમયે આપ્યા.

## આરક્ષણ મુદતમાં વધારો : બંધારણમાં સુધારો

મહારાષ્ટ્ર વિધાનસભા અને વિધાનપરિષદના એક દિવસના સત્રમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જમાતિ માટે લોકસભા અને રાજ્યની વિધાનસભામાં અનામત જગ્યા રાખવા તેમ જ એન્ગ્લો ઈન્ડિયન સમાજને નોમિનેશન દ્વારા પ્રતિનિધિત્વ આપવા આગામી ૧૦ વર્ષ માટે મુદતમાં વધારો આપીને સંસદે મંજૂર કરેલા બંધારણ સુધારો (૧૨૬મો) કાયદો, ૨૦૧૯ને સમર્થન આપીને ઠરાવ એકમતે પસાર કરવામાં આવ્યો.

## દરેક તાલુકામાં એક હૉસ્પિટલ

સામાન્ય લોકોને તબીબી ઉપચારો માટે સહાયરૂપ ઠરનારી 'મહાત્મા જોતિબા ફૂલે જન આરોગ્ય યોજના'નો વ્યાપ વધારવામા આવશે. રાજ્યમાં હવે દરેક તાલુકામાં એક હૉસ્પિટલને યોજનામાં સહભાગી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને સહભાગી હૉસ્પિટલોની સંખ્યા બમણી કરીને આશરે એક હજાર હૉસ્પિટલનો સમાવેશ આ યોજના અંતર્ગત કરવામાં આવશે, જેથી વધારેમાં વધારે દરદીઓને એનો ફાયદો થઈને રાહત મળશે, એવો વિશ્વાસ આરોગ્યપ્રધાન રાજેશ ટોપેએ વ્યક્ત કર્યો.

## ૬૫૦૦ આરોગ્યવર્ધિની કેન્દ્ર

આરોગ્ય વિશે પ્રતિબંધાત્મક અને પ્રબોધનાત્મક સેવા લોકો સુધી પહોંચાડવા માટે દરેક ઉપકેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને નાગરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું તબક્કા વારે આરોગ્યવર્ધિની કેન્દ્રમાં રૂપાંતર કરવામાં આવી રહ્યું છે. માર્ચના અંત સુધીમાં કુલ આશરે ૬૫૦૦ આરોગ્યવર્ધિની કેન્દ્ર રાજ્યમાં કાર્યાન્વિત થશે એવી માહિતી આરોગ્યપ્રધાન રાજેશ ટોપેએ આપી.

ગઢચિરોલી, વાશિમ, ઉસ્માનાબાદ અને નંદુરબાર એ ચાર આકાંક્ષિત જિલ્લા તેમ જ ભંડારા, ચંદ્રપુર, વર્ધા, સાતારા, પાલઘર, નાસિક, લાતુર, પુણે, અહમદનગર, નાંદેડ, હિંગોલી, ગોંદિયા, અમરાવતી, સિંધુદુર્ગ, જળગાંવ, એમ ૧૯ જિલ્લાનાં કુલ ૧૯૬૯ આરોગ્ય ઉપકેન્દ્રો અને દરેક જિલ્લાનાં ૧૫૦૧ (ગ્રામીણ ભાગનાં) અને ૪૧૩ (શહેરી ભાગનાં) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એમ કુલ ૩૦૮૩ આરોગ્ય કેન્દ્રનું આરોગ્યવર્ધિની કેન્દ્રમાં રૂપાંતર કરવામાં આવ્યું છે.



**રાજેશ ટોપે**
આરોગ્યપ્રધાન

બીજા તબક્કામાં જાલના, બીડ, પરભણી જેવા મરાઠવાડાના જિલ્લાની સાથે બાકીના જિલ્લામાં આ કેન્દ્ર શરૂ થશે એમ આરોગ્યપ્રધાને જણાવ્યું. આ કેન્દ્રમાં સામૂહિક આરોગ્ય અધિકારી આ પદ પર આયુર્વેદ, યુનાની, નર્સિંગ ડિગ્રીધારકની નિયુક્ત કરવામાં આવશે. આરોગ્ય સેવા, બહુઉદ્દેશીય આરોગ્ય સેવક જેવા કાર્યકર્તાના માધ્યમથી આરોગ્યવર્ધિની કેન્દ્રમાં અને એ અંતર્ગત આવતાં ગામોમાં પ્રાથમિક આરોગ્ય સુવિધાના મજબૂતીકરણનો સરકારનો વિચાર હોવાનું આરોગ્યપ્રધાને જણાવ્યું. પસંદ કરવામાં આવેલા સમુદાય આરોગ્ય અધિકારીઓને છ મહિનાનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. ૨૦૧૯-૨૦માં પૂર્વ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ૩૬૯૬ (આયુર્વેદિક ૨૩૮૮, યુનાની ૨૩૩ અને બી.એસસી. નર્સિંગ ૧૦૭૫) સમુદાય આરોગ્ય અધિકારીનું પ્રશિક્ષણ ઓગસ્ટ, ૨૦૧૯થી શરૂ કરવામાં આવ્યું છે. પ્રશિક્ષિત સમુદાય આરોગ્ય અધિકારી જે નિકાસ પરીક્ષામાં પાસ થઈને ફેબ્રુઆરી, ૨૦૨૦થી આરોગ્ય ઉપકેન્દ્ર પર કાર્યરત થશે. એથી માર્ચથી હજુ ૩૫૦૦ આરોગ્યવર્ધિની કેન્દ્ર કાર્યાન્વિત થશે એમ આરોગ્યપ્રધાને જણાવ્યું.

આધુનિક જીવનશૈલીને લીધે અસંસર્ગજન્ય રોગોમાં વધારો થયો છે. એથી હાલમાં આપવામાં આવતા બાળસંગોપન આરોગ્ય સેવામાં વધારો કરીને અસંસર્ગજન્ય બીમારી તપાસણી માટે આરોગ્ય સેવા આરોગ્યવર્ધિની કેન્દ્રના માધ્યમથી પૂરી પાડવાનો લક્ષ્યાંક છે.

**આરોગ્યવર્ધિની કેન્દ્રમાં ૧૩ સેવાઃ** ● પ્રસૂતિ પહેલાં અને પ્રસૂતિ સેવા ● નવજાત શિશુ અને નવજાત બાળકોને આપવામાં આવતી સેવા ● બાલ્ય અને કિશોરવયીન બીમારી અને રસીકરણ સેવા ● કુટુંબ નિયોજન, ગર્ભનિરોધક અને આવશ્યક આરોગ્ય સેવા ● સંસર્ગજન્ય રોગ નિયોજન અને સામાન્ય રોગોની બાહ્ય રુગ્ણ સેવા ● સંસર્ગજન્ય રોગ નિયોજન અને તપાસણી ● અસંસર્ગજન્ય રોગ નિયોજન અને તપાસણી ● માનસિક આરોગ્ય નિયોજન અને તપાસણી ● નાક, કાન ,ગળું અને આંખના સામાન્ય રોગો સંબંધી સેવા ● દાંત અને મુખ રોગ આરોગ્ય સેવા ● વધતી ઉંમરે થતી બીમારીઓ અને યોગ્ય ઉપચાર ● પ્રાથમિક ઉપચાર અને આપત્કાલિન સેવા ● આયુષ અને યોગ.

જન આરોગ્ય યોજનાના માધ્યમથી સામાન્ય નાગરિકોને ખર્ચાળ તબીબી ઉપચારની સુવિધા મળે છે. આ યોજનામાં સહભાગી હૉસ્પિટલોની સંખ્યા વધારવા બાબત માગણી કરવામાં આવી હતી. એ અનુસાર વધારેમાં વધારે નાગરિકોને યોજનાનો ફાયદો મળે એ માટે હવે હૉસ્પિટલોની સંખ્યા વધારવાનો નિર્ણય લેવામાં આવશે.

**સહભાગી દરદીઓની સંખ્યા બમણી:** હાલમાં જન આરોગ્ય યોજનામાં રાજ્યમાં ૪૯૨ હૉસ્પિટલો સહભાગી છે. ૩૫૫ તાલુકામાંથી ૧૦૦ તાલુકાને આવરી લેવામાં આવતી હોવાથી બાકીના તાલુકામાં દરદીઓને યોજના દ્વારા ઉપચાર કરવા માટે જિલ્લાના ઠેકાણે અથવા નજીકના તાલુકામાં જવું પડે છે. દરદીઓને પ્રવાસ કરવો પડે નહીં, એમને એમના જ તાલુકામાં ઉપચારની સગવડતા મળે એ માટે હવે દરેક તાલુકામાં યોજના અંતર્ગત એક હૉસ્પિટલનો સમાવેશ કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે એથી હવે આ યોજના અંતર્ગત એક હજાર હૉસ્પિટલોને સહભાગી કરવામાં આવશે.

## બંધારણના આમુખનું પઠન

ભારતીય બંધારણના આમુખનું રાજ્યની દરેક ગ્રામપંચાયતો, પંચાયત સમિતિઓ અને જિલ્લાપરિષદોમાં પ્રજાસત્તાક દિન, મહારાષ્ટ્ર દિન, સ્વતંત્રતા દિન જેવા રાષ્ટ્રીય દિને સામૂહિક વાંચન થશે. આગામી ૨૬ જાન્યુઆરીથી રાજ્યમાં બંધારણ અંગે જન-જાગૃતિ લાવવા માટે આ ઉપક્રમ શરૂ કરવામાં આવશે એવી માહિતી ગ્રામવિકાસ પ્રધાન શ્રી હસન મુશ્રીફે આપી.

પ્રજાસત્તાક દિન, મહારાષ્ટ્ર દિન, સ્વતંત્રતા દિને ગ્રામપંચાયતો, પંચાયત સમિતિ અને જિલ્લાપરિષદોમાં આ ઉપક્રમ શરૂ કરવામાં આવશે. સંસ્થાના પદાધિકારી અને નાગરિક આ બંધારણના આમુખનું વાંચન કરશે. નાગરિકોમાં આપણા બંધારણ વિશે જાગૃતિ આવે, હક્ક અને કર્તવ્ય વિશેની એમને જાણ થાય અને આપણી લોકશાહીને વધુ મજબૂત કરવાની દૃષ્ટિએ આ ઉપક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે. આગામી ૨૬ જાન્યુઆરીથી રાજ્યની ૨૭ હજાર ૮૭૪ ગ્રામપંચાયતો, ૩૫૧ પંચાયત સમિતિઓ અને ૩૪ જિલ્લાપરિષદોમાં આ ઉપક્રમ શરૂ કરવામાં આવશે.

## ૫૦૦ ખેડૂત સન્માન, માર્ગદર્શક કક્ષ

ખેડૂતબાંધવો એમની અડચણો રજૂ કરી શકે એ માટે, એમને વિવિધ યોજનાની માહિતી મળે, હક્કનું મંચ મળે એ માટે તાલુકા, જિલ્લાસ્તરે કૃષિ કાર્યાલયમાં ખેડૂત સન્માન અને માર્ગદર્શન કક્ષ શરૂ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશનો શુભારંભ રાયગઢ જિલ્લામાં અલીબાગ ખાતેથી કૃષિપ્રધાન દાદાજી ભૂસેના હસ્તે કરવામાં આવ્યો. સંપૂર્ણ રાજ્યમાં આશરે ૫૦૦ કાર્યાલયોમાં આવાં કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે.

કૃષિપ્રધાને ખેડૂત સન્માન અને માર્ગદર્શન કક્ષ શરૂ કરવા તેમ જ તાલુકાસ્તરે સમન્વય સમિતિ સ્થાપન કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. એની અમલબજાવણી કરીને સંપૂર્ણ રાજ્યમાં આવાં માર્ગદર્શક કેન્દ્ર શરૂ કરવા માટે કૃષિવિભાગ સજ્જ થયો હોવાનું કૃષિપ્રધાન શ્રી ભૂસેએ જણાવ્યું. આ સંદર્ભે વિભાગ મારફત સરકારી આદેશ પણ જાહેર કરવામાં આવ્યો હોય એમાં માર્ગદર્શક કક્ષ અને સમિતિ બાબત સૂચના આપવામાં આવી છે.

ખેતમાલની ઉત્પાદકતા અને આવકમાં સાતત્ય જાળવી રાખવા માટે સરકારે વિવિધ વિભાગ દ્વારા ખેડૂતો માટે જે યોજના શરૂ કરી છે એની અમલબજાવણીમાં સમન્વય સાધવા માટે તાલુકાસ્તરની સમિતિની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હશે. મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના ખેડૂતોને ચિંતામુક્ત કરવાના લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે કૃષિવિભાગ મારફત ખેડૂતોને કેન્દ્રબિંદુમાં રાખીને યોજના શરૂ કરવામાં આવી છે. એ દૃષ્ટિએ ખેડૂતોની આવકના વધારા માટે તાલુકાસ્તરે સમિતિની દર ત્રણ મહિને બેઠક યોજવામાં આવશે. એમાં ખેડૂતોના પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવશે. હવામાન, પાક પરિસ્થિતિ, માર્કેટિંગ, નિકાસનો પુરવઠો, પાક-કરજ, ખેતી પૂરક જોડ વ્યવસાય, વીજળીનું જોડાણ, ખેડૂતોના કરજનાં પ્રકરણો, વગેરે બાબત પર આ સમિતિની બેઠકમાં ચર્ચા થશે.

## સરકારી વ્યવહારમાં પેન અનિવાર્ય

રાજ્ય સરકાર સાથે સંબધિત આર્થિક વ્યવહાર માટે હવે પછી પેન ક્રમાંક અનિવાર્ય થશે. મહેસૂલચોરીને રોકવામાટે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની અધ્યક્ષતા બેઠકમાં આ નિર્ણય લેવામા આવ્યો.



રાજ્યની વિકાસ યોજનાને મૂળભૂત પ્રકલ્પોને ગતિ આપવામાટે રાજ્યની આર્થિક સ્થિતિ સુધારવાપર નાણાંપ્રધાનવતી શ્રી અજીત પવારે ધ્યાન કેન્દ્રીત કરીને વિવિધ વિભાગોની મહેસૂલ વધારવા માટે સમીક્ષા બેઠક કરી. મહેસૂલ વધારો કરતી વખતે મહેસૂલ ચોરીને અટવવામાટે ઉપાય-યોજના કરવામાં આવે છે. ઓનલાઇન લોટરીદ્વારા થતી મહેસૂલની ચોરી મોટી હોય આગામી સમયમાં રાજ્યમાં ઓનલાઇન લોટરીપર બંદી મૂકીને માત્ર પેપર લોટરી કાયમ માટે ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. હોટેલમાં વેંચતા મદ્યપર બે પ્રકારના કર આકારવામાં આવે છે, તેથી હોટેલમાંથી વેંચતા મદ્યપર કર રદ્દ કરવામાં આવ્યો હોય, મદ્ય ઉત્પાદન પરનો સીધો કર વધારવામાં આવશે. જેથી રાજ્યના મહેસૂલમાં વધારો અપેક્ષિત છે.

## ડૉ. શંકરરાવ ચવ્હાણના નામે જળભૂષણ પુરસ્કાર

જળસંપદા, જળસંધારણ અને પાણીપુરવઠા ક્ષેત્રમાં ઉલ્લેખનીય કાર્ય કરનારી વ્યક્તિને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સ્વર્ગીય ડૉ. શંકરરાવ ચવ્હાણના નામે 'જળભૂષણ'

પુરસ્કાર આપવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે.

મહારાષ્ટ્ર રાજ્યના ઘડતરમાં અમૂલ્ય ફાળો ધરાવતા જળ-સંસ્કૃતિના જનક ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સ્વર્ગીય ડૉ. શંકરરાવ ચવ્હાણના જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે આ નિર્ણય લેવામાં આવ્યો. એમણે 'પાણી અડવા પાણી જીરવા'નું સૂત્ર આપીને રાજ્યને દુકાળમુક્ત કરવા માટે જળસંસ્કૃતિ અમલમાં મૂકી. રાજ્યના અનેક સીંચાઈ પ્રકલ્પ એમના પ્રયત્નોના લીધે આગળ વધ્યા. દુકાળમુક્તિ માટે એમના વિચારો આજની પેઢી સુધી પહોંચાડવા આવશ્યક છે. એમનું કાર્ય અને સંકલ્પનાનો પ્રચાર ને પ્રસાર કરવાનો નિર્દેશ રાજ્ય સરકારે આપ્યો હોય, એના જ એક ભાગ તરીકે 'જળભૂષણ' પુરસ્કાર આપવામાં આવે છે. આ ઉપરાંત, જળક્રાંતિ અંગેના વિચારોને આગળ વધારવા માટે રાજ્ય સરકાર વતી સંદર્ભ ગ્રંથ અને 'લોકરાજ્ય'ના વિશેષાંકનું પ્રકાશન કરવામાં આવશે.

નાંદેડ શહેરના વિષ્ણુપુરી પ્રકલ્પ નજીક ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સ્વર્ગીય ડૉ. ચવ્હાણનું સ્મારક બાંધવાનો અને નાંદેડ જિલ્લાના ભોકર ખાતે પોલીસ પ્રશિક્ષણ કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નાંદેડ શહેરમાં ગ્રંથાલય, સ્પર્ધા પરીક્ષા માર્ગદર્શન કેન્દ્ર અને છોકરા-છોકરીની હૉસ્ટેલો બાંધવાનાં, વગેરે કામો પણ પ્રસ્તાવિત કરવામાં આવ્યાં છે. આ કામોના ભંડોળ માટે સંબંધિત વિભાગોને આવશ્યક એ જોગવાઈ કરવાનો નિર્દેશ પણ સરકારે આપ્યો છે.

ડૉ. શંકરરાવ ચવ્હાણનો જન્મ ૧૪ જુલાઈ, ૧૯૨૦ના રોજ થયો. ૧૫ જુલાઈ, ૨૦૧૯થી ૧૪ જુલાઈ, ૨૦૨૦ સુધી એમની જન્મશતાબ્દી વર્ષ હોય, એ નિમિત્તે રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. વિધાનમંડળના આગામી બજેટ અધિવેશનમાં વિધાનપરિષદ અને વિધાનસભાનાં બન્ને સભાગૃહમાં સ્વર્ગીય ડૉ. શંકરરાવ ચવ્હાણના કાર્યનું ગૌરવ કરવાનો પ્રસ્તાવ રજૂ કરવાની ઘોષણા પણ આ અગાઉ થઈ છે.

## મહારાષ્ટ્રના ૫૪ પોલીસોને રાષ્ટ્રપતિ પોલીસ પદક



ઉલ્લેખનીય કામગીરી માટે આપવામાં આવતા રાષ્ટ્રપતિ પોલીસ પદક કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જાહેર કર્યા છે. દેશના ૧૦૪૦ પોલીસ અધિકારી અને કર્મચારીઓને રાષ્ટ્રપતિ પોલીસ પદક જાહેર થયા હોય એમાં મહારાષ્ટ્રના ૫૪ પોલીસ અધિકારી અને કર્મચારીઓનો સમાવેશ છે.

## સક્ષમ અભિયાન

પેટ્રોલિયમ પદાર્થના સંરક્ષણની બાબતે જનજાગૃતિ લાવવા માટે પેટ્રોલિયમ સંવર્ધન સંશોધન સંગઠન દ્વારા આયોજિત 'સક્ષમ અભિયાન ૨૦૨૦' (સંરક્ષણ ક્ષમતા મહોત્સવ) કાર્યક્રમનું ઉદ્ઘાટન અન્ન અને નાગરી પુરવઠા અને ગ્રાહક સંરક્ષણપ્રધાન છગન ભુજબળના હસ્તે યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન ખાતે થયું.

વિકાસ તરફ ઝડપી બનતી આપણા દેશની રફતાર અને રાજ્યની વધતી ઊર્જાની જરૂરતને પૂરી પાડવા માટે પેટ્રોલિયમ પ્રદાર્થનો આયાત પર આધાર રાખવો પડે છે. આવી પરિસ્થિતિમાં ઊર્જા-સાધનોનો કરકસરથી વપરાશ દેશના અને રાજ્યના શાશ્વત વિકાસ માટે અને પર્યાવરણ સંવર્ધન માટે મહત્ત્વનું પગલું છે. રાજ્ય સરકાર પેટ્રોલિયમ પદાર્થના પર્યાય તરીકે અપારંપારિક ઊર્જાના અને બીજાં સાધનોના વપરાશ કરવા માટે ઉપાયયોજના કરે છે.




**'સક્ષમ અભિયાન ૨૦૨૦' ઉદ્ઘાટન પ્રસંગે પ્રતિજ્ઞા લઈ રહેલા અન્ન અને નાગરી પુરવઠા અને ગ્રાહક સંરક્ષણપ્રધાન છગન ભુજબળ, સાથે અન્ન અને નાગરી પુરવઠા અને ગ્રાહક સંરક્ષણ વિભાગના પ્રધાન સચિવ મહેશ પાઠક, ઈન્ડિયન ઑઈલ કૉર્પોરેશનના પ્રાદેશિક સમન્વયક સુજિત રૉય.**

'સક્ષમ અભિયાન ૨૦૨૦' (સંરક્ષણ ક્ષમતા મહોત્સવ ) અભિયાન ૧૬ જાન્યુઆરીથી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૦ના સમયગાળામાં ચાલુ રહેશે. અભિયાનનું સૂત્ર 'ઈંધન અધિક ના ખપાએં, આઓ પર્યાવરણ બચાએં' છે.

**પરિવહન સંસ્થા પુરસ્કારઃ** રાષ્ટ્રીય સ્તરે બીજો ઉત્કૃષ્ટ રાજ્ય પરિવહન સંસ્થા પુરસ્કાર બેસ્ટના મુખ્ય પ્રબંધક શ્રી લાડ અને બેસ્ટના બાન્દ્રા ડેપોને ઉત્કૃષ્ટ પુરસ્કાર આપવામાં આવ્યો. રાજ્યસ્તરે ઉત્કૃષ્ટ પરિવહન પુરસ્કાર મુરુડ (રાયગઢ) ,પંચવટી (નાસિક), યવતમાળ, શ્રીવર્ધન (રાયગઢ), પેણ (રાયગઢ), પરભણી, પીએમપીએમએલ પુણેના બાલેવાડી ડેપોને ઉત્કૃષ્ટ ડેપો પુરસ્કાર આપવામાં આવ્યો.. પીસીઆરએના સક્ષમ-સંરક્ષણ ક્ષમતા મહોત્સવ આ વૅનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

**રાજ્યહિતની અનેક યોજનાઓને પ્રધાનમંડળની બેઠકમાં સૌથી પહેલાં માન્યતા આપવામાં આવે છે. આવા નિર્ણયોની વિસ્તારિત સમીક્ષા.....**

# પ્રધાનમંડળમાં નક્કી થયું...

## ઈંદુ મિલસ્થિત સ્મારક

ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના ઈંદુ મિલસ્થિત સ્મારકના પૂતળાની ઊંચાઈ ૩૫૦ ફૂટ જેટલી કરવાનો નિર્ણય પ્રધાનમંડળની બેઠકમાં લેવામાં આવ્યો. એ પહેલાં પૂતળાની ઊંચાઈ ૨૫૦ ફૂટ જેટલી નક્કી કરવામાં આવી હતી. આ નિર્ણયને કારણે આ સ્મારકનો ચબૂતરો ૧૦૦ ફૂટ અને પૂતળું ૩૫૦ ફૂટ એમ સ્મારકની કુલ ઊંચાઈ જમીનથી ૪૫૦ ફૂટ જેટલી થશે.

આ પ્રકલ્પ માટે મુંબઈ મહાનગર પ્રદેશ વિકાસ પ્રાધિકરણે સુધારિત સંકલ્પ અનુસાર રજૂ કરેલા અંદાજિત ખર્ચને પ્રધાનમંડળની બેઠકમાં માન્યતા આપવામાં આવી. આ ખર્ચ પ્રાધિકરણ મારફત કરવામાં આવનારો હોવાથી એનું વળતર સરકાર આપશે. આ પ્રકલ્પ ત્રણ વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. એ માટે ૯ ફેબ્રુઆરી, ૨૦૧૮ના કાર્યાદેશ આપવામાં આવ્યો હોઈ તમામ સંરચનાત્મક તક્તાઓનું ૧૦૦ ટકા કામ પૂરું થઈ ગયું હોઈ જરૂરી પરવાનગીઓ પણ મળી ગઈ છે. પૂતળાની ઊંચાઈ વધારવાના નિર્ણયને કારણે જરૂરી પરવાનગીઓ તત્કાલ લેવામાં આવે એવો નિર્દેશ પણ પ્રધાનમંડળની બેઠકમાં આપવામાં આવ્યો.

પૂતળાની ઊંચાઈ વધારવાને કારણે એ માટે લાગનારા કાંસ્ય અને લોખંડનું પ્રમાણ પણ વધશે



**ઈંદુ મિલ ખાતે ભારતરત્ન ડો. બાબાસાહેબ આબેડકરના પ્રસ્તાવિત સ્મારકના સંકલ્પ ચિત્રનું નિરિક્ષણ કરતાં વરિષ્ઠ નેતા શરદ પવાર અને સામાજિક ન્યાય ખાતાના પ્રધાન ધનંજય મુંડે**

## પાક વીમા યોજના

**રવી** પાક ૨૦૧૯ માટે વીમા કંપનીની નિમણૂક ન થઈ શકેલા ૧૦ જિલ્લાઓમાં વ્યવહારિક ધોરણાત્મક નિર્ણય લેવા બાબત ઉપાયયોજના કરવા માટે પ્રધાનમંડળ ઉપસમિતિની સ્થાપના કરવા માટે પ્રધાનમંડળ બેઠકમાં માન્યતા આપવામાં આવી. આ સમિતિ ખરીફ પાક ૨૦૨૦માં આવી જ સ્થિતિ ઊભી થાય તો પાક વીમો અને ફળ પાક વીમા યોજના બાબત ઉપાયયોજના સૂચવી નિર્ણય લેશે અને હાલની સ્થિતિમાં યોજનાની ત્રુટિઓ દૂર કરવા માટે ઉપાયયોજનાઓ સૂચિત કરશે.



અનિશ્ચિત હવામાનની પાર્શ્વભૂમિ પર ખેડૂતોને શાશ્વત આવકની શાશ્વતી મેળવવાની દૃષ્ટિએ ક્ષેત્રને ઘટક તરીકે લઈ રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનાની અમલબજાવણી કરવામાં આવતી હતી.

ઈ-ટેન્ડર પદ્ધતિથી જિલ્લાસ્તરે યોજના અમલીકરણ યંત્રણાનું ચયન કેન્દ્ર સરકારે નિશ્ચિત કરેલી ૧૮ વીમા કંપનીમાંથી કરવામાં આવે છે. 'આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ ઈન્સ્યોરન્સ', 'ટાટા ઈન્સ્યોરન્સ', 'ટાટા એઆઈજી જનરલ ઈન્સ્યોરન્સ', 'ચોલામંડલમ્ જનરલ ઈન્સ્યોરન્સ' અને 'શ્રીરામ જનરલ ઈન્સ્યોરન્સ' આ ચાર વીમા કંપનીઓએ યોજનામાં રાષ્ટ્રીય સ્તરે સહભાગ થોભાવી દીધો છે.

યોજનાના અમલીકરણમાં આવતી સમસ્યાઓને કારણે વીમા કંપનીની નિવિદા પ્રક્રિયાનો પ્રતિસાદ દરેક સીઝનમાં ઓછો થઈ રહ્યો છે અને 'પ્રધાન મંત્રી પાક વીમા યોજના'માં ખેડૂતોનો સહભાગ વધતો હોઈ અને વીમાના હપ્તાના અનુદાનમાં વધારો થયો હોઈ ખેડૂતોને પાક વીમો મળતો ના હોવાની બાબતની તકરારો બહોળા પ્રમાણમાં પ્રાપ્ત થઈ રહી છે.

રવી પાક ૨૦૧૯ માટે વીમા કંપની તરફથી પ્રતિસાદ પ્રાપ્ત ન થવાથી ૧૦ જિલ્લામાં હજી સુધી યોજના લાગુ કરવી શક્ય થયું નથી. ફેરનિવિદા કાઢ્યા બાદ પણ વીમા કંપની તરફથી પ્રતિસાદ પ્રાપ્ત થયો નથી એથી આ ૧૦ જિલ્લામાં પાક જોખમ વ્યવસ્થાપન કરવું જરૂરી છે અને આગામી ખરીફ સીઝનમાં આવી જ સ્થિતિ ઊભી થાય તો યોગ્ય ઉપાયો કરવા જરૂરી હોવાથી પ્રધાનમંડળ ઉપસમિતિની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

તેમ જ પૂતળાના બેઝ ઘેરાવ પણ વધશે. આ સ્મારકમાં બૌદ્ધ વાસ્તુરચના શૈલીનો ઘુમ્મટ, સંગ્રહાલય અને પ્રદર્શન ભરાવવાની સુવિધા હશે અને પાદપીઠમાં ૬.૦ મીટર વ્યાસના ચક્રાકાર માર્ગો હશે. આ સ્મારકમાં ૬૮ ટકા ખુલ્લી હરિયાળી જગ્યા હશે. આ જગ્યાએ ૪૦૦ લોકોની આસનક્ષમતા ધરાવતો વ્યાખ્યાન વર્ગ અને કાર્યશાળા લેવાની સગવડતા ધરાવતું ધ્યાનગૃહ હશે અને ૧૦૦૦ લોકોની આસનક્ષમતા ધરાવતું આધુનિક સભાગૃહ હશે.

## તજ્જ્ઞ સંચાલકોની નિયુક્તિઓ રદ

કૃષિ ઉત્પન્ન બજાર સમિતિઓ પર કરવામાં આવેલી વિશેષ નિમંત્રિતો (તજ્જ્ઞસંચાલક)ની નિયુક્તિઓ રદ કરવાનો નિર્ણય પ્રધાનમંડળની બેઠકમાં લેવામાં આવ્યો. તજ્જ્ઞસંચાલક નિયુક્ત કરવા માટેની મહારાષ્ટ્ર કૃષિ ઉત્પન્ન પણન (વિકાસ અને વિનિયમન) અધિનિયમ ૧૯૬૩માં આ સંબંધિત તજવીજ બાદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

આ અધિનિયમ અનુસાર ૧૩ જૂન, ૨૦૧૫થી તજ્જ્ઞસંચાલકોની નિયુક્તિઓ માટેની તજવીજ કરવામાં આવી હતી. આ તજવીજ રદ કરવા બાબત અધ્યાદેશ કાઢવાનો પ્રસ્તાવ રાજ્યપાલને મોકલવાને માન્યતા આપવામાં આવી અને મુંબઈ ઉચ્ચ ન્યાયાલયની ઔરંગાબાદ ખંડપીઠે આપેલા નિર્ણયને ધ્યાનમાં લઈ અત્યાર સુધી કરવામાં આવેલી નિયુક્તિઓ પ્રકરણ પરત્વે રદ કરવા બાબતનો નિર્ણય લેવાની માન્યતા પણ આપવામાં આવી.

## એકસદસ્યીય પ્રભાગ પદ્ધતિ

નગરપરિષદોમાં બહુસભ્ય પ્રભાગ પદ્ધતિ કરતાં એક સભ્ય પ્રભાગ પદ્ધતિનો અમલ કરવા માટે અધિનિયમ સુધારા માટે અધ્યાદેશ કાઢવા પ્રધાનમંડળમાં માન્યતા પણ આપવામાં આવી.

મહારાષ્ટ્ર નગરપરિષદ, નગરપંચાયત અને ઔદ્યોગિક નગરી અધિનિયમ ૧૯૬૫ની કલમ ૧૦(૨)માં નગરપરિષદ ચૂંટણીઓ માટે પ્રભાગ પદ્ધતિ અને સભ્યસંખ્યા બાબતની તજવીજ છે. ૨૦૧૭માં કરેલા સુધારાઓ અનુસાર હાલની સ્થિતિમાં નગરપરિષદ ક્ષેત્રે બહુસભ્ય પ્રભાગ પદ્ધતિનો અવલંબન કરવામાં આવે છે. આ તજવીજ પ્રમાણે પ્રભાગમાં શક્ય હોય ત્યાં બે, પરંતુ ત્રણથી વધુ નહીં જેટલા સભ્ય ચૂંટાઈ આવે છે. નગરપરિષદ ક્ષેત્રના વિકાસ પ્રભાગને ગતિમાન કરવા માટે એક સભ્ય પદ્ધતિ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બહુસભ્ય પ્રભાગ પદ્ધતિની કરેલી તજવીજ પ્રસ્તાવિત મહારાષ્ટ્ર નગરપરિષદ (સુધારણા) અધિનિયમ ૨૦૧૯ની શરૂઆતમાં ચૂંટણી પૂરતી જ લાગુ બનશે. આ નિર્ણયનો અમલ કરવાની વિધિ અને ન્યાય વિભાગની સલાહ અનુસાર જરૂરી સુધારાઓ સાથે અધ્યાદેશ રૂપરેખા નિશ્ચિત કરવામાં આવશે.

## સ્માર્ટ પ્રકલ્પ

રાજ્યના કૃષિ અને કૃષિ પૂરક વ્યવસાયોથી સંલગ્ન દરેક ઘટકોના સર્વાંગીણ વિકાસ માટે વિશ્વ

બૅન્કની સહાયતાથી મહારાષ્ટ્ર કૃષિ વ્યવસાય અને ગ્રામીણ પરિવર્તન પ્રકલ્પનો અમલ કરવા બાબત રાજ્ય પ્રધાનમંડળ બેઠકમાં રજૂઆત કરવામાં આવી.

આ પ્રકલ્પ માટે વિશ્વ બૅન્કની સહાયતાથી લગભગ ૨૧૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. એમાં વિશ્વ બૅન્કના કરજનો હિસ્સો ૧૪૭૦ કરોડ રૂપિયા, રાજ્ય સરકારનો હિસ્સો ૫૬૦ કરોડ રૂપિયા અને સીએસઆરમાંથી ૭૦ કરોડ રૂપિયા રહેશે. આ પ્રકલ્પના અમલનો સમયગાળો સાત વર્ષ જેટલો નક્કી કરવામાં આવ્યો છે.

સ્માર્ટ પ્રકલ્પ અંતર્ગત કૃષિમાલના માર્કેટિંગ વિશે મૂળભૂત સુવિધાઓ નિર્માણ કરવા પર વિશેષ ભાર આપવામાં આવશે. એમાં કૃષિમાલની બજાર પ્રવેશનોંધ, કમ્પ્યુટરાઈઝ્ડ કૃષિમાલ લિલામ પદ્ધતિ, સંગ્રહ સુવિધા, નિર્યાત સુવિધા નિર્માણ, વિદ્યમાન સુવિધાઓનો સુધારો અને મજબૂતી તેમ જ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિઓને ઈ-ટ્રેડિંગ પ્લૅટફૉર્મના માધ્યમ દ્વારા એકત્રિત બજાર નેટવર્ક દ્વારા જોડાણની સુવિધાઓનો સમાવેશ છે. એ જ રીતે ખેતઉત્પાદન સમૂહોનું નિર્માણ અને એના સક્રિય સહભાગથી ખેડૂતોનું બજારો સાથે જોડાણ, કૃષિઉત્પાદનની લણણી બાદની વ્યવસ્થા અને પ્રાથમિક પ્રક્રિયા થકી મૂલ્યવૃદ્ધિ કરવી, ગ્રાહકો માટે સુરક્ષિત ખાદ્ય (SAFE FOOD) ઉત્પાદન કરવા માટે મદદ કરવી અને દરેક પ્રકારના ઉપક્રમો દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરી એમના માટે આજીવિકાના સ્રોત ઊભા કરવા, વગેરે આ પ્રકલ્પના પ્રમુખ ઉદ્દેશ્યો છે.

પ્રકલ્પના માધ્યમ દ્વારા સ્વયંસહાયતા સમૂહ, ગ્રામ સંઘ, પ્રભાગ સંઘ, ખેડૂત ઉત્પન્ન કંપનીઓ, સાધારણ રસ ધરાવતા સમૂહો, ખેડૂત સ્વારસ્ય સમૂહોની સ્થાપના કરવા સહિત એને સક્ષમ કરી કૌશલ્ય વિકાસ કરવામાં આવશે. આ અંતર્ગત સ્થાપિત સંસ્થાઓનો વાર્ષિક ટર્નઓવર વધારવો અને એની જોડણી સ્થાપિત ખાનગી વ્યવસાયીઓ સાથે કરવા સહાયક થનારી મૂલ્યાંકિત સાંકળ રચવામાં આવશે. ખેડૂત ઉત્પાદન સંસ્થા, ઉત્પાદક સમૂહો અને અન્ય સંબંધી સંસ્થાઓનો વિકાસ વેપાર કેન્દ્ર તરીકે કરવામાં આવશે અને વિભાગવાર બજાર સુલભતા કેન્દ્રની સ્થાપન કરવામાં આવશે.

પ્રભાવી કૃષિ પણન વ્યવસ્થા માટે બજાર કેન્દ્રો સાથે જોડાણ કરવા સાથે આ બજાર કેન્દ્રોમાં કૃષિ ઉત્પન્ન બજાર સમિતિઓ, ખેડૂત ઉત્પાદક સંસ્થા, ગ્રામીણ બજાર, વેરહાઉસ મહામંડળ, ખાનગી બજાર ઈત્યાદિનો સમાવેશ હશે. ગ્રામીણ બજારમાંથી વિતરણ કેન્દ્રોનું સ્થાપન અને અનાજ તથા ફળ-

## નાગ નદીનું પ્રદૂષણ અટકાવાશે

નાગ નદીનું પ્રદૂષણ રોકવાના પ્રકલ્પ માટે આવશ્યક ભંડોળની કરજ ચુકવણી માટે સરકારના હિસ્સાની રકમને બાંયધરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. પ્રકલ્પની અમલબજાવણી અને સનિયંત્રણ માટે સમન્વય સમિતિ નિયુક્ત કરવામાં આવશે.

કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલય મારફત રાષ્ટ્રીય નદી કૃતિ યોજના અંતર્ગત નદી કાંઠેનાં શહેરોનાં ગંદા વહેતાં પાણીથી થતું નદીઓનું પ્રદૂષણ રોકવા માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. એ અનુસાર રાષ્ટ્રીય નદી સંવર્ધન સંચાલનાલય, કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયે રાષ્ટ્રીય નદી સંવર્ધન યોજના અંતર્ગત નાગ નદીનું પ્રદૂષણ રોકવાના પ્રકલ્પને ૨૪૧૨.૬૪ કરોડ રૂપિયાના પ્રસ્તાવને માન્યતા આપી છે. પ્રકલ્પની અમલબજાવણી નાગપુર મહાનગરપાલિકા કરશે. નદીમાં ઠલવાતા ગંદા પાણીને અટકાવવું-વાળવું, પ્રક્રિયા કરવી, ગંદા પાણી પ્રક્રિયા કેન્દ્ર બાંધવાં, સુલભ શૌચાલયો જેવાં કામો આ પ્રકલ્પો હેઠળ કરવામાં આવશે.



પ્રકલ્પમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને નાગપુર મહાનગરપાલિકાનો અનુક્રમે ૬૦:૨૫:૧૫ પ્રમાણે હિસ્સો રહેશે. જે પ્રત્યેક અનુક્રમે ૧૪૪૭.૫૯ કરોડ રૂપિયા, ૬૦૩.૧૬ કરોડ અને ૩૬૧.૮૯ કરોડ જેટલો છે. યોજના માટે કેન્દ્ર સરકાર 'જાયકા' સંસ્થા પાસેથી ૧૮૬૪.૩ કરોડ રૂપિયા જેટલું કરજ લેશે.

આ કરજની ચુકવણીમાં કેન્દ્ર સરકારનો હિસ્સો ૧૪૬૦.૪ કરોડ (કરજની રકમના ૭૮.૩૪ ટકા) અને રાજ્ય સરકારનો હિસ્સો રૂપિયા ૪૦૩.૯ કરોડ (કરજની રકમના ૨૧.૬૬ ટકા) જેટલો હશે. રાજ્ય સરકારના હિસ્સાના ૬૦૩.૧૬ કરોડ (૨૫ ટકા) રૂપિયામાંથી ૪૦૩.૯ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર 'જાયકા' સંસ્થા પાસેથી લેશે. આ કરજની ચુકવણી (કુલ કરજના ૨૧.૭૭ ટકા) તેમ જ રાજ્ય સરકારના હિસ્સાની બાકીની ૧૯૯.૨૬ કરોડ જેટલી વધારાની રકમની બાંયધરી કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયને આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ પ્રકલ્પની અમલબજાવણી અને સનિયંત્રણ માટે નાગપુરના પાલકપ્રધાન તથા ઊર્જાપ્રધાન ડૉ. નીતિન રાઉતની અધ્યક્ષતામાં સમન્વય સમિતિ નિયુક્ત કરવામાં આવશે. આ સમિતિમાં ગૃહપ્રધાન અનિલ દેશમુખ, ક્રીડા અને યુવક કલ્યાણપ્રધાન સુનીલ કેદાર, પર્યાવરણપ્રધાન આદિત્ય ઠાકરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. નાગપુર મહાપાલિકા કમિશનર સમિતિના સભ્ય સચિવ રહેશે.

## આધ્યાપકો માટે પ્રશિક્ષણ સંસ્થા

**રાષ્ટ્રીય** અને આંતરરાષ્ટ્રીય સ્તરે થતી આધુનિક શિક્ષણ પદ્ધતિમાંના ફેરફારને ધ્યાનમાં રાખીને ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ વિભાગના અધ્યાપકો અને પ્રાચાર્યના પ્રશિક્ષણ માટે કંપની કાયદા અન્વયે અધ્યાપક વિકાસ સંસ્થાની સ્થાપના કરવાનો ઈતિવૃતમાં થોડા સુધારા સહિત માન્યતા આપવામાં આવી. આ સંસ્થાની સ્વાયત્તતા મેળવવા અંગે કંપની કાયદા હેઠળ આ સંસ્થા સ્થાપવામાં આવશે. એમાં સરકારનો સહભાગ ૪૦ ટકા તેમ જ સ્વયંસેવી સંસ્થા અને વ્યવસાય સંસ્થાનો હિસ્સો ૧૦ ટકા જેટલો રહેશે.



કૉલેજો તેમ જ યુનિવર્સિટી, સંસ્થાઓ પાસેથી સભ્ય ફી લેવામાં આવશે. કૉર્પોરેટ અને બિઝનેસ હાઉસ પાસેથી પ્રાપ્ત થતા ભંડોળમાંથી કૉર્પોસ ફંડ તૈયાર કરવામાં આવશે. આ પ્રશિક્ષણ સંસ્થાનું કામકાજ ચલાવવા માટે પ્રશાસકીય સમિતિની સ્થાપના કરવામાં આવશે અને મુખ્ય સચિવ એના અધ્યક્ષ રહેશે.

**સંસ્થાના લક્ષ્યાંકો:** ● ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાના શિક્ષકોને ઉદ્યોગ-વ્યવસાય અને એ અંગેના ક્ષેત્રના આધુનિક જ્ઞાન, શૈક્ષણિક પદ્ધતિ-ટેક્નોલૉજીથી સમૃદ્ધ કરવા.

● વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તામાં થયેલા બદલાવના આધારે પ્રશિક્ષણની પરિણામકારકતા તપાસીને પ્રશિક્ષણ પદ્ધતિમાં જરૂરત મુજબ બદલ કરવો.

● ઉદ્યોગ ક્ષેત્રમાં ઉપલબ્ધ હોય-થનારા રોજગારની તકના આધારે નવીનતાપૂર્ણ અભ્યાસક્રમ વિકસિત કરીને અભ્યાસક્રમમાં બદલ કરવા માટે શૈક્ષણિક સંસ્થાનું માર્ગદર્શન કરવું.

● શિક્ષણની ગુણવતા વધારવા માટે શીખવવાની પ્રભાવી પદ્ધતિ સ્થાપિત કરવી અને શૈક્ષણિક ક્ષેત્રમાં સંશોધનને પ્રોત્સાહિત કરવું.

● શૈક્ષણિક દૃષ્ટિએ પ્રગતિશીલ રાષ્ટ્રમાં અને અન્ય રાજ્યની શૈક્ષણિક પદ્ધતિનો અભ્યાસ કરીને આધુનિક ટેક્નોલૉજીને લગતી અને રોજગારાભિમુખ અભ્યાસ પદ્ધતિ બાબત સરકારને શિફારસ કરવી-સલાહ આપવી.

● મૂળભૂત-રિવાઈઝ્ડ-અભિમુખ પ્રશિક્ષણ આયોજિત કરવાં.

● સંસ્થામાં અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર, અત્યાધુનિક ટેક્નોલૉજી, નેતૃત્વ વિકાસ, બહુઅનુશાસનાત્મક અધ્યાપક સમૂહ અને સર્વસમાવેશક હોય એવું પ્રશિક્ષણ આપવું તેમ જ પાંચ ઉત્કૃષ્ટ કેન્દ્રો પ્રસ્તાવિત હોય, જે દ્વારા સર્વસમાવેશક એવું પ્રશિક્ષણ આપવું, એ જ પ્રમાણે દુર્બળ વર્ગ, મહિલા અને દિવ્યાંગના શિક્ષણ અંગે સંવેદનશીલતા નિર્માણ કરવી.

શાક બજાર સમૂહની સ્થાપના કરવામાં આવશે.

## પદોનું નિર્માણ

અન્ય પછાતવર્ગ, સામાજિક અને શૈક્ષણિક પછાત પ્રવર્ગ, વિમુક્ત જાતિ, ભટકતી જમાતી, વિશેષ પછાત પ્રવર્ગ કલ્યાણ આ પ્રવર્ગ માટે સહસચિવ તેમ જ ઉપ-સચિવનાં પદો ઊભાં કરવાને પ્રધાનમંડળે માન્યતા આપી.

સહસચિવ સંવર્ગનું એક પદ તેમ જ ઉપ-સચિવનું એક પદ નિર્માણ થશે. આ વિભાગ પાસે કુલ બાવન પદ છે. આ વિભાગ માટે નવાં ૩૭ પદ નિયમિત અને બે પદ બાહ્ય સ્રોત દ્વારા ઉપલબ્ધ કરી લેવાની આ પહેલાં જ માન્યતા આપવામાં આવી છે.

## સરપંચોની પસંદગી

સરપંચોની પસંદગી લોકોમાંથી જ ચૂંટણીના બદલે હવે ચૂંટાયેલા સભ્યોમાંથી કરવાનો નિર્ણય



લેવામાં આવ્યો છે. ખર્ચના વિવરણના સંદર્ભમાં સુધારિત સમયપત્રકમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવી. સંબંધિત કાયદામાં સુધારો કરવા માટે અધ્યાદેશ કાઢવામાં આવશે.

## નગરાધ્યક્ષની નિવડ

નગરપરિષદ અને નગરપંચાયતોના નગરાધ્યક્ષની પસંદગી નિર્વાચિત નગરસેવકોમાંથી કરવામાં આવશે. એ માટે મહારાષ્ટ્ર નગરપરિષદો, નગરપંચાયતો અને ઔદ્યોગિક નગરી અધિનિયમ, ૧૯૬૫માં સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. હાલમાં નગરાધ્યક્ષની પસંદગી સીધી જનતામાંથી કરવામાં આવે છે.

અધિનિયમમાં પ્રસ્તાવિત સુધારો કરવા માટેના

કાયદાને મંજૂર કરવાની રાજ્યપાલને વિનંતી કરીને અને કાયદો અન્ય ન્યાયવિભાગની સલાહથી અધ્યાદેશના મસુદાને અંતિમ કરવાની માન્યતા આપવામાં આવી.

### લેક્ચરરના વેતનમાં વધારો

રાજ્યની અકૃષિ વિદ્યાપીઠો અને સંગલિત બિનસરકારી અનુદાનિત કૉલેજોના લેક્ચરરો ૧ જાન્યુઆરી, ૧૯૯૬ પહેલાં પીએચ.ડી. પૂર્ણ કરી છે એમને ૨૭ જુલાઈ, ૧૯૯૮ના બદલે ૧ જાન્યુઆરી, ૧૯૯૬થી બે ઍડ્વાન્સ વેતનવધારો આપવાના નિર્ણયને માન્યતા આપવામાં આવી. રાજ્યના પીએચ.ડી. પાત્રતા પ્રાપ્ત લેક્ચરરને બે વેતનવધારો મંજૂર કરવામાં આવ્યો હતો. માત્ર આ વેતનવધારો ૧૯૯૬થી કરવાનું સરકારના વિચારાધીન હતું. એ અનુસાર આ પ્રસ્તાવ મંજૂર કરીને એ માટેના ખર્ચને માન્યતા આપવામાં આવી.

### સુધારિત વેતનશ્રેણી

અખિલ ભારતીય તંત્રજ્ઞાન પરિષદે શિફારસ કર્યા પ્રમાણે સરકારી અને બિનસરકારી અનુદાનિત પદવી અને પદવિકા સંસ્થા, રસાયણ તંત્રજ્ઞાન સંસ્થા, સરકાર માલિકીની અભિમત યુનિવર્સિટી, માટુંગા તેમ જ ડૉ. બાબાસાહેબ આંબેડકર તંત્રશાસ્ત્ર વિદ્યાપીઠ લોણેરે ખાતે શિક્ષક અને સમકક્ષ પદોને સાતમા વેતન પંચ અનુસાર સુધારિત વેતન શ્રેણી લાગુ કરવામાં આવશે. આ સંદર્ભે પ્રધાનમંડળની આ પહેલાં થયેલી બેઠકના ઈતિવૃત્તને માન્યતા આપવામાં આવી.




### વસ્તુ અને સેવા કર સુધારણા

મહારાષ્ટ્ર વસ્તુ અને સેવા કર (સુધારો) કાયદો, ૨૦૧૯માં અનુષાંગિક સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

મહારાષ્ટ્ર વસ્તુ અને સેવા કર (સુધારો) કાયદો, ૨૦૧૯માં કલમ ૨, કલમ ૭, કલમ ૧૦, કલમ ૧૩ અને કલમ ૧૪થી ૨૦ની જોગવાઈની અમલબજાવણી વસ્તુ અને સેવા કર પરિષદ શિફારસ કરશે એ તારીખથી કરવા માટે માન્યતા આપવામાં આવી.

આ પ્રસ્તાવની અમલબજાવણી માટે અધ્યાદેશ કાઢવા માટે પરવાનગી આપવામાં આવી.

### કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ

**કૃષિ** ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં પાત્ર ખેડૂતોને મતદાનનો અધિકાર આપવા માટે ૨૦૧૭માં કરેલો સુધારો રદ કરીને પહેલાંની જેમ જ વિવિધ કારોબારી સેવા સંસ્થામાંથી સભ્ય ચૂંટવાની અને એ દૃષ્ટિએ અધ્યાદેશ બહાર પાડવાને માન્યતા આપવામાં આવી.



કૃષિ ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં ખેડૂતોને મતદાનનો અધિકાર છે એથી જ મતદારોની સંખ્યામાં વધારો થયો હોય બજાર સમિતિઓની ચૂંટણીનો ખર્ચ વધ્યો છે. આ સમિતિઓને સરકાર તરફે કોઈ અનુદાન આપવામાં આવતું નથી. માત્ર બજાર ફીમાંથી આ સમિતિઓ પોતાનો ખર્ચ પૂરો કરે છે. અમુક બજાર સમિતિની ચૂંટણી સમયસર ન થવાથી ઉચ્ચ ન્યાયાલયે નારાજી વ્યક્ત કરી. એથી ખેડૂતોને આપેલા મતદાનના અધિકાર બાબત પુનર્વિચાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. હવે પહેલાંની જેમ જ વિવિધ કારોબારી સેવા સહકારી સંસ્થાના અને બહુઉદ્દેશીય સહકારી સંસ્થાની વ્યવસ્થાપન સમિતિના સભ્યોમાંથી ચૂંટેલા-૧૧, ગ્રામપંચાયત સભ્યોમાંથી-૪, એમ કુલ ૧૫ ખેડૂત પ્રતિનિધિની પસંદગી કરવાની જોગવાઈ કાયમ રાખવામાં આવશે. ૨૦૧૭માં બજાર ક્ષેત્રમાં આવતી લઘુત્તમ ૧૦આર જેટલી જમીન ધારણ કરનાર અને બજાર સમિતિમાં કૃષિ પેદાશનું વેચાણ કરનારા ખેડૂતોને મતદાનનો અધિકાર આપવાની સુધારણા કરવામાં આવી હતી. એ અધ્યાદેશ દ્વારા રદ કરવામાં આવશે.



જળસંધારણના કામને લીધે વરસાદનું પાણી આ રીતે સંગ્રહ કરી રહ્યા છે.

**જાલનાસ્થિત પોલીસ પ્રશિક્ષણ કેન્દ્રમાં વરસતા વરસાદના પાણીને એ જ પરિસરમાં અટકાવવાની ક્ષમતા ત્યાં છે. જૂના ત્રણ પાણીસંગ્રહ, નવા ૧૬ સંગ્રહ, એક નવો કૂવો નિર્માણ કરી લાખો-કરોડો લિટર પાણીનો સંગ્રહ પ્રશિક્ષણ કેન્દ્રની હદમાં કરવામાં આવે છે. આને લીધે વૃક્ષોની ૧૦૦ ટકા જરૂરત આમાંથી પૂરી પાડવી શક્ય થયું છે.**

# પાણીની અછત પૂરી

**નામદેવ જ્ઞાનદેવ ચવ્હાણ**

**વૈશ્વિક** તાપમાનમાં વધારાનું વિપરીત પરિણામ કુદરત અને માનવી પર થાય છે. એથી દિવસે દિવસે નૈસર્ગિક સંપત્તિનો નાશ થાય છે. એનાં દુષ્પરિણામ રોકવા માટે સજ્જડ ઉપાયયોજના કરવી જરૂરી બન્યું હોવાથી એ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી અને સેવાભાવી સંસ્થાઓ તરફથી વિવિધ પ્રકલ્પો અમલમાં મૂકવામાં આવે છે. રાજ્યના પોલીસોએ પણ પોતાનો ફાળો નોંધાવ્યો છે. પોલીસ પ્રશિક્ષણ કેન્દ્રના કાર્યક્ષેત્રે સરકારી, અર્ધસરકારી અને ખાનગી સંસ્થાઓ સાથે સમન્વય સાધીને પાણીસંગ્રહની નાવીન્યપૂર્ણ સંકલ્પના અમલમાં મૂકવામાં આવી છે. પરિણામે પોલીસ પ્રશિક્ષણ કેન્દ્ર-જાલના ખાતેના પ્રશિક્ષણ કેન્દ્રના તમામ બાહ્ય વર્ગ, આંતર વર્ગના અધિકારીઓ, પ્રશિક્ષકો, એમની ટીમ અને પ્રશિક્ષણ કેન્દ્રના સ્વૈચ્છિક શ્રમદાન કરનારા તમામ પ્રશિક્ષણાર્થીઓના સામૂહિક સહકાર્ય દ્વારા આ શ્રમનિર્મિત જળસ્વરાજ્ય પ્રકલ્પનો પ્રારંભ કરવામાં આવ્યો.

## પાણી અછત પર માત

જાલના શહેરમાં ઓછા પ્રમાણમાં વરસાદ થયો હોવાથી દુકાળ જેવી પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. પોલીસ પ્રશિક્ષણ કેન્દ્રના પાણીનાં કૂવા અને બોરવેલ સુકાઈ ગયાં હતાં. પરિસરનાં વૃક્ષોને પ્રશિક્ષણાર્થીઓના દિવસ માટે ઓછામાં ઓછાં આઠ ટૅન્કર પાણી બહારથી લાવી પુરવઠો પૂરો પાડવો પડતો હતો. પાણી ન હોવાને કારણે પ્રશિક્ષણ કેન્દ્રમાં પ્રશિક્ષણ લઈ રહેલા નવા પ્રવેશેલા પોલીસ સૈનિક, કારાગૃહ પ્રશિક્ષણાર્થી, મહારાષ્ટ્ર સુરક્ષા બળ પ્રશિક્ષણાર્થી (કુલ ૯૨૬)ને બીજે ક્યાંક મોકલવું પડવાનું હતું. વારંવાર ડરાવતી દુકાળની સમસ્યા પર ઉપાય કરવાની ટેક લઈ અમે નીચે પ્રમાણે સપ્તસૂત્રી કાર્યક્રમની આંકણી કરી.

- ઢોર ચરાવવાની મનાઈ. એ માટે પ્રશિક્ષણ કેન્દ્ર હદ પર ઊંડી ચરણયુક્ત વાડ બનાવી.
- વિહાર ક્ષેત્રનું પાણી જગ્યા પર જ રોકવા માટે ઉપાય કર્યા.
- ત્યાંથી વહેતું પાણી રોકવા માટે નાના માટીના બંધ, એ પછી મોટા-મધ્યમ માટીના બંધ બાંધ્યા.
- માટીના બંધનું પાણી રોકવા માટે ઊંડાં નાળાં તૈયાર કર્યાં.
- પરિસરના પાણીનું નાળામાં હાર્વેસ્ટિંગ, મકાનો પરના પાણીનું રેઈનવૉટર હાર્વેસ્ટિંગ અને પરિસરના બોરવેલનું પુનર્ભરણ.
- સંપૂર્ણ વિહાર ક્ષેત્રમાં, નાળાની બન્ને તરફ પ્રશિક્ષણ કેન્દ્રમાં જ તૈયાર કરવામાં આવેલાં કડવા લીમડો અને કરંજનાં ૩૫,૦૦૦ વૃક્ષ, અટલ ઘન વન પ્રકલ્પ અંતર્ગત ૬૦,૦૦૦ વૃક્ષ રોપવામાં આવ્યાં.

કુલ ૯૫,૦૦૦ વૃક્ષારોપણ અને જાળવણી કરવામાં આવી.

■ નાળાની બાજુના ચાર કૂવાને ૪૦ ઈંચ વ્યાસના અને ૮૦ ઈંચ ઊંડાઈના કરવા.

ઉપરોક્ત બધાં કામનો તબક્કા વાર અમલ કરવાની શરૂઆત કરી. એમણે શ્રમદાના માધ્યમ દ્વારા આપેલા યોગદાનથી ૯૫ ટકા પ્રકલ્પ સિદ્ધિમાં ગયા.

## વૃક્ષારોપણ

સરકારની વૃક્ષારોપણ યોજના અંતર્ગત પોલીસ પ્રશિક્ષણ કેન્દ્રમાં આપેલા ઉદ્દેશ્યો પ્રમાણે કેન્દ્ર પરિસરમાં ૧૦,૦૦૦ કરંજ, સીસમ, આમલી, કડવો લીમડો, વાંસનાં વૃક્ષો વાવવામાં આવ્યાં. પોલીસ પ્રશિક્ષણ કેન્દ્રના પ્રશાસકીય મકાનની પાછળના ભાગમાં હરિત જાળી (ગ્રીન નેટ) લગાડી સંકલ્પ નર્સરીનું નિર્માણ કરવામાં આવ્યું. ભોજન કક્ષમાંની દૂધની ખાલી થેલીઓ ભેગી કરવામાં આવી. એ થેલીઓમાં કાળી માટી અને ખાતર નાખીને વિવિધ પ્રકારનાં વાંસ, કડવો લીમડો, કરંજના ૩૫,૦૦૦ રોપા તૈયાર કરવામાં આવ્યા. વિભાગીય વન અધિકારી, સામાજિક વનવિભાગ, જાલનાની મદદ વડે પોલીસ પ્રશિક્ષણ કેન્દ્ર પરિસરની બે હેક્ટર જમીન પર 'અટલ આનંદવન ઘન વન પ્રકલ્પ' અમલમાં મૂકવામાં આવ્યો છે, જેમાં ઓછામાં ઓછાં ૧૮ સ્થાનિક દેશી પ્રજાતિનાં ૬૦,૦૦૦ વિવિધ વૃક્ષો રોપવામાં આવ્યાં. આ વર્ષે પ્રશિક્ષણ કેન્દ્ર, જાલનાસ્થિત પરિસરમાં ૯૫,૦૦૦ વૃક્ષનું રોપણ અને જાળવણી શરૂ છે.

## જળસંગ્રહમાં વધારો

બીજા તબક્કામાં ઔદ્યોગિક વસાહતની બાજુનો ચાલવાનો રસ્તો ઊંચો કરવામાં આવ્યો, ૫૨૦ મીટર લાંબું, ૬૦ મીટર પહોળું અને ૨.૫ મીટર ઊંડું તળાવ તૈયાર કરવામાં આવ્યું. એના વિહાર ક્ષેત્રમાં નાના બંધ કંટુર, ચરી, વૃક્ષારોપણ કરી પડોશના વનવિભાગની સીમામાંથી આવનારાં નાળાનું બધું પાણી અંદર એ જ બંધમાં લઈ એ સંઘરવાની ક્ષમતા ધરાવનારું તળાવ નિર્માણ કરવામાં આવ્યું. પ્રશિક્ષણ કેન્દ્રના ગેટ-૧ અને ૨ના મકાનની પાછળ નાના નાળા પર વધારાના છ મધ્યમ માટીના બંધ બનાવી પાણીસંગ્રહ કરવાની વ્યવસ્થા કરવામાં આવી. આવી રીતે આ હદમાં બધા નવા પચ્ચીસ પાણીસંગ્રહ અસ્તિત્વમાં આવ્યા. એ તમામ આજે પાણીથી છલોછલ ભરેલા છે.

કંટુર, ચરી, બંધ, નાળાં ઊંડાં કરવાનું કામ તેમ જ રોપવાટિકા અને કલમ કરવા બાબતની માહિતી કર્મચારીઓને આપી એ કાર્ય કરાવી લીધું. પ્રશિક્ષણ ક્ષેત્રનો પરિસર વિસ્તૃત છે. આ ક્ષેત્રનાં ખેતરોમાંની જળસંચય યોજના, કર્મચારી અને અધિકારીઓએ જાતે શ્રમદાન કરી નાનાં, મધ્યમ અને મોટાં જળાશય તૈયાર કર્યાં છે.

પાછોતરો વરસાદ જાલના શહેરમાં અપેક્ષા કરતાં વધુ પડ્યો. આ વરસાદને કારણે તબક્કા વાર કંટુર, ચરી, તળાવ, નાના બંધ, મોટા બંધ અને ઊંડાં કરેલાં નાળાં પાણીથી છલોછલ થયાં. પ્રશિક્ષણ કેન્દ્રમાં જે બોર અને કૂવાઓ પાણીના અભાવે સૂકાઈ ગયાં હતાં એમને ફરીથી પાણી મળ્યું.

## સ્વયંસેવી સંસ્થાઓની મદદ

પોલીસ પ્રશિક્ષણ કેન્દ્રમાં જળસંગ્રહનાં થયેલાં ઉપરોક્ત કાર્યો જોઈ જાલના શહેરની 'આનંદનગરી બહુઉદ્દેશીય સેવાભાવી સંસ્થા'ના કાર્યકર્તાઓ, પદાધિકારીઓ અમારી પાસે આવ્યા.

એમણે એમની પાસેનું પોકલૅન્ડ મશીન નજીવી કિંમતે એક મહિનાના સમયગાળા માટે પોલીસ પ્રશિક્ષણ કેન્દ્રને પૂરું પાડ્યું. આ જેસીબી દ્વારા શરૂઆતમાં દેવગીરી અને વેરુળનાં વસતિગૃહો નજીકનાં નાળાં પહોળાં અને ઊંડાં કરવામાં આવ્યાં. પ્રશિક્ષણ કેન્દ્રની બહારના પરિસરથી વહેતું પાણી અટકાવવામાં આવ્યું.

પ્રશિક્ષણ કેન્દ્રમાં પડતા વરસાદને પૂરી રીતે પ્રશિક્ષણ કેન્દ્રના પરિસરમાં જ અટકાવવાની ક્ષમતા આ પ્રકલ્પમાં છે. જૂના ત્રણ પાણી સંગ્રહો, નવા ૧૬ સંગ્રહો, એક નવો કૂવો નિર્માણ કરી લાખો-કરોડો લિટર પાણીનો સંગ્રહ પ્રશિક્ષણ કેન્દ્રની હદમાં તૈયાર કરીને, પ્રશિક્ષણ કેન્દ્રનાં જ વૃક્ષોની સંપૂર્ણ ૧૦૦ ટકા જરૂરતનો આપણે આમાંથી જ પુરવઠો પૂરો કરવા લાગ્યા.

**પ્રાચાર્ય, પોલીસ પ્રશિક્ષણ કેન્દ્ર, જાલના**

■■



**પ્રશિક્ષણ કેન્દ્રમાં વરસાદનાં પાણીને અટકાવીને જળસંગ્રહ નિર્માણ કરવામાં આવ્યો છે.**






**ઈઝરાયલ એકદમ મોકાની જગ્યા પર, આફ્રિકા અને એશિયા આ બે ખંડની વચ્ચોવચસ્થિત છે. એથી જ પ્રકૃતિસભર, અલગ અલગ સંસ્કૃતિનો સંગમ અને અદ્‌ભુત હવામાનનું વરદાન ઈઝરાયલને મળ્યું છે. ઈઝરાયલમાં અનેક પર્યટનસ્થળો છે એથી જ દેશ-દેશાવરના પર્યટકોનું ધ્યાન ઈઝરાયલ હંમેશાં ખેંચતું રહે છે. અતિશય સંઘર્ષમાં પણ ઈઝરાયલએ સાધેલો વિકાસ, ત્યાંનું આધુનિક તંત્રજ્ઞાન અને ત્યાંનાં પર્યટનસ્થળોને કારણે ઈઝરાયલ ઘણું ઝડપથી પર્યટનના વૈશ્વિક નકશા પર સ્થિર સ્થાવર થવા જઈ રહ્યું છે.**

# નાનો દેશ, ઊંચી છલાંગ

**અનય જોગળેકર**

**ઈઝરાયલના** વિકાસનો દૃષ્ટિકોણ અને વિકાસની દૃષ્ટિએ એના પ્રાથમિકતાના વિષયો બાબત બોલતા ઈઝરાયલના કાઉન્સિલ જનરલ શ્રી યાકોવ ફિન્કલશ્ટાઈનએ કહ્યું કે ઈઝરાયલએ હંમેશાં દરેક રાષ્ટ્ર માટે પ્રકાશદૂત બનવાની અપેક્ષા રાખી છે. કદાચ આ કોઈને ખોટું પણ લાગશે, પરંતુ અમે એ તરફ આહ્‌વાન અને જવાબદારીના દૃષ્ટિકોણથી જોઈએ છીએ. સતત નવીનતાનું ઉદ્દિષ્ટ લઈને આ પૂર્ણ વિશ્વ સુંદર બનાવવાની અમારી ઈચ્છા અને સંઘર્ષ હોય છે એથી જ પાણી, કૃષિ, ઊર્જા, આરોગ્યનાં ક્ષેત્રની વિવિધ સમસ્યાઓ પર ખૂબ જ નવીનતાપૂર્ણ રીતે ઉપાયો શોધી એ માત્ર પોતાના સુધી સીમિત ના રાખતાં એને દુનિયાના અમારા તમામ મિત્રોને આપવાનું અમારું ધોરણ છે. એ સહિત જ અમે

સંરક્ષણ, શારીરિક સુરક્ષાથી સાઈબર સુરક્ષા જેવા વિવિધ વિષયો પર અતિ આધુનિક તંત્રજ્ઞાન વિકાસ કરવાને પ્રાથમિકતા આપી છે.

ઈઝરાયલની ઓળખાણ મૂળભૂત, સ્વતંત્ર, નવીનતાપૂર્ણ વિચારો, અને ઉદ્યમી હોવાથી અમને 'ધ સ્ટાર્ટ-અપ નૅશન'નું બિરુદ મળ્યું છે. આ નજરે અનેક લોકો એમ કહે છે કે ઈઝરાયલીઓ 'આઉટ ઑફ ધ બૉક્સ' વિચારો કરે છે. આ દેશને આ બાબતે ઈઝરાયલના કાઉન્સિલ જનરલ શ્રી યોકાવ ફિન્કલશ્ટાઈન એમ કહે છે કે પરંતુ હું એ તરફ એ રીતે જોઉં છું કે અમે બૉક્સ જોતા જ નથી. એથી ઈઝરાયલ આજે મધ્ય પૂર્વમાં નવીનતા, અત્યાધુનિક સંશોધન અને વિકાસ, સાઈબર સુરક્ષા, સ્માર્ટ સિટી અને સ્વયંચલિત તંત્રજ્ઞાન માટે સિલીકોન વાડી આવતી કાલનું તંત્રજ્ઞાન મેળવવાની ઈચ્છા હોય એવી બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે એક મહત્ત્વ કેન્દ્ર બન્યું છે.

## અનોખી પરંપરા

૧૯૪૮ના વર્ષે અમારા પૂર્વજોએ સ્વતંત્રતાનું જાહેરનામું ઘોષિત કરતાં જે લોકશાહી રાજ્યની અપેક્ષા કરી હતી એ સાકાર કરવા માટે અમે અમારી અલગ પરંપરાનો લોકશાહી સાથે સમન્વય સાધ્યો.

ઈઝરાયલી સરકાર એમના તમામ નાગરિકોના લાભ માટે વિકાસને ગતિ આપશે. આ સરકાર ઈઝરાયલના સપનાનું રાષ્ટ્ર પ્રત્યક્ષમાં ઉતારવા માટે સ્વાતંત્ર્ય, ન્યાય અને શાંતિનો હાથ ઝાલશે. ધર્મ, જાતિ, લિંગ, વગેરેના ભેદભાવ વિના તમામ નાગરિકોને સમાન સામાજિક અને રાજકીય હક્કો મળશે એવી ખાતરી કરીશું એવું આ જાહેરનામામાં કહેવામાં આવ્યું હતું.

આપણાં પડોશી રાષ્ટ્રો સાથે શાંતિથી રહેવાના ઈઝરાયલના પ્રયત્નો હોય છે. મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપના હેતુ આર્થિક વિકાસ અને આધુનિકતાનો શિક્ષણ અને સંવાદ સહિત સમન્વય થવો જરૂરી છે. એ જ મધ્ય પૂર્વમાં શાંતિની ગુરુચાવી છે એમ અમે ધારીએ છીએ. અમે જોઈ રહ્યા છીએ કે ઈજિપ્તમાં શરૂ થયેલી બદલાવની પ્રક્રિયા હવે આરબ અને અન્ય મુસ્લિમ રાષ્ટ્રોમાં પ્રસરી રહી હોઈ એ ઈઝરાયલી તંત્રજ્ઞાન, ક્રીડા અને અમારી સાથે દ્વિપક્ષીય સંબંધો ધરાવવા ઉત્સુકતા બતાવી રહ્યા છે એથી અમારા વિભાગના ભવિષ્ય બાબત હું ખૂબ જ આશાવાદી છું.

## વિવિધ સંસ્કૃતિઓનો સંગમ

ઈઝરાયલમાં ઘણાં પર્યટનસ્થળો આવેલાં છે. એ કારણે જ દેશ-દેશાવરના પર્યટકોનું ધ્યાન હંમેશાં ઈઝરાયલ તરફ ખેંચાયું છે. અતિશય સંઘર્ષમાં પણ ઈઝરાયલે સાધેલો વિકાસ, ત્યાંનું આધુનિક તંત્રજ્ઞાન અને ત્યાંનાં પર્યટનસ્થળોને કારણે ઈઝરાયલ ખૂબ ઝડપથી પર્યટનના વૈશ્વિક નકશા પર સ્થિર-સ્થાવર થવા જઈ રહ્યું છે. આ પશ્ચાદભૂ પર ઈઝરાયલનો પર્યટન વ્યવસાય અને ત્યાંની પર્યટન વિષયક તકો બાબત વિચાર કરતાં ઈઝરાયલના કાઉન્સિલ જનરલ બોલ્યા કે ઈઝરાયલ એકદમ મોકાની જગ્યા પર, આફ્રિકા અને એશિયા આ બે ખંડની વચ્ચોવચ આવેલું છે એથી જ નિસર્ગસભર, અલગ અલગ સંસ્કૃતિનો મેળ અને અદ્‌ભુત હવામાનનું વરદાન ઈઝરાયલને મળ્યું છે. અમારો પ્રદેશ નાનકડો છે. માત્ર બાવીસ હજાર ચોરસ કિલોમીટર એટલે કે સામાન્યતઃ ભારતના મણિપુર રાજ્ય જેટલું નાનકડું અમારું રાષ્ટ્ર છે. એકથી બે કલાકની મુસાફરી કરી માણસ આરામથી તેલ અવિવના ચકચકતાં દરિયાકિનારાથી, ત્યાંની ઝગમગાટભરી નાઈટ લાઈફથી નીકળી જેરૂસેલમનાં ઐતિહાસિક સ્થળો પાસે અથવા નજરબંધી કરી મૂકતી ભીંતો સુધી પહોંચી શકે છે. ત્યાં જઈ વિવિધ ક્રીડા પ્રકારો અથવા રણના બેદાઊ આદારાતિથ્ય અથવા ગેલેલી પર્વતમાળાના પર્વતારોહણ અથવા ઈલિયેટમાં સ્કૂબા ડાઈવિંગ અથવા આ પૃથ્વીના સૌથી નીચેના છેડાના મૃત સમુદ્રમાં અદ્‌ભુત સ્પાનો આનંદ લઈ શકે છે.

આ બધાં સ્થળો દરમિયાન મળનારી સુખદ યાત્રા સુવિધા અને જુદાં જુદાં આકર્ષક સ્થળોની નિકટતાને કારણે વધુ સંખ્યામાં પર્યટકો ઈઝરાયલ તરફ આકર્ષાઈ રહ્યા છે. ગત વર્ષે ચાલીસ લાખ પર્યટકોએ ઈઝરાયલની મુલાકાત કરી. એમાં વ્યાપાર અને આરામ આ બન્ને બાબતોની નજરે ઈઝરાયલની મુલાકાતે આવનારા ભારતીયોની સંખ્યા બહોળી છે. ઘણાં વર્ષોથી મુંબઈથી ઠેઠ ઈઝરાયલની વિમાન સેવા ઉપલબ્ધ હતી જ, પણ એ સહિત ગોવા અને કોચીથી




પણ ઈઝરાયલની વિમાન સેવા શરૂ થવાથી હવે ઈઝરાયલની મુલાકાત લેવી ભારતીયો માટે સહજ અને સસ્તી બની છે. મુંબઈમાં અમારું પર્યટન કાર્યાલય હોઈ એ વિભાગ સતત પર્યટકો માટે આકર્ષક યોજનાઓ બનાવતો હોય છે અને એનાં પરિણામો એકદમ સ્પષ્ટ છે. ૨૦૧૮માં ઈઝરાયલ આવનારા ભારતીય પર્યટકોની સંખ્યામાં ૨૧ ટકા વધારો થયો છે. જાન્યુઆરીથી ડિસેમ્બર, ૨૦૧૮ દરમિયાન ૭૦,૮૦૦ ભારતીય પર્યટકોએ ઈઝરાયલની મુલાકાત લીધી એથી ઈઝરાયલની મુલાકાત લેનારા પર્યટકની સંખ્યા અનુસાર ભારત હવે બારમા ક્રમાંકે પહોંચ્યું છે. ૨૦૧૯-૨૦૨૦ના વર્ષે આ આંકડો હજી વધ્યો હશે એવી અમને ખાતરી છે.

## સમજૂતી કરાર

શ્રી યાકોવ ફિન્કલશ્ટાઈન ઈઝરાયલના કાઉન્સિલ જનરલ તરીકે મુંબઈમાં આવ્યા બાદ એમણે બન્ને રાષ્ટ્રોના એ મૈત્રી સંબંધો વધારવાની દૃષ્ટિએ અને વ્યવસાય વૃદ્ધિની નજરે અનેક વિધાયક પગલાં ઊંચક્યાં છે. એની માહિતી આપતાં એ બોલ્યા કે જાન્યુઆરી, ૨૦૧૮માં અમારા વડા પ્રધાન બેન્જામીન નેત્યાનાહૂએ ભારતની કરેલી મુલાકાત દરમિયાન હું મુંબઈમાં કાર્યરત હતો એ મારું સદ્‌નસીબ સમજું છું. આ ઐતિહાસિક મુલાકાત હતી, કારણ કે ઈઝરાયલના વડા પ્રધાન પહેલી વખત જ મુંબઈની મુલાકાતે હતા. ભારતના પશ્ચિમી રાજ્યો સાથેનાં અમારાં સહકારી ધોરણોને આ મુલાકાતને કારણે ગતિ મળી. આ રાજ્યો અને ઈઝરાયલ દરમિયાન આર્થિક, સાંસ્કૃતિક તેમ જ તંત્રજ્ઞાન વિષયક સહકારને ત્યાર બાદ મોટી ચાલના

મળી. આ મુલાકાત બાદ તરત જ મહારાષ્ટ્ર સરકાર અને ઈઝરાયલસ્થિત નૅશનલ વૉટર કંપની વચ્ચે મરાઠવાડા વૉટર ગ્રીડ પ્રકલ્પ બાબત એક માસ્ટર પ્લાન તૈયાર કરવાની દૃષ્ટિએ એક સામંજસ્ય કરાર થયો હોઈ એ અનુસાર ઈઝરાયલે વિકસિત કરેલ તંત્રજ્ઞાન વાપરી મરાઠવાડાના ૧૧ બંધને જોડવાના હોઈ, મરાઠવાડા કાયમ સ્વરૂપે દુકાળમુક્ત બનશે. અમારા વડા પ્રધાનની મુલાકાત દરમિયાન બોલીવૂડની અનેક સેલિબ્રિટીઓ ઉદાહરણ તરીકે, અમિતાભ બચ્ચન, કરણ જોહર, ઐશ્વર્યા રાય-બચ્ચન અને સારા અલી ખાન 'શાલોમ બોલીવૂડ' સંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત અમારા વડા પ્રધાનના સ્વાગત માટે એકસાથે આવ્યાં હતાં. એ સમયે વડા પ્રધાન નેત્યાનાહૂએ બોલીવૂડને ઈઝરાયલ પધારવાનું અને ત્યાં ફિલ્મોનું ચિત્રીકરણ કરવાનું આમંત્રણ આપ્યું. આ નજરે હવે પગલાં પડવાનાં શરૂ થઈ ગયાં હોઈ 'ડ્રાઈવ્હ' ચિત્રપટ માટે જેકલીન ફર્નાન્ડીસ અને સુશાંત સિંઘ રાજપૂત પર ચિત્રિત એક નાનકડો સીન 'નેટ ફ્લિક્સ' પર રજૂ કરવામાં આવ્યો છે. સ્માર્ટ સિટી, સ્માર્ટ મોબિલિટી, સાઈબર, ઉચ્ચ શિક્ષણ અને સ્ટાર્ટ-અપ ઈકો-સિસ્ટમ આ વિષયોમાં સહકાર વધારવા માટે અમે રાજ્ય સરકારી અને ખાનગી ક્ષેત્રો સાથે હાથ મિલાવી કાર્ય કરી રહ્યા છીએ.



## પ્રામાણિક લોકશાહી વ્યવસ્થા

સતત રક્તરંજીત સંઘર્ષની અનિશ્ચિત પરિસ્થિતિનો સામનો કરતું ઈઝરાયલ સતત વિકાસના માર્ગ પર રહ્યું છે. એનો આગામી પ્રવાસ કેવો હશે, આગામી દાયકામાં રાજકીય, સામાજિક અને સંસ્કૃતિક નજરે કેવો વિકાસ થશે એ ઈઝરાયલ કાઉન્સિલ જનરલ પાસેથી જાણી લેવું જરૂરી હતું. એમને આ બાબત પૂછતાં એમણે કહ્યું કે અમને અભિમાન છે કે ઈઝરાયલ ઝડપી ગતિએ વિકાસ પામી રહેલું એક અર્થવ્યવસ્થા અને પ્રામાણિક લોકશાહી વ્યવસ્થા છે. મુક્ત પત્રકારિતા અને દમદાર સંવાદી રાજકીય વાદ-વિવાદ આ અમારી વિશેષતાઓ છે. સ્વતંત્રતા મળી ત્યારે અમારી લોકસંખ્યા છ લાખ હતી. આજે અમે ૯૦ લાખની આગળ વધી ગયા છીએ અને ૨૦૧૪ સુધી અમારી લોકસંખ્યા ૧ કરોડ જેટલી વધશે એવો અમારો અંદાજ છે. વાંઝણી જમીન, અત્યંત ઓછો વરસાદ, ફળદ્રુપ જમીનનો અભાવ અને સુરક્ષાત્મક આહ્વાનવાળો અમારો દેશ આજે પ્રગતિપંથે આગળ વધી ગયો છે અને વિકાસનાં નીતનવાં શિખરો સર કરે છે એ કોઈ ચમત્કારથી ઓછું નથી.

અમારી સંસ્કૃતિ અતિ ચૈતન્યશીલ છે, કારણ કે ઈઝરાયલના લોકો લગભગ ૭૦ દેશોમાંથી આવેલા છે અને અહીં આવતી વખતે એ જે તે દેશની ખાદ્ય સંસ્કૃતિ, સંગીત અને સંસ્કૃતિક પ્રભાવો લઈને આવ્યા છે. એમનો અહીંની મૂળ સંસ્કૃતિ સાથે સહજ મેળાપ થઈ ગયો છે. એ એમાં હળીભળી ગયા છે. ભવિષ્યમાં અતિ આધુનિક સંશોધન અને તંત્રજ્ઞાન તેમ જ વૈશ્વિક સમસ્યાઓનાં તારણોનું ઈઝરાયલ એક મુખ્ય કેન્દ્ર બનશે એ નક્કી છે. ઈઝરાયલ નામનો આ ચમત્કાર તમે પ્રત્યક્ષ આવી જુઓ એવું આમંત્રણ હું તમને આપું છું. તમે નક્કી ખુશ થશો...

## મજબૂત સંબંધો

આજે બહોળી સંખ્યામાં રહેલો ભારતીય જ્યુ સમાજ ઈઝરાયલમાં સ્થળાંતર પામ્યો છે. તેથી ઈઝરાયલ માટે બધા જ ભારતીયોના મનમાં હંમેશા એક સ્નિગ્ધ ખૂણો રહ્યો છે. તે માટે ભારત અને ઈઝરાયંલ વચ્ચેના દ્વિપક્ષીય સબંધો કેવા છે એવું પૂછતાં કાઉન્સિલ જનરલ શ્રી.યાકોવ ફીંકલશ્ટાઇનએ કહ્યું કે ભારતના વડાપ્રધાન મોદી અને ઈઝરાયંલના વડાપ્રધાન બેન્જામીન નેત્યાનાહૃની એકબીજાના દેશની મુલાકાત બાદ બંને રાષ્ટ્રે વચ્ચેના ધોરણાત્મક સબંધો આજે ઉચ્ચ સ્તરે પહોંચ્યા છે. પરંતુ આપણા સબંધો જુના નથી. જ્યુ અને ભારતીય વચ્ચેનો ઐતિહાસિક સબંધ તેમ જ લગભગ બે હજાર વર્ષોથી ભારતમાં નિવાસીત જ્યુ સમાજને કારણે આ સબંધોના મુળિયા મજબૂત બન્યા છે. ૨૯ જાન્યુઆરી ૧૯૯૨માં બંને રાષ્ટ્રેમાં પૂર્ણ રાજનૈતિક સબંધો પ્રસ્થાપિત થયા ત્યારથી હાલ સુધી આ સબંધો સતત વિકાસ પામી રહ્યા છે. આ સહકાર અથવા આ સબંધો ત્રિપાંખીયા છે. તે બે સરકાર વચ્ચે એટલે કે ગવર્મેન્ટ ટૂ ગવર્મેન્ટ છે, તેમજ બંને રાષ્ટ્રે વચ્ચે વ્યવસાયિક એટલે કે બિઝનેસ ટૂ બિઝનેસ છે અને સૌથી મહત્વપૂર્ણ એટલે કે બંને રાષ્ટ્રેના નાગરીકો વચ્ચે પીપલ ટૂપીપલ સ્તરે પણ છે. બંને રાષ્ટ્રે વચ્ચેનો વેપાર ૧૯૯૨માં બસ્સો મિલિયન ડોલર્સ હતો જે ૨૦૧૮માં વૃદ્ધિ પામી ૫.૮ બિલિયન ડોલર્સ પર જઈ પહોંચ્યો છે. આજે અનેક ભારતીય કંપનીઓ મુખ્યત્વે માહિતી અને તંત્રજ્ઞાન, સાયબર સિક્યુરિટી, સ્માર્ટ મોબિલિટી, કૃષી, જળવ્યવસ્થાપના અને સ્માર્ટ સિટીના ક્ષેત્રે ઈઝરાયેલી તંત્રજ્ઞાન તથા સંશોધન અને વિકાસ પ્રણાલીને કારણે મૂડીરોકાણ કરી રહી છે. ઇસ્રાયેલી વિદ્યાપીઠોમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. હાલ ઈઝરાયંલમાં ભણનારા વિદ્યાર્થીઓમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ભારતના છે. પર્યટન અને સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં પણ વૃધ્ધી છે.

**છત્રપતિ શિવાજી મહારાજના કાળમાં પચ્ચીસ વર્ષ સ્વરાજ્યની રાજધાનીનું માન એકદમ અભિમાનથી મેળનારો રાજગઢ એ શિવપ્રેમી અને ડુંગરપ્રેમીઓનો માનીતો ગઢ છે. શિવકાળમાં અનેક ઐતિહાસિક ઘટનાઓનો સાક્ષી એ રહ્યો છે. ગઢ એકદમ દુર્ગમ છે અને એની બાંધણી બખ્તર છે. છત્રપતિ શિવાજી મહારાજ તથા રાજમાતા જીજાઉસાહેબે ગઢમાં વસવાટ કરેલો. આવી અનેક વાતો આપણને ગઢ તરફ ખેંચી જાય છે. ઉનાળામાં મજબૂતાઈ દેખાડનારો, વરસાદમાં લીલોતરી સજીને અને શિયાળામાં ધુમ્મસમાં ખોવાઈ જતો આ રાજગઢ. ગઢ પરથી તોરણા, પ્રતાપગઢ, રાયગઢ, લિંગાણા, સિંહગઢ, પુરંદર, વજ્રગઢ, મલ્હારગઢ, રોહિડા, રાયરેશ્વર અને લોહગઢ, વિસાપુર કિલ્લા દૃષ્ટિગોચર થાય છે એટલે સ્વરાજ્યનાં દર્શન લેવા માટે રાજગઢ પર તો જવું જ જોઈએ જ.**



# ગઢનો રાજાઃ રાજગઢ

**સારંગ ખાનાપૂરકર**

**તોરણા** જીતીને શિવાજીએ સ્વરાજ્યનો પાયો રોપ્યો. તોરણા પર મળેલી ધનસંપત્તિનો વ્યૂહરચનાથી ઉપયોગ કરી શિવાજીએ મુરુંબદેવી ડુંગર પર ઉચ્ચ એવો રાજગઢ બાંધ્યો. અત્યંત ઊંચો, ત્રણ મજબૂત ભૂજાઓ અને મધ્ય ભાગમાં ઊંચામાં ઊંચા પથ્થર જેવા નૈસર્ગિક સંરક્ષણવાળા ડુંગર પર શિવાજીએ મજબૂત દીવાલ, માંચડો અને ગઢની અંદર ઊંચો કિલ્લો બાંધી એને અભેદપણું આપ્યું. સ્વરાજ્યની પહેલી રાજધાનીનું માન મળ્યા પછી આ ગઢે સુખ-દુઃખના અને તાણાવના અનેક પ્રસંગ જોયા.




રાજારામ મહારાજનો જન્મ જોનારા આ કિલ્લાએ શિવાજી મહારાજાનાં પત્ની સઈબાઈના નિધનનું દુઃખ જીરવ્યું છે. અફઝલ ખાનના વધ માટે મહારાજ આ જ ગઢ પરથી પ્રતાપગઢ પર ગયા. આગ્રાથી છુટકારો થયા પછી એમનાં પહેલાં પગલાં રાજગઢ પર પડ્યાં. આ જ ગઢ પરથી કારભાર જોતાં શિવાજીએ સ્વરાજ્ય વિસ્તાર્યો. ઈસવી સન ૧૬૪૮થી ૧૬૭૨નાં પચ્ચીસ વર્ષ મહારાજે અહીં વસવાટ કર્યો. પછી રાજધાની રાયગઢ બનાવી.

## પદ્માવતી માચી

માચી એટલે જ્યાંથી સૈનિકો ગઢ પર અને શત્રુઓ પર નજર રાખે છે. એના લીધે જ અહીં શિવાજીના વાડા, લશ્કરના ઓરડા, ન્યાયસભા, સઈબાઈની સમાધિ, પદ્માવતીનું મંદિર, પદ્માવતી તળાવ, ધાન્ય અને દારૂના કોઠા છે. માંચીના નીચેના ભાગમાં પદ્માવતી તળાવ અને ચોર દરવાજો છે. મધ્ય ભાગમાં વિશ્રામગૃહ, શિવમંદિર અને પદ્માવતી માતાનું મંદિર છે. મંદિરની સામે જ સઈબાઈની સમાધિ છે.

## સંજીવની માચી

પદ્માવતી માચીની પશ્ચિમ તરફ સંજીવની માચી છે. ત્રણ ભાગમાં પ્રસરેલી સંજીવની માચી અઢી કિલોમીટરની છે. આ ભાગમાં બરાબર ૧૯ બુરજ આવે છે. રાજગઢ ઉપરના સુવેળા અને સંજીવની માચીની દીવાલ બહારથી હજુ એક વ્યૂહાત્મક બુરજ છે. આ જ એક બુરજમાં આવવા-જવા માટે માર્ગ છે. બે દીવાલ એ રાજગઢની વિશિષ્ટતા છે. આ માચી પર અનેક પાણીની ટાંકીઓ છે. સંજીવની માચી પર આળૂ દરવાજાથી પણ આવી શકાય.

અંગ્રેજી 'એસ' આકાર પ્રમાણે અહીંની દીવાલો વક્કાર હોવાથી આળૂ દરવાજાનો બહારનો દરવાજો અંદરથી દેખાતો નથી તો બહારથી અંદરનો દરવાજો દેખાતો નથી.

## સુવેળા માચી

પૂર્વ દિશામાં હોવાથી આ માચીનું 'સુવેળા' નામ છે. પદ્માવતીની બાજુથી ઉપર જતાં રામેશ્વર મંદિર અને પદ્માવતી મંદિર છે. આગળ ગયા પછી એ જ રસ્તા અંદરના કિલ્લા તરફ, બીજો ડાબી બાજુ સુવેળા માચી તરફ અને ત્રીજો જમણી તરફ સંજીવની માચી તરફ જાય છે. સુવેળા માચી પર જતો રસ્તો વાંકોચૂકો છે અને આગળ એક ટેકરીને લાગે છે, જેને 'ડુબા' કહે છે. ડુબાનો એક ચકારાવો કરીને ઝુંજાર બુરજ પાસે પહોંચી શકાય. આ બુરજ માચીના બે ભાગ કરે છે. સુવેળા માચીની વચ્ચોવચ એક પથ્થર ઊભો કરવામાં આવ્યો છે. સામેથી એનો આકાર એકાદ હાથી જેવો લાગે છે. આ પથ્થરમાં નાના કાણા છે. ઘણા એને વાઘની આંખ પણ કહે છે. કોટની દીવાલ બાજુમાં મધપુડો છે. આ મધમાખીઓને હેરાન કરવાનો પ્રયત્ન કરનારા હેરાન થયાનાં અનેક ઉદાહરણ છે. એને કારણે અહીં શાંત રહેવું હિતાવહ છે. સુવેળા માચીના છેવટના તબક્કામાં 'વાઘજાઈ'નું શિલ્પ છે.

## ગઢની રચના

રાજગઢને પદ્માવતી, સુવેળા અને સંજીવની એવી ત્રણ માચી છે. ગઢની વચ્ચોવચ ઊંચા પથ્થરો પર અંદરનો કિલ્લો છે. દરેક માચીને સ્વતંત્ર દરવાજા છે. પદ્માવતી માચી પર જવા માટે પાલી દરવાજો, સંજીવની માચી માટે આળૂ દરવાજો તો સુવેળા માચી પર આવવા માટે ગુંજવણે દરવાજો છે. આ ઉપરાંત, દરેક સ્થળે ચોર દરવાજા તો છે જ. આ ગઢ પર આવનારા મોટા ભાગનો વધારે સમય પદ્માવતી માચી પર વ્યતિત કરે છે. પાલી દરવાજો રાજમાર્ગ હોવાથી બુરજ પર જવા માટે પગથિયાં છે. નીચેના અને ઉપરના એવા બે મુખ્ય દરવાજા છે. ઉપરના દરવાજાના બુરજ પરથી નીચેનો સંપૂર્ણ માર્ગ નિરીક્ષણ હેઠળ આવે છે. પ્રવેશદ્વારોનું સંરક્ષણ ઉચ્ચ બુરજોએ કર્યું છે. દરવાજામાંથી અંદર પ્રવેશતાં બન્ને બાજુએ પહેરેદારોની ઓસરી છે. આ દરવાજા ગઢ ઉપર આવવા પર આપણે પદ્માવતી માચી પર પહોંચી જઈએ છીએ.

## જોવા જેવાં બીજાં સ્થળો

- **પદ્માવતી તળાવઃ** પદ્માવતી માચી પર સુઘડ બાંધણીનું વિશાળ એવું તળાવ છે. તળાવની દીવાલ સાબૂત છે. તળાવમાં જવા માટે એની દીવાલોમાં જ એક કમાન તૈયાર કરવામાં આવી છે.
- **ગુંજવણે દરવાજોઃ** આ દરવાજો એટલે ત્રણ પ્રવેશદ્વારોની એક શ્રેણી છે. પહેલો દરવાજો ઊંચો હોવા છતાં એ મજબૂત છે. બીજા પ્રવેશદ્વારને વિશિષ્ટ રીતે કમાન છે. એની કોતરણી જોવા જેવી છે. આ પ્રવેશદ્વારમાંથી અંદર આવતાં પદ્માવતી માચી આવે છે.
- **આળૂ દરવાજોઃ** સંજીવની માચી પર આવનારા માટે આ માર્ગ હતો. તોરણાથી રાજગઢ પર આ જ માર્ગ પરથી આવી શકાતું.

## બાલેકિલ્લો

આ રાજગઢનો સૌથી ઊંચો ભાગ. આ કિલ્લા તરફ જનારો રસ્તો કઠિન અને સાંકડો છે. ચઢાણ પૂરું થયા પછી એનો મહાદરવાજો લાગે છે. છ મીટર ઊંચા પ્રવેશદ્વાર પર કમળ, સ્વસ્તિકનાં ચિહ્નો કોતરેલાં છે. કિલ્લાને દીવાલ બાંધી હોવાથી વિશેષ અંતર પર બુરજ પણ છે. દરવાજાથી અંદર જતાં જનનીમંદિર, ચંદ્રતળાવ છે. તળાવની સામે ઉત્તર બુરજ છે. આ ભાગથી સંપૂર્ણ રાજગઢનો પરિસર દેખાય છે. આ ઉત્તર બુરજની બાજુમાં બ્રહ્મર્ષિ ઋષિનું મંદિર છે. કિલ્લા પર કેટલીક જર્જરિત અવસ્થાની ઈમારત, ચોતરો, વાડાના અવશેષ જોવા મળે છે.



## ગઢ પર જવાનો માર્ગ

**ગુપ્ત દરવાજોઃ** વાજેઘર ગામમાં ઊતરીને રાજગઢ પર જઈ શકાય. બાબુદા ચોકથી એક કલાકના અંતર પર રેલિંગ છે. રેલિંગની સહાયથી રાજગઢ જઈ શકાય.

**પાલી દરવાજોઃ** પુણે-વેલ્હે એસટીથી વેલ્હે માર્ગથી પાબે ગામમાં ઊતરવું. કાનદ નદી પાર કરીને પાલી દરવાજા પહોંચી શકાય. આ માર્ગ પગથિયાંવાળો છે એટલે સૌથી સરળ રસ્તો છે. આ માર્ગથી ગઢ પર જતાં ત્રણ કલાક લાગે છે.

**ગુંજવણે દરવાજોઃ** પુણે-વેલ્હે રસ્તા પર માર્ગાસની ગામ ઊતરીને સાખર માર્ગથી ગુંજવણે ગામ જઈ શકાય. આ માર્ગ જરા અગવડવાળો છે એટલે સાથે ભોમિયો હોય તો સારું.

**રહેવાની વ્યવસ્થાઃ** ગઢ પર પદ્માવતી મંદિરમાં રહી શકાય ઉપરાંત પર્યટક નિવાસના ઓરડાઓ છે. જમવાની વ્યવસ્થા તમારે જાતે કરવી પડે. ગઢ પર પાણીની ટાંકીઓ હોવાથી બારેમાસ પાણી હોય છે.

## ગઢ જોતાં જોતાં...

રાજગઢ એ અત્યંત સુંદર ગઢ છે. આ કિલ્લાએ મોટો ઈતિહાસ જોયો છે. એના લીધે ગઢ પર જતી વખતે આજુબાજુ નિરીક્ષણ કરતા જવું. ગઢની રચના અત્યંત સુંદર અને વ્યૂહાત્મક છે. એના લીધે શિવાજી મહારાજની દૂરદૃષ્ટિનાં દર્શન થાય છે. શત્રુઓએ રાજગઢનું વર્ણન અત્યંત અવગડવાળો ગઢ અને અજિંક્ય એવું કર્યું છે. રાજગઢ પરની દીવાલો એ અનેકો માટે કુતૂહલનો વિષય છે. ગઢનો ઘેરાવ ઘણો મોટો હોવાથી ગઢનો ઘેરાવ કરવો શત્રુ માટે અશક્ય હતું. એમાં જ મુશ્કેલ રસ્તો, ગાઢ જંગલ, ઊંચામાં ઊંચા કડાઓ, દીવાલો અને શત્રુને પરાસ્ત કરવાની દુર્ગરચનાને લીધે આ કિલ્લાઓનો રાજા છે એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

**લેખક દૈ. સકાળમાં પત્રકાર છે.**


# પ્રધાનમંડળ

| પ્રધાન | ખાતાં | કાર્યાલયનું સરનામું | પાલકપ્રધાન |
|---|---|---|---|
| શ્રી ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે, મુખ્ય પ્રધાન | સામાન્ય પ્રશાસન, માહિતી તંત્રજ્ઞાન, માહિતી અને જનસંપર્ક, કાયદો અને ન્યાય અને અન્ય ખાતાં, જે કોઈ પ્રધાનને ફાળવવામાં આવ્યાં ન હોય. | મંત્રાલય મુખ્ય ઈમારત, છઠ્ઠો માળ, રૂમ નંબર-૬૦૧ | -- |
| શ્રી અજિત અનંતરાવ પવાર, નાયબ મુખ્ય પ્રધાન | નાણાં, આયોજન | મંત્રાલય મુખ્ય ઈમારત, છઠ્ઠો માળ, (ઉત્તર બાજુ) | પુણે |
| શ્રી સુભાષ રાજારામ દેસાઈ | ઉદ્યોગ, ખનિજકામ, મરાઠી ભાષા | મંત્રાલય મુખ્ય ઈમારત, પાંચમો માળ, (મધ્યભાગે) રૂમ નંબર-૫૦૨ | ઔરંગાબાદ |
| શ્રી અશોક શંકરરાવ ચવ્હાણ | સાર્વજનિક બાંધકામ (સાર્વજનિક ઉપક્રમ છોડીને) | મંત્રાલય વિસ્તારિત ઈમારત, બીજો માળ, રૂમ નંબર-૨૦૫થી ૨૦૭ | નાંદેડ |
| શ્રી છગન ચંદ્રકાંત ભુજબળ | અન્ન, નાગરી પુરવઠો અને ગ્રાહક સંરક્ષણ | મંત્રાલય મુખ્ય ઈમારત, બીજો માળ, (મધ્યભાગે) રૂમ નંબર-૨૦૨ | નાસિક |
| શ્રી દિલીપ દત્તાત્રય વળસે-પાટીલ | કામગાર, રાજ્ય ઉત્પાદન શુલ્ક | મંત્રાલય વિસ્તારિત ઈમારત, પાંચમે માળ, રૂમ નંબર-૫૦૭ | સોલાપુર |
| શ્રી જયંત રાજારામ પાટીલ | જળસંપદા અને લાભક્ષેત્ર વિકાસ | મંત્રાલય વિસ્તારિત ઈમારત, છઠ્ઠો માળ, રૂમ નંબર-૬૦૭ | સાંગલી |
| શ્રી અનિલ વસંતરાવ દેશમુખ | ગૃહ | મંત્રાલય મુખ્ય ઈમારત, પહેલો માળ, રૂમ નંબર-૧૦૧ | ગોંદિયા |
| શ્રી વિજય ઉર્ફે બાળાસાહેબ ભાઉસાહેબ થોરાત | મહેસૂલ | મંત્રાલય વિસ્તારિત ઈમારત, પહેલો માળ, રૂમ નંબર-૧૦૮ | - - - |
| ડૉ. રાજેન્દ્ર ભાસ્કરરાવ શિંગણે | અન્ન અને ઔષધ પ્રશાસન | મંત્રાલય મુખ્ય ઈમારત, પહેલો માળ, રૂમ નંબર-૧૦૩ | બુલઢાણા |
| શ્રી રાજેશ અંકુશરાવ ટોપે | સાર્વજનિક આરોગ્ય અને કુટુંબ કલ્યાણ | મંત્રાલય મુખ્ય ઈમારત, ચોથા માળે, રૂમ નંબર-૪૦૩ | જાલના |
| શ્રી નવાબ મોહમ્મદ ઈસ્લામ મલિક | અલ્પસંખ્યાંક વિકાસ અને વક્ફ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોજકતા | મંત્રાલય મુખ્ય ઈમારત, બીજો માળ, રૂમ નંબર-૨૦૩ | પરભણી |
| શ્રી હસન મિયાલાલ મુશ્રીફ | ગ્રામવિકાસ | મંત્રાલય મુખ્ય ઈમારત, ત્રીજા માળે, મધ્યબાજુ, રૂમ નંબર-૩૦૨ | અહમદનગર |
| ડૉ. નીતિન કાશિનાથ રાઉત | ઊર્જા | મંત્રાલય મુખ્ય ઈમારત, ચોથા માળે, મધ્ય બાજુ રૂમ નંબર-૪૦૨ | નાગપુર |
| શ્રીમતી વર્ષા એકનાથ ગાયકવાડ | શાળાકીય શિક્ષણ | મંત્રાલય મુખ્ય ઈમારત, ત્રીજા માળે, રૂમ નંબર-૩૦૩ | હિંગોલી |
| ડૉ. જિતેન્દ્ર સતીશ આવ્હાડ | ગૃહનિર્માણ | મંત્રાલય વિસ્તારિત ઈમારત, બીજો માળ, રૂમ નં. ૨૦૧,૨૦૨,૨૧૨ | - - - |
| શ્રી એકનાથ સંભાજી શિંદે | નગરવિકાસ, સાર્વજનિક બાંધકામ (સાર્વજનિક ઉપક્રમ) | મંત્રાલય વિસ્તારિત ઈમારત, ત્રીજા માળે, રૂમ નં. ૩૦૨થી ૩૦૭ | થાણે અને ગઢચિરોલી |
| શ્રી સુનીલ છત્રપાલ કેદાર | પશુસંવર્ધન, દુગ્ધ વ્યવસાય વિકાસ, ક્રીડા અને યુવક કલ્યાણ | મંત્રાલય મુખ્ય ઈમારત, બીજો માળ, રૂમ નંબર-૨૦૧ | વર્ધા |
| શ્રી વિજય નામદેવરાવ વડેટ્ટીવાર | અન્ય પછાત વર્ગ, સામાજિક અને શૈક્ષણિક પછાત પ્રવર્ગ, વિમુક્ત જાતિ, ભટકતી જમાત અને વિશેષ પછાત પ્રવર્ગ કલ્યાણ, ક્ષાર જમીન વિકાસ, આપદગ્રસ્ત વ્યવસ્થાપન, મદદ અને પુનર્વસન | મંત્રાલય મુખ્ય ઈમારત, ત્રીજો માળ, રૂમ નંબર-૩૦૧ | ચંદ્રપુર |
| શ્રી અમિત વિલાસરાવ દેશમુખ | તબીબી શિક્ષણ, સાંસ્કૃતિક કામકાજ | મંત્રાલય મુખ્ય ઈમારત, ચોથો માળ, રૂમ નંબર-૪૦૧ | લાતુર |
| શ્રી ઉદય રવીન્દ્ર સામંત | ઉચ્ચ અને તંત્ર શિક્ષણ | મંત્રાલય મુખ્ય ઈમારત, પાંચમો માળ, રૂમ નંબર-૫૦૧ | સિંધુદુર્ગ |
| શ્રી દાદાજી દગડુ ભુસે | કૃષિ, માજી સૈનિક કલ્યાણ | મંત્રાલય વિસ્તારિત ઈમારત, ચોથો માળ, રૂમ નંબર-૪૦૭ | પાલઘર |
| શ્રી સંજય દુલિચંદ રાઠોડ | વન, ભૂકંપ પુનર્વસન | મંત્રાલય વિસ્તારિત ઈમારત, છઠ્ઠો માળ, રૂમ નંબર-૬૦૧ | યવતમાળ |
| શ્રી ગુલાબરાવ રઘુનાથ પાટીલ | પાણી પુરવઠો અને સ્વચ્છતા | મંત્રાલય મુખ્ય ઈમારત, ભોંયતળીયે (૧) | જળગાંવ |
| ઍડ. કે.સી. પાડવી | આદિવાસી વિકાસ | મંત્રાલય વિસ્તારિત ઈમારત, પાંચમો માળ, રૂમ નંબર-૫૦૨ | નંદુરબાર |
| શ્રી સંદિપાનરાવ આસારામ ભુમરે | રોજગાર બાંયધરી, ફળોત્પાદન | મંત્રાલય વિસ્તારિત ઈમારત, ત્રીજો માળ, રૂમ નંબર-૩૧૬ | ---- |

| પ્રધાન | ખાતાં | કાર્યાલયનું સરનામું | પાલકપ્રધાન |
|---|---|---|---|
| શ્રી શ્યામરાવ ઉર્ફે બાળાસાહેબ પાંડુરંગ પાટીલ | સહકાર, પણન (માર્કેટિંગ) | મંત્રાલય વિસ્તારિત ઈમારત, બીજો માળ, રૂમ નંબર-૨૪૧ | સાતારા |
| ઍડ. અનિલ દત્તાત્રય પરબ | પરિવહન, સંસદીય કામકાજ | મંત્રાલય મુખ્ય ઈમારત, પાંચમો માળ, રૂમ નંબર-૫૦૩ | રત્નાગિરિ |
| શ્રી અસ્લમ રમઝાન અલી શેખ | વસ્ત્રોદ્યોગ, મત્સ્ય વ્યવસાય, બંદર વિકાસ | મંત્રાલય વિસ્તારિત ઈમારત, ચોથો માળ, રૂમ નંબર-૪૦૨ | મુંબઈ શહેર |
| ઍડ. યશોમતી ઠાકુર (સોનાવણે) | મહિલા અને બાળવિકાસ | મંત્રાલય વિસ્તારિત ઈમારત, પાંચમો માળ, રૂમ નંબર-૫૪૦ | અમરાવતી |
| શ્રી શંકરરાવ યશવંતરાવ ગડાખ | મૃદ અને જળસંધારણ | મંત્રાલય વિસ્તારિત ઈમારત, પહેલો માળ, રૂમ નંબર-૧૧૫,૧૧૭ | ઉસ્માનાબાદ |
| શ્રી ધનંજય પંડિતરાવ મુંડે | સામાજિક ન્યાય અને વિશેષ સહાય | મંત્રાલય મુખ્ય ઈમારત, પહેલો માળ, રૂમ નંબર-૧૦૨ | બીડ |
| શ્રી આદિત્ય ઉદ્ધવ ઠાકરે | પર્યટન, પર્યાવરણ, રાજશિષ્ટાચાર | મંત્રાલય મુખ્ય ઈમારત, સાતમો માળ, રૂમ નંબર-૭૧૭ | મુંબઈ ઉપનગર |


| રાજ્યકક્ષાના પ્રધાન | ખાતાં | કાર્યાલયનું સરનામું | પાલક પ્રધાન |
|---|---|---|---|
| શ્રી અબ્દુલ નબી સત્તાર | મહેસૂલ, ગ્રામવિકાસ, બંદર, ક્ષાર જમીન વિકાસ, વિશેષ સહાય | મંત્રાલય વિસ્તારિત ઈમારત, ત્રીજો માળ, રૂમ નંબર-૩૪૦ | ધુળે |
| શ્રી સતેજ ઉર્ફે બંટી ડી. પાટીલ | ગૃહ (શહેર), ગૃહનિર્માણ, પરિવહન, માહિતી તંત્રજ્ઞાન, સંસદીય કામકાજ, માજી સૈનિક કલ્યાણ | મંત્રાલય વિસ્તારિત ઈમારત, પહેલો માળ, રૂમ નંબર-૧૩૯ | કોલ્હાપુર |
| શ્રી શંભુરાજ શિવાજીરાવ દેસાઈ | ગૃહ (ગ્રામીણ), નાણાં, આયોજન, રાજ્ય ઉત્પાદન શુલ્ક, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોજક્તા, પણન | વિધાનભવન | વાશિમ |
| શ્રી ઓમપ્રકાશ ઉર્ફે બચ્ચુ બાબારાવ કડૂ | જળસંપદા અને લાભક્ષેત્ર વિકાસ, શાળાકીય શિક્ષણ, મહિલા અને બાળવિકાસ, અન્ય પછાત વર્ગ, સામાજિક અને શૈક્ષણિક પછાત પ્રવર્ગ, વિમુક્ત જાતિ, ભટકતી જમાત અને વિશેષ પછાત પ્રવર્ગ કલ્યાણ, કામગાર | વિધાનભવન | અકોલા |
| શ્રી દત્તાત્રય વિઠોબા ભરણે | સાર્વજનિક બાંધકામ (સાર્વજનિક બાંધકામ છોડીને), મૃદ અને જળસંધારણ, વન, પશુસંવર્ધન. દુગ્ધ વ્યવસાય વિકાસ અને મત્સ્યવ્યવસાય, સામાન્ય પ્રશાસન | મંત્રાલય વિસ્તારિત ઈમારત, સાતમો માળ, રૂમ નંબર-૭૦૦ અને ૭૦૧ | -- |
| ડૉ. વિશ્વજિત પતંગરાવ કદમ | સહકાર, કૃષિ, સામાજિક ન્યાય, અન્ન, નાગરી પુરવઠો અને ગ્રાહક સંરક્ષણ, અલ્પસંખ્યાંક વિકાસ અને વકફ, મરાઠી ભાષા | મંત્રાલય વિસ્તારિત ઈમારત, સાતમો માળ, રૂમ નંબર-૭૦૩, ૭૦૪ | ભંડારા |
| શ્રી રાજેન્દ્ર શ્યામગોંડા પાટીલ-યડ્રાવકર | સાર્વજનિક આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, તબીબી શિક્ષણ, અન્ન અને ઔષધ પ્રશાસન, વસ્ત્રોદ્યોગ, સાંસ્કૃતિક કામકાજ | વિધાનભવન | --- |
| શ્રી સંજય બાબુરાવ બનસોડે | પર્યાવરણ, પાણી પુરવઠો અને સ્વચ્છતા, સાર્વજનિક બાંધકામ (સાર્વજનિક ઉપક્રમ), રોજગાર બાંયધરી, ભૂકંપ પુનર્વસન, સંસદીય કામકાજ | વિધાનભવન | ---- |
| શ્રી પ્રાજક્ત પ્રસાદરાવ તનપુરે | નગરવિકાસ, ઊર્જા, આદિવાસી વિકાસ, ઉચ્ચ અને તંત્ર શિક્ષણ, આપત્તિ વ્યવસ્થાપન, મદદ અને પુનર્વસન | વિધાનભવન | ----- |
| કુમારી આદિતિ સુનીલ તટકરે | ઉદ્યોગ, ખનિજકામ, પર્યટન, ફળોત્પાદન, ક્રીડા અને યુવક કલ્યાણ, રાજ શિષ્ટાચાર, માહિતી અને જનસંપર્ક | મંત્રાલય મુખ્ય ઈમારત, ભોંયતળિયે (૨) | રાયગઢ |

સંદર્ભ: www.maharashtra.gov.in ૪ ફેબ્રુઆરી, ૨૦૨૦










सत्यमेव जयते
महाराष्ट्र शासन

# લોકરાજ્ય

એબીસીએ લગાવી અધિકૃત મહોર

## દેશનું સર્વાધિક વેચાતું માસિક

'એબીસીની અધિકૃત મોહર'

## લોકરાજ્ય (મરાઠી)

# ૬,૨૯,૭૯૨

| | |
|---|---|
| અન્નદાતા (તેલુગૂ)<br>૩,૪૩,૩૬૬ | વનિતા (મલ્યાલમ)<br>૩,૪૦,૯૮૦ |
| ગૃહલક્ષ્મી (હિંદી)<br>૩,૦૪,૨૦૩ | મલ્યાલમ મનોરમા (મલ્યાલમ)<br>૨,૪૧,૧૯૩ |

માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય, મહારાષ્ટ્ર સરકાર

# શિવભોજન

महाराष्ट्र शासन

## ગરીબ અને જરૂરિયાતમંદ માટે આહાર




**૧૦ રૂપિયામાં ભોજન**

- જિલ્લા હૉસ્પિટલો, બસ-સ્થાનક, રેલવે પરિસર, બજાર, સરકારી કાર્યાલય પરિસર
- પહેલા તબક્કામાં ૫૦ ઠેકાણે
- બપોરે ૧૨:૦૦થી ૨:૦૦



**શ્રી અજિત પવાર**
મા. નાયબ મુખ્ય પ્રધાન



**શ્રી છગન ભુજબળ**
મા. પ્રધાન
અન્ન, નાગરી પુરવઠા
અને ગ્રાહક સંરક્ષણ



**ડૉ. વિશ્વજિત કદમ**
રાજ્યકક્ષાના પ્રધાન
અન્ન, નાગરી પુરવઠા
અને ગ્રાહક સંરક્ષણ



**શ્રી ઉદ્ધવ ઠાકરે**
મા. મુખ્ય પ્રધાન

Visit: www.mahanews.gov.in | Follow Us: /MahaDGIPR | Like Us: /MahaDGIPR | Subscribe Us: /MaharashtraDGIPR



RNI No. 31910/77
O.I.G.S. ભારત સરકારની સેવામાં


**લોકરાજ્ય**

If undelivered, please return to:


**અનિલ આલૂરકર**
ઉપસંચાલક (પ્રકાશન)
માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય મહારાષ્ટ્ર સરકાર,
ઠાકરસી હાઉસ, બીજે માળે, મુંબઈ પોર્ટ ટ્રસ્ટ હાઉસ,
શુરજી વલ્લભભાઈ માર્ગ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ-૪૦૦૦૦૧


प्रति/ To,


Lokrajya monthly magazine is printed and published on behalf of Government of Maharashtra by Anil Aloorkar, Deputy Director (Publication) Director, Directorate General of Information and Public Releations, Mantralaya, Mumbai. Printed ad Vrushaali printers, Jyoti Industrial Estate, Nooribaug Dargah Road, Thane (West), Published ad Directroate General of Information and Public Relations, Mantralaya, Mumbai 400 032 Editor-In-Chief: **Dr. Dilip Pandharpatte**

લોકરાજ્ય માસિક પત્રિકા માહિતી અને જનસંપર્ક મહાનિર્દેશનાલય, મહારાષ્ટ્ર સરકાર, મંત્રાલય, મુંબઈ વતીથી મુદ્રક અને પ્રકાશક શ્રી અનિલ આલૂરકર, ઉપસંચાલક (પ્રકાશન)એ વૃષાલી પ્રિન્ટર્સ, જ્યોતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નુરીબાગ દરગાહ રોડ, થાણે (પ) ૪૦૦ ૬૦૧થી છાપીને માહિતી અને જનસંપર્ક મહાનિર્દેશનાલય, મહારાષ્ટ્ર સરકાર, મંત્રાલય, મુંબઈ ૪૦૦ ૦૩૨થી પ્રકાશિત કર્યું.

- મુખ્ય સંપાદક: ડૉ. દિલીપ પાંઢરપટ્ટે